પાના ૮, કિંમત રૂ.૨, તા. ૦૬-૦૨-૨૦૨૬-શુક્રવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૧ ● અંક : ૪૮ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11

# રિઝર્વ બેંક દ્વારા વ્યાજ દર ૫.૨૫ ટકા યથાવત

## રિઝર્વ બેંકે ગત વર્ષ ૨૦૨૫માં ચાર વખતમાં તબક્કાવાર ૧.૨૫ ટકાનો ઘટાડો કર્યો હતો

નવી દિલ્હી, તા. ૬

આ વખતે રેપો રેટમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. એને ૫.૨૫% પર યથાવત્ રાખવામાં આવ્યો છે, એટલે કે લોન મોંઘી નહીં થાય અને તમારો ઈઁ પણ વધશે નહીં. RBI ગવર્નર સંજય મલ્હોત્રાએ આજે ૬ ફેબ્રુઆરીના રોજ મોનેટરી પોલિસી કમિટીની બેઠકમાં લેવાયેલા નિર્ણયોની જાણકારી આપી.

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા, એટલે કે RBIએ ડિસેમ્બરમાં વ્યાજદર ૦.૨૫% ઘટાડીને ૫.૨૫% કર્યા હતા. RBI જે દરે બેંકોને લોન આપે છે એને રેપો રેટ કહેવાય છે. જ્યારે RBI રેપો રેટ ઘટાડે છે, ત્યારે બેંકોને સસ્તી લોન મળે છે અને તેઓ આ લાભ ગ્રાહકો સુધી પહોંચાડે છે.

RBI જે વ્યાજદરે બેંકોને લોન આપે છે એને રેપો રેટ કહેવાય છે. રેપો રેટમાં ઘટાડાને કારણે બેંકને ઓછા વ્યાજદરે લોન મળશે. બેંકોને લોન સસ્તી મળે છે, તો તેઓ ઘણીવાર એનો ફાયદો ગ્રાહકોને આપે છે, એટલે કે બેંકો પણ તેમના વ્યાજદરો ઘટાડે છે.

RBIના મતે, મોંઘવારી અંગે સ્થિતિ હાલમાં રાહતભરી રહી છે. ગવર્નર સંજય મલ્હોત્રાએ જણાવ્યું હતું કે નાણાકીય વર્ષ ૨૦૨૬ માટે રિટેલ મોંઘવારી ૨.૧% રહેવાનો અંદાજ છે.

નાણાકીય વર્ષ ૨૦૨૭ના પ્રથમ ત્રિમાસિક ગાળા (Q૧)માં મોંઘવારી દર ૪% રહેવાનો અંદાજ છે.

બીજા ત્રિમાસિક ગાળા (Q૨)માં મોંઘવારી દર ૪.૨% રહેવાની ધારણા છે.

નાણાકીય વર્ષ ૨૦૨૬ના ચોથા ત્રિમાસિક ગાળા (Q૪) માટે, એ ૩.૨% રહેવાનો અંદાજ છે.આ આંકડા દર્શાવે છે કે ટૂંકા ગાળામાં ભાવમાં થોડો વધારો થઈ શકે છે, પરંતુ એકંદર ફુગાવો RBIની નિર્ધારિત મર્યાદામાં રહેશે.

મલ્હોત્રાએ એ વાત પર ભાર મૂક્યો કે મોંઘવારીનું દબાણ હાલમાં ઓછું છે. ફક્ત કીમતી ધાતુઓ પર જ થોડી અસર જોવા મળી રહી છે, કારણ કે એના વૈશ્વિક ભાવ અસ્થિર રહે છે. મોટાભાગની અન્ય ચીજવસ્તુઓના ભાવ કાબૂમાં છે.

ભવિષ્યની યોજના અંગે તેમણે કહ્યું હતું કે RBI એપ્રિલમાં તેના આગામી પોલિસી સ્ટેટમેન્ટમાં તેના સંપૂર્ણ વર્ષના CPI મોંઘવારી દરનો અંદાજ રજૂ કરશે, ત્યાં સુધી નવી સિરીઝમાંથી વધુ ડેટા પણ મળી થશે.

મોનેટરી પોલિસી કમિટીમાં ૬ સભ્ય હોય છે. એમાંથી ૩ RBIના હોય છે, જ્યારે બાકીના કેન્દ્ર સરકાર દ્વારા નિયુક્ત કરવામાં આવે છે. RBIની મિટિંગ દર બે મહિને થાય છે. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં મોનેટરી પોલિસી કમિટીની કુલ ૬ બેઠક યોજાઈ હતી. પ્રથમ બેઠક ૭-૯ એપ્રિલ ૨૦૨૫ના રોજ થઈ હતી.



# સંસદની બહાર વિપક્ષી દળો દ્વારા વિરોધ પ્રદર્શન યોજાયું

## ટ્રેડ ડીલને ટ્રેપ ડીલ ગણાવતો વિપક્ષ

નવી દિલ્હી, તા. ૬

લોકસભાની કાર્યવાહી શરૂ થતાં જ વિપક્ષના સાંસદોએ હોબાળો મચાવ્યો. આ પછી, લોકસભા અધ્યક્ષે કહ્યું, ગૃહની મર્યાદાનું ઉલ્લંઘન ન કરો. વિપક્ષના સૂત્રોચ્ચાર બંધ ન થતાં, કાર્યવાહી ૧૨ વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી.આ પહેલા, વિપક્ષના સાંસદો સંસદની બહાર વિરોધ પ્રદર્શન કરતા દેખાયા હતા, જેમાં તેમના હાથમાં ટ્રેડ ડીલને ટ્રેપ ડીલ ગણાવતા પોસ્ટરો હતા.



ગુરુવારે લોકસભા અને રાજ્યસભામાં રાષ્ટ્રપતિના અભિભાષણ પર આભાર પ્રસ્તાવ હોબાળા વચ્ચે પસાર કરવામાં આવ્યો. લોકસભામાં ૨૦૦૪ પછી પહેલીવાર આ પ્રસ્તાવ વડાપ્રધાનના ભાષણ વિના પસાર થયો છે. જ્યારે રાજ્યસભામાં પીએમ નરેન્દ્ર મોદીના ભાષણ પછી પ્રસ્તાવ પસાર થયો.મોદીએ રાજ્યસભામાં ૯૭ મિનિટનું ભાષણ આપ્યું. વિપક્ષના સાંસદોએ ભાષણની શરૂઆતમાં અહીં પણ હોબાળો કર્યો અને પછી વોકઆઉટ કરી ગયા. વિપક્ષ સતત ૪ દિવસથી બંને ગૃહોમાં હોબાળો કરી રહ્યો છે.તેમનો આરોપ છે કે લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીને ભાષણ આપવા દેવામાં આવ્યું ન હતું. સાથે જ વિપક્ષના ૮ સાંસદોને સસ્પેન્ડ કરવા સામે પણ વિરોધ થઈ રહ્યો છે. આજે પણ હોબાળાની શક્યતા છે.લોકસભાની કાર્યવાહી શરૂ થતાં જ વિપક્ષના સાંસદોએ હોબાળો મચાવ્યો. આ પછી, લોકસભા અધ્યક્ષે કહ્યું, "ગૃહની શિષ્ટાચારનું ઉલ્લંઘન ન કરો."

સૂત્રોચ્ચાર બંધ ન થતાં, કાર્યવાહી ૧૨ વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી.

૫ ફેબ્રુઆરી: લોકસભામાં PMના ભાષણ વિના આભાર પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો; PMએ રાજ્યસભામાં ૯૭ મિનિટનું ભાષણ આપ્યું

બજેટ સત્રના સાતમા દિવસે ભારે હોબાળા વચ્ચે લોકસભાએ રાષ્ટ્રપતિના અભિભાષણ પર આભાર પ્રસ્તાવ પસાર કર્યો. ૨૦૦૪ પછી આ પહેલી વાર છે જ્યારે વડાપ્રધાનના ભાષણ વિના આ પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો છે. ગુરુવારે રાજ્યસભામાં આભાર પ્રસ્તાવ પર પ્રધાનમંત્રીએ લગભગ ૯૭ મિનિટનું ભાષણ આપ્યું. ભાષણની શરૂઆતમાં વિપક્ષી સાંસદોએ હોબાળો મચાવ્યો અને પછી વોકઆઉટ કર્યું.

લોકસભામાં ભાજપના સાંસદ નિશિકાંત દુબેએ ગાંધી પરિવાર અને કોંગ્રેસ પર લખેલા પુસ્તકો

અનુસંધાન પાના ૭ પર

# જલંધરમાં આપ નેતા લક્કી ઓબેરોય પર ગુરુદ્વારા બહાર કરાયેલો ગોળીબાર

## બે હુમલા ખોરોએ કરેલા ચાર રાઉન્ડ ફાયરિંગમાં ત્રણ ગોળી લક્કીને વાગતા મોત

નવી દિલ્હી, તા. ૬

જલંધરમાં આમ આદમી પાર્ટી (AAP)ના નેતા લક્કી ઓબેરોય પર ગુરુદ્વારાની બહાર ધડાધડ ફાયરિંગ કરવામાં આવ્યું. તેઓ આજે સવારે ૭:૧૫ વાગ્યે મોડલ ટાઉનના ગુરુદ્વારામાં માથું ટેકવવા પહોંચ્યા હતા. ત્યારબાદ, જેવા તેઓ ગુરુદ્વારામાંથી બહાર નીકળીને પોતાની ગાડીમાં બેસવા લાગ્યા, તે જ સમયે એક્ટિવા પર આવેલા બે યુવકોમાંથી એકે ગોળીઓ ચલાવવાનું શરૂ કરી દીધું.

હુમલાખોરોએ તેમના પર ૪ ગોળીઓ ચલાવી, જેનાથી તેમની થારના કાચ તૂટીને ચકનાચૂર થઈ ગયા. લક્કી ઓબેરોયને ૩ ગોળીઓ વાગી. ત્યારબાદ પરિવારના સભ્યો તેમને પહેલા ગંભીર હાલતમાં મોડલ ટાઉનની ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા.

આ હોસ્પિટલના ડોકટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા, પરંતુ પરિવારને વિશ્વાસ ન થયો અને શહેરની શ્રીરામ હોસ્પિટલમાં લઈ ગયા. અહીં ડોકટરોએ તેમની હાલત ગંભીર જણાવી છે. ઓબેરોયની સારવાર ચાલુ છે. બીજી તરફ, એડીસીપી જયંત પરીએ જણાવ્યું કે પોલીસે સમગ્ર વિસ્તારને સીલ કરી દીધો છે અને બદમાશોની ધરપકડ માટે દરોડા પાડવામાં આવી રહ્યા છે.

મળતી માહિતી મુજબ, લક્કી આજે સવારે ૭:૧૫ વાગ્યે રોજની જેમ ગુરુદ્વારામાં માથું ટેકવવા આવ્યા હતા. આ દરમિયાન ગુરુદ્વારાની બહાર હુમલાખોરોએ તેમના પર અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો. ઘટનાની જાણ થતા જ મોટી સંખ્યામાં પોલીસ દળ ઘટનાસ્થળે પહોંચી ગયું હતું.

પોલીસે સમગ્ર વિસ્તારને ઘેરીને સીલ કરી દીધો હતો અને સુરક્ષા વ્યવસ્થા કડક કરી દેવામાં આવી હતી. હુમલાખોરોની ઓળખ માટે આસપાસ લાગેલા CCTV કેમેરાના ફૂટેજ તપાસવામાં આવી રહ્યા છે. પોલીસ અધિકારીઓનું કહેવું છે કે કેસની તમામ પાસાઓથી તપાસ

અનુસંધાન પાના ૭ પર

# સાયબર છેતરપિંડમાં નાણાં ગુમાવનારને વળતર મળશે

## સાયબર ફ્રોડમાં રૂ. ૨૫ હજાર સુધીનું વળતર આપવા રીઝર્વ બેંકની જાહેરાત

મુંબઇ, તા.૬

હાલમાં જ જાહેર થયેલા કેન્દ્ર સરકારના બજેટ અને અમેરિકા સાથેની વ્યાપાર સમજૂતીથી દેશમાં સર્જાયેલ એક પોઝીટીવ અર્થતંત્રના સંકેત વચ્ચે રીઝર્વ બેન્કે આજે તેમની દ્વિમાસિક ધિરાણ નીતિમાં વ્યાજદર ૫.૨૫ ટકા યથાવત રાખ્યો છે.

દેશમાં ફુગાવાની સ્થિતિ સંતોષકારક હોવાની તથા અન્ય તમામ બેઝીક માપદંડોમાં કોઇ મહત્વપૂર્ણ ફેરફાર થયા ન હોવાથી આરબીઆઇએ હાલ અર્થતંત્ર માટે ટતસ્થ વલણ જાળવી રાખ્યું છે અને આર્થિક સર્વેમાં જણાવાયું હતું તે રીતે વિકાસ દર પણ ૭.૨ ટકા આસપાસ રહેશે તેવો આશાવાદ વ્યકત કર્યો છે જેના કારણે હાલ બેન્કોના ધિરાણ અને થાપણદરોમાં કોઇ ફેરફાર થશે નહીં તેવા સંકેત છે.

આરબીઆઇએ છેલ્લા એક વર્ષમાં ૧.૨૫ ટકા વ્યાજદરમાં ઘટાડો કર્યા બાદ હવે તેની પુરેપુરી અસર બેન્ક ગ્રાહકો સુધી પહોંચે તે જોવા માટે થોભો અને રાહ જુઓની નીતિ અપનાવી છે.

બીજી તરફ લીકવીડીટી વધારવા માટે અનેક ઉપાયો કર્યા છે. સાથોસાથ રિઝર્વ બેન્કે એક મહત્વની જાહેરાતમાં બેન્ક ગ્રાહકો સાથે થતાં સાઇબર ફ્રોડમાં રુા.૨૫ હજારનું વળતર બેન્ક ગ્રાહકને મળે તેવી નવી જોગવાઇ અમલમાં મુકી છે.

અનુસંધાન પાના ૭ પર

# 'પરિક્ષા પે ચર્ચા'માં મોદી બોલ્યા- સપના નહી જોવા એ તો ક્રાઈમ છે

## માત્ર કેરી જોતા રહેવાથી કેરી નથી મળતી : વડાપ્રધાન

નવી દિલ્હી, તા. ૬

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી શુક્રવારે સવારે ૧૦ વાગ્યે વાર્ષિક 'પરીક્ષા પે ચર્ચા' (PPC) કાર્યક્રમમાં દેશભરના વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરી. ૨૦૨૬ની આ ૯મી આવૃત્તિમાં પીએમ વિદ્યાર્થીઓને પરીક્ષા દરમિયાન તણાવ-મુક્ત રહેવામાં મદદ કરવા અને લર્નિંગ પર ધ્યાન કેન્દ્રિત કરવાની ટિપ્સ આપી.



૨૭ જાન્યુઆરીના રોજ પરીક્ષા પે ચર્ચાની ૯મી આવૃત્તિનો વીડિયો રિલીઝ થયો હતો, જેમાં પીએમ અલગ-અલગ સ્થળોએ બાળકો સાથે સવાલ-જવાબ કરતા જોવા મળ્યા હતા.પીએમ મોદીએ ૫ રાજ્યો દિલ્હી, કોઈમ્બતુર (તમિલનાડુ), રાયપુર (છત્તીસગઢ), દેવ મોગરા (ગુજરાત) અને ગુવાહાટી (આસામ)માં વિદ્યાર્થીઓ સાથે સીધી વાતચીત કરી છે.

અનુસંધાન પાના ૭ પર

# મુકબધિર યુવતી પર બળાત્કાર ડીએનએ ટેસ્ટમાં પિતા આરોપી

## મુંબઈના કેસમાં ૧૭ લોકોના ડીએનએ ટેસ્ટથી આરોપી ઓળખાયો

નવી દિલ્હી, તા. ૬

મુંબઈના કફ પરેડ વિસ્તારમાં એક ૨૦ વર્ષીય મૂકબધિર યુવતી પર બળાત્કારના કેસમાં ચોંકાવનારો ખુલાસો થયો છે. યુવતીની આસપાસ રહેતા જે ૧૭ લોકોના DNA સેમ્પલ લેવામાં આવ્યા હતા, તેમાંથી તેના પિતાનો જ ૄૄછ મેચ થયો છે.

આ મામલો સપ્ટેમ્બર ૨૦૨૫માં સામે આવ્યો હતો, જ્યારે યુવતીએ તેની દાદીને પેટમાં દુખાવાની ફરિયાદ કરી હતી. ઈશારા દ્વારા તેણે પેટમાં અજીબ હલચલ અનુભવાતી હોવાનું જણાવ્યું. ત્યારબાદ તેને મુંબઈની કામા એન્ડ અલ્બલેસ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી. મેડિકલ તપાસમાં જાણવા મળ્યું કે તે પાંચ મહિનાની ગર્ભવતી છે.

હોસ્પિટલ પ્રશાસને તરત જ પોલીસને આ મામલે જાણ કરી. પોલીસે જણાવ્યું કે પીડિતાનું ગર્ભપાત કરાવી દેવામાં આવ્યું હતું. જોકે, તેના ભ્રૂણનો DNA સેમ્પલ તપાસ માટે લેબમાં મોકલવામાં આવ્યો. ૨૭ જાન્યુઆરીએ ફોરેન્સિક રિપોર્ટ સામે આવ્યો.તેમાં પિતાના DNA અને ભ્રૂણમાંથી લેવાયેલા સેમ્પલ વચ્ચે મેચિંગની પુષ્ટિ થઈ. ત્યારબાદ ૩ ફેબ્રુઆરીએ પોલીસે પિતાની ધરપકડ કરી. પોલીસનું કહેવું છે કે બળાત્કારની ઘટનાઓ માર્ચથી સપ્ટેમ્બર ૨૦૨૫ વચ્ચે બની હતી.

અનુસંધાન પાના ૭ પર

# ઈરાનમાં રહેતા અમેરિકી લોકોને તત્કાલ દેશ છોડી દેવા ચેતવણી

## ઈરાનમાં સુરક્ષાની સ્થિતિ અત્યંત ખરાબ થઈ ગઈ : અમેરિકા

નવી દિલ્હી, તા. ૬

અમેરિકાએ ઈરાનમાં રહેતા તેના નાગરિકોને તાત્કાલિક દેશ છોડવાની સખત ચેતવણી આપી છે. અમેરિકી દૂતાવાસે કહ્યું છે કે દેશમાં સુરક્ષાની સ્થિતિ અત્યંત ખરાબ થઈ ગઈ છે. વધતી અશાંતિ, પ્રતિબંધો અને મુસાફરીમાં અવરોધો લોકોની સુરક્ષા માટે ગંભીર ખતરો બની રહ્યા છે.એમ્બેસીએ સ્પષ્ટ કહ્યું છે કે શક્ય તેટલી વહેલી તકે ઈરાન છોડી દો. તમારા નીકળવાની યોજના જાતે બનાવો અને તેમાં અમેરિકી સરકારની મદદ પર ભરોસો ન કરો. વર્તમાન પરિસ્થિતિમાં સત્તાવાર સહાય અત્યંત મર્યાદિત છે.

ઈરાનમાં દેશવ્યાપી વિરોધ પ્રદર્શનો અને અશાંતિને કારણે સુરક્ષા વ્યવસ્થા સઘન બની ગઈ છે. રસ્તાઓ બંધ છે, જાહેર પરિવહન ઠપ્પ છે, ઈન્ટરનેટ અને મોબાઈલ-લેન્ડલાઈન સેવાઓ વારંવાર ખોરવાઈ રહી છે. ઘણી એરલાઈન્સે ઈરાન આવતી-જતી ફ્લાઈટ્સને મર્યાદિત અથવા રદ કરી દીધી છે, જેનાથી બહાર નીકળવું વધુ મુશ્કેલ બન્યું છે.

અમેરિકી ચેતવણીમાં કહેવામાં આવ્યું છે કે જો તાત્કાલિક નીકળવું શક્ય ન હોય તો સુરક્ષિત જગ્યાએ રહો. ત્યાં ખોરાક, પાણી, દવાઓ અને જરૂરી સામાનનો સ્ટોક રાખો. ઈન્ટરનેટ બ્લેકઆઉટ ચાલુ રહેવાની સંભાવના છે, તેથી પરિવાર અને મિત્રો સાથે સંપર્ક માટે અન્ય રીતો વિચારો.

યુએસ એમ્બેસીએ ખાસ કરીને અમેરિકા-ઈરાન બેવડી નાગરિકતા ધરાવતા લોકો માટે વધુ ખતરો જણાવ્યો છે. ઈરાન બેવડી નાગરિકતાને માન્યતા આપતું નથી, તેથી આવા લોકો ઈરાની પાસપોર્ટથી જ બહાર નીકળી શકે છે.

અમેરિકી પાસપોર્ટ બતાવવો અથવા અમેરિકા સાથે સંબંધ દર્શાવવો ઈરાની અધિકારીઓ માટે

અનુસંધાન પાના ૭ પર

# ક્રિપ્ટો કરન્સીમાં બે ટ્રીલીયન ડોલરનું અભુતપૂર્વ ધોવાણ

## એક જ દિવસમાં ૧૦ ટકાનો કડાકો બોલતા ૨૦૨૪ પછીના સૌથી નીચા સ્તરે

મુંબઈ, તા. ૬

વૈશ્વિક ઘટનાક્રમો વચ્ચે મેટલ સહિતની કોમોડીટીમાં થઇ રહેલી ઉથલપાથલ વચ્ચે હવે બીટકોઇનમાં પણ જબરદસ્ત કડાકા રહ્યા છે અને આજે બીટકોઇનનો ભાવ ૬૦,૦૦૦ ડોલરની નજીક નીચે ઉતરી ગયો હતો. ઓકટોબર-૨૦૨૪ પછીનો સૌથી મોટો એક દિવસીય કડાકો નોંધાયો હતો અને ઈન્વેસ્ટરોના બે ટ્રીલીયન ડોલર ડૂબી ગયા હતા. વિશ્વની સૌથી મોટી ક્રિપ્ટો કરન્સી એવી બીટકોઇનમાં વધુ પ્રચંડ કડાકો નોંધાયો હતો અને ૬૩,૨૯૫.૭૫ ડોલર સાંપડયો હતો. જે ઓકટોબર-૨૦૨૪ પછીના સૌથી નીચલા સ્તરે છે. અમેરિકાની ચૂંટણીમાં ડોનાલ્ડ ટ્રમ્પના વિજય પૂર્વે ભાવ થયો હતો તેનાથી પણ નીચે ઉતરી ગયો છે.એક જ દિવસમાં ૧૨.૬ ટકાનો ઘટાડો નોંધાયો હતો. જે નવેમ્બર-૨૦૨૨ પછીનો સૌથી મોટો ઘટાડો છે. છેલ્લા ૨૪ કલાકમાં એક અબજ બીટકોઇનની પોઝીશન હળવી થઇ હતી. ગત ઓકટોબરના પ્રારંભે બીટકોઇનનું વેલ્યુએશન ૪.૩૭૯ ટ્રીલીયન ડોલરની ટોચ પર પહોંચ્યું હતું.

અનુસંધાન પાના ૭ પર

# સોના અને ચાંદીમાં મંદીનો દૌર ચાંદી રૂ.૯૩૦૦, સોનુ ૧૩૭૦ સસ્તુ

## ૧૨૦ ડોલરે પહોંચેલો ચાંદીનો ભાવ ૬૫ ડોલર પર સરકયો

નવી દિલ્હી, તા. ૬

સોના-ચાંદીના ભાવોમાં મંદીનો નવો દૌર શરૂ થયો હોય તેમ ફરી કડાકા-ભડાકા રહ્યા છે. આજે પણ સોના-ચાંદી વધુ ગગડયા હતા. ચાંદીનો ભાવ ગત મહિને ૧૨૦ ડોલરને આંબી ગયો હતો તે ૬૫ ડોલર સુધી સરકી ગયો છે. અર્થાત ભાવ અડધા જેટલા થઇ ગયા છે.

ભારતીય કોમોડીટી માર્કેટમાં આજે પ્રારંભિક કામકાજમાં ચાંદીનો ભાવ વધુ ૯,૩૦૦ તુટયો હતો અને ૨,૩૪,૫૦૦ સાંપડયો હતો. નીચામાં ૨,૨૯,૧૮૭ થયો હતો. વિશ્વ બજારમાં ભાવ એક તબકકે ૬૫ ડોલરની નીચે ઉતરી ગયો હતો જે છેલ્લા દોઢ મહિનાનો સૌથી નીચો ભાવ હતો.

ગઈકાલે ચાંદીનો વૈશ્વિક ભાવ ૧૯ ટકા ગગડયા બાદ આજે પણ ૩ ટકાથી વધુનો ઘટાડો સુચવતો હતો. આ જ રીતે વાયદામાં સોનુ ૧૩૭૦ રૂપિયા ઘટીને ૧,૫૦,૭૦૦ સાંપડયું હતું જે નીચામાં ૧,૪૯,૩૯૬ સુધી સરકયું હતું. વિશ્વબજારમાં ભાવ ગઈકાલે ૪ ટકા ગગડયા બાદ આજે એક તબકકે ૪૩૭૫ ડોલર સુધી નીચે ઉતરી ગયો હતો અને પછી રીકવર થયો હતો.

વૈશ્વિક સ્તરે ડોલરમાં જોરદાર વધઘટના કારણે મેટલ માર્કેટમાં તિવ્ર અસર વર્તાઇ રહી છે. અમેરિકી ડોલર બે સપ્તાહના ઉંચા સ્તરે પહોંચી ગયો હતો. સોના-ચાંદીમાં મોટી વધઘટના કારણે સટોડિયાઓ, ટ્રેડરો અને વેપારીઓ પણ નવા વેપાર કરવામાં ખચકાટ અનુભવતા રહ્યા છે. આવતા દિવસોમાં ટ્રેન્ડ કેવો રહે છે તેના પર નજર રાખવામાં આવી રહી છે.

# રેલ્વે અધિકારીઓ સાથેની બેઠકમાં વિવિધ પ્રશ્નો ઉઠાતા મુકેશ દલાલ

## કિમ રેલ્વે ફાટક પર આકસ્મીક મોત અટકાવવા સુરતના સાંસદની રજૂઆત

સુરત, તા.૬

સુરતના સાંસદ મુકેશભાઈ દલાલ દ્વારા ગતરોજ રેલ્વે બજેટના સંદર્ભમાં રેલવે અધિકારીના સાથેની એક મીટીંગ માં સુરતને સ્પર્શતા વિવિધ પ્રશ્નો ઉઠાવ્યા હતા અને તે વિષયની માહિતી માંગી હતી. દર મહિને કીમ રેલ્વે ફાટક ક્રોસ કરતી વખતે ઘણા લોકો મૃત્યુ પામે છે જે બાબત ખૂબ જ ગંભીર અને ચિંતાજનક છે. રેલ્વે સલામતીની તમામ વ્યવસ્થાઓ હોવા છતાં પણ અયોગ્ય રીતે બે ફિકરાયથી ક્રોસિંગ કરતી વખતે ઘણા લોકો અકસ્માતનો ભોગ બનતા હોય છે અને મૃત્યુ પણ પામતા હોય છે. તો કીમ રેલ્વે સ્ટેશનને લોકો આવી રીતે ક્રોસિંગ નહીં કરે તે માટે રેલ્વેએ લોકોની જાનની સલામતી માટે યોગ્ય વ્યવસ્થા ઉભી કરવી જોઈએ. કીમ રેલ્વે સ્ટેશનને ઉતરવા ચડવા માટે ૧૪૭ પગથિયાનો એક જ દાદર છે જે સિનિયર સિટીઝનોને ચડવા માટે ખૂબ તકલીફ પડતી હોય છે ઉપરાંત દાદર પર ભીડભાળ પણ હોવાથી ઘણા લોકો ક્રોસિંગ માટે શોર્ટકટ અપનાવતા હોય છે જેનાથી તેઓ અકસ્માત નો ભોગ બનતા હોય છે. કીમ રેલ્વે સ્ટેશન એસ્કેલેટર બનાવવા માટેની મારી માંગણી રેલ્વે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવજીએ મંજૂર પણ કરી હતી પરંતુ આજ સુધી તે કામમાં કોઈ પ્રગતિ થઈ નથી તો સ્કીમ રેલ્વે સ્ટેશન એસ્કેલેટર ઝડપથી બનાવો જેથી લોકોને ૧૪૭ પગથિયાં ચડવા ઉતરવામાં પડતી તકલીફ દૂર થાય. કોરોના સુધી કીમ અને કુરસદ રેલ્વે સ્ટેશન એ કેટલીક ટ્રેનો ઉભી રહેતી હતી તે કોરોના પછી બંધ કરવામાં આવી છે. આ વિસ્તારના વિકાસને જોતા આ ટ્રેનો ફરીથી શરૂ કરવામાં આવે ઉપરાંત કીમનો વિકાસ જોતા બીજી બે ત્રણ ટ્રેનોને પણ સ્ટોપેજ આપવામાં આવે. ઉત્રાણરેલ્વે સ્ટેશન પણ સુરતને પૂરક બને તે રીતે સુરત રેલ્વે સ્ટેશનના સેટેલાઈટ રેલ્વે સ્ટેશન બને તે રીતનો વિકાસ કરવામાં આવે અને નવા સુરત રેલ્વે સ્ટેશન બનાવવાની કામગીરી ઝડપથી પૂર્ણ કરવામાં આવે

# દહેજ આપવું કે લેવું એ ગંભીર પ્રકારનો અપરાધ છે

## દહેજ પ્રતિબંધક અધિનિયમ છ માસથી ૫ વર્ષની સજા અને દંડની જોગવાઈ

સુરત, તા.૬

કમિશનર, મહિલા અને બાળ વિકાસ કચેરી-ગાંધીનગરની દેખરેખ હેઠળ સમગ્ર રાજ્યમાં દહેજ પ્રતિબંધક અધિનિયમ-૧૯૬૧નું અમલીકરણ અને સંબંધિત કામગીરી કરવામાં આવી રહી છે. કાયદાની જોગવાઈ મુજબ લગ્ન પહેલાં, લગ્ન દરમિયાન કે લગ્ન પછી લગ્નની શરત તરીકે લગ્નના બંને પક્ષકારો પૈકી કોઈ પણ પક્ષકાર દહેજના ભાગરૂપે કોઈ પણ ચીજવસ્તુ, કિમતી દાગીના, માલ-મિલકત, કિમતી જામીનગીરી આપે, લે કે લેવા-આપવા કબુલે કે તેમાં સામેલ થાય તેને ઉક્ત અધિનિયમ મુજબ ઓછામાં ઓછી ૦૬(છ માસ)થી લઈને ૫(પાંચ) વર્ષની સજા અને રૂ.૧૫૦૦૦ સુધી દંડની જોગવાઈ કરાયેલી છે. તથા દહેજ અટકાયત (નવવધુ અને વરરાજાને મળેલ ભેટ- સોગાદોની યાદી રાખવાં બાબત) નિયમો-૧૯૮૫ મુજબ બંને પક્ષોએ વર અને વધુને લગ્ન વખતે મળેલ તમામ ભેટ-સોગાદોની યાદી તૈયાર કરી વર, વધુ અને બંને પક્ષોના માતા-પિતાએ સહી કરીને નિભાવાની રહેશે. દહેજ પ્રતિબંધક અધિનિયમ-૧૯૬૧ અને દહેજ અટકાયત (નવવધુ અને વરરાજાને મળેલ ભેટ-સોગાદોની યાદી રાખવાં બાબત) નિયમો-૧૯૮૫નું ઉલ્લંઘન કરનારને કાયદાની જોગવાઈ મુજબ સજા અને દંડ કરવામાં આવશે. જેની સર્વે લગ્ન પક્ષકારોએ નોંધ લેવા જિલ્લા દહેજ પ્રતિબંધક અધિકારી સહ રક્ષણ અધિકારી,સુરતની યાદીમાં જણાવાયું છે.




# ચલો દિલ્હી: ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘનો સંસદ કૂચ કાર્યક્રમ

## કાર્યક્રમમાં દેશભરનાં શિક્ષકો શાંતિપૂર્ણ અને શિસ્તબદ્ધ રીતે જોડાયા

સુરત, તા.૬

અખિલ ભારતીય પ્રાથમિક શિક્ષક સંઘનાં આહવાન હેઠળ ઈ઼ઈ કાયદા પૂર્વે નિયુક્ત થયેલ શિક્ષકોને TET પરીક્ષામાંથી મુક્તિ તેમજ ૨૦૦૫ પછી નિયુક્ત થયેલ શિક્ષકોને જૂની પેન્શન યોજના (OPS) નો લાભ મળે,NEP-૨૦૨૦ ની હાનિકારક જોગવાઈઓ પાછી ખેંચવી,લઘુત્તમ વેતન અને શિક્ષણ સિવાયની કામગીરીમાંથી સંપૂર્ણ મુક્તિ જેવાં વ્યાજબી અને ન્યાયસંગત મુદ્દાઓ સંદર્ભે તા.૫ ફેબ્રુઆરીનાં રોજ દિલ્હી ખાતે જંતર મંતરથી સંસદ તરફ કૂચનો શાંતિપૂર્ણ અને શિસ્તબદ્ધ કાર્યક્રમ યોજાયો હતો.જેમાં ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘનાં પ્રમુખ દિગ્વિજયસિંહ જાડેજા, મહામંત્રી જૈમિનભાઈ પટેલ,સિનિયર ઉપપ્રમુખ કિરીટભાઈ પટેલ સહિત રાજ્યનાં તમામ જિલ્લાઓનાં પ્રમુખ, મહામંત્રી સહિતનાં હોદ્દેદારો જોડાયા હતાં.

AIJACTO દ્વારા આયોજીત વિશાળ સંસદ કૂચ બાબતે વધુ માહિતી આપતાં ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘનાં સિનિયર ઉપપ્રમુખ અને સુરત જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘનાં પ્રમુખ કિરીટભાઈ પટેલે જણાવ્યું હતું કે સદર કાર્યક્રમની ગંભીરતા અને શિક્ષકોની લાગણીને ધ્યાને લઈ આવતીકાલે ભારત સરકારનાં માનનીય શિક્ષણ પ્રધાનશ્રી ધર્મેન્દ્ર પ્રસાદે અખિલ ભારતીય પ્રાથમિક શિક્ષક સંઘનાં પ્રતિનિધિમંડળને સકારાત્મક ચર્ચા માટે આમંત્રિત કર્યા છે. આ ચર્ચા દ્વારા શિક્ષકોનાં હિતમાં યોગ્ય, સંતોષકારક અને ન્યાયસભર નિર્ણય આવશે એવો આશાવાદ સમસ્ત શિક્ષક સમુદાય સેવી રહ્યો છે.

# સુરત મનપાના ડ્રાફ્ટ બજેટમાં વિવિધ વિકાસ કામો સૂચવતા પાયલ સાકરિયા

## વેલંજા-અબ્રામા, કામરેજ, મોટાવરાછા વિસ્તારમાં સ્મીમેર હોસ્પિટલ જેવી નવી બનાવવા : પાયલ સાકરિયાની માંગ

સુરત, તા.૬

સુરત મહાનગરપાલિકાના વર્ષ ૨૦૨૫-૨૬ના ''સુધારેલ અંદાજપત્ર'' તેમજ નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ ના નવા અંદાજપત્ર (ડ્રાફ્ટ બજેટ)માં સમગ્ર શહેર માટે વિપક્ષ નેતા પાયલ સાકરિયાએ સુરત મહાનગરપાલિકાના વિકાસ કામોનો સમાવેશ કરી લોકોની પ્રાથમિક તેમજ સંલ ગ્ન સુવિધાઓ પુરી પાડવાની લોક માંગણી અને રજુઆત અંતર્ગત તે કામો હાથ ધરવા તેમનો આગામી બજેટમાં સમાવેશ કરવા તે અંગે જરૂરી ખર્ચની રકમના અંદાજો મંજુર કરવા સ્થાયી સમિતિ સમક્ષ પ્રજાહિતમાં માંગ કરી હતી.

વિપક્ષ નેતા પાયલ સાકરિયાએ બજેટમાં જે પ્રજાલક્ષી કાર્યો અને સુચનો મોકલ્યા તે મુજબ હોસ્પિટલ સમિતિ માટે સુરત મનપા સંચાલિત ૫૦ બેડની હોસ્પિટલમાં અને ગાયનેક સેન્ટર ખાતે સોનોગ્રાફી મશીન મુકવાનું આયોજન હાથ ધરીને તેનો આગામી બજેટમાં સમાવેશ કરી તે અંગે જરૂરી ખર્ચના અંદાજો મંજુર કરીને ગર્ભવતી મહિલાઓ સહિતના દર્દીઓની આરોગ્યલક્ષી સુવિધા સુદ્રઢ કરવા કામગીરી કરવી. તેમજ ૫૦ બેડની હોસ્પિટલ સહિતની તમામ હોસ્પિટલ ખાતે નવા આઈ.સી.યુ. વોર્ડ, બર્નિંગ વોર્ડ બનાવવા સહિત હયાત આઈ.સી.યુ.વોર્ડમાં બેડની સંખ્યામાં વધારો કરવા આગામી બજેટમાં સમાવેશ કરી તે અંગે જરૂરી ખર્ચના અંદાજો મંજુર કરી મહિલાઓની આરોગ્યલક્ષી સુવિધા સુદ્રઢ કરી દાઝવા તેમજ બાળમૃત્યુ દરમાં ઘટાડો કરી આરોગ્યલક્ષી સુવિધા સુદ્રઢ કરવી.

પાયલ સાકરિયાએ નવો પુર્વ સરથાણા ઝોનમાં સમાવિષ્ટ વેલંજા-અબ્રામા, કામરેજ, મોટાવરાછા વિસ્તાર માટે સ્મીમેર હોસ્પિટલ જેવી નવી અધતન મશીનરીઓ સહિતની હોસ્પિટલ બનાવવાના આયોજનનો બજેટમાં સમાવેશ કરવા જરૂરી ખર્ચના અંદાજો મંજુર કરી આરોગ્ય સુવિધામાં વધારો કરવા માંગ મૂકી હતી. સુરત મહાનગરપાલિકામાં સમાવિષ્ટ પુણાગામ હેલ્થ સેન્ટર સહિત તમામ નવનિર્મિત અને નિર્માણાધિન ૫૦ બેડની હોસ્પિટલમાં વિવિધ આરોગ્ય વિષયક અધતન મશીનરીઓ, સાધન સામગ્રી, ફર્નિચરની ફાળવણી તેમજ પુરતા આરોગ્ય મહેકમ તથા વહીવટી સ્ટાફની ફાળવણી સહિત સમગ્ર હોસ્પિટલમાં સી.સી.ટી.વી કેમેરા મુકવા જરૂરી નાણાકીય બજેટની ફાળવવા કરવા જણાવ્યું હતું. પ્રાથમિક શિક્ષણ બાબતે વિપક્ષ

અનુસંધાન પાના ૭ પર




# ખ્વાજા નગર મિત્ર મંડળના કેમ્પમાં ૪૦૬ યુનિટ રક્તદાન

## વિવિધ આગેવાનોના સહયોગથી મહારક્તદાન શિબિર યોજાયો

સુરત, તા.૬

ખ્વાજા નગર મિત્રમંડળ ધ્વારા લોખાત બ્લડ બેંક, સીમિમેર બ્લડ બેંક, યુનિટી બ્લડ બેંક ના સહયોગ થી મસ્જીદે હાયતુનનબી ટ્રસ્ટ રઝા એઝ્યુકેશન ચેરિટેબલ ટ્રસ્ટ શાહે જિલ્લા ફાઉન્ડેશન ના સહકારથી માનદારવાજા ખાતે "મહારક્તદાન શિબિર"માં ૪૦૬(૪૦૬) બોટલ રક્ત એકત્રિત કરાયું દાન કરાયું. પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી ચૌહાણસાહેબ એ શમા જલાવી ઉતઘાટન કર્યું. માજી કોર્પોરેટર શ્રી અસદ કલ્યાણી ખ્વાજા નગર મિત્ર મંડળ ના શ્રી મુબારક.બાગબાન શ્રી ગિરીશ ચૌહાણ શ્રી ઈબ્રાહીમ.ભારત લસ્સી મુન્નાખાન. એસ. પઠાણ શકીલ શાહ અઝીમ બાગબાન દિપક બિરાદે અફઝલ બાગબાન અસ્ફાક. બી મિર્ઝા સીરાઝ. એમ. શેખ ઈમરાન સર અલ્તાફ સલીમ. એસ શેખ યાકુબ. એમ શેખ ઈલ્યાસ લેસવાળા અને એમની ટીમને સફળ મહારક્તદાન શિબિરના આયોજન બદલ અભિનંદન પાઠવી કામગીરી ને બિરદાવી હતી.

# યુનિવર્સિટીમાં બીકમિંગ 'મેનસ્ટ્રુઅલ એજ્યુકેટર' વિષયક વર્કશોપ યોજાયો

## યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગ, એમ.એસ.ડબલ્યુ. દ્વારા પ્રોગ્રામ

સુરત, તા.૬

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કે.એન. ચાવડા સાહેબની પ્રેરણા તથા રજીસ્ટ્રારશ્રી ડૉ. રમેશદાન ગઢવી અને સમાજશાસ્ત્ર વિભાગના વડાશ્રી ડૉ. એમ.એન. ગાયકવાડના માર્ગદર્શન હેઠળ સમાજશાસ્ત્ર વિભાગ અંતર્ગત ચાલતા એમ.એસ.ડબલ્યુ. પ્રોગ્રામ દ્વારા તા. ૪ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ ઋતુજા ચેરીટેબલ ટ્રસ્ટ, સુરતના સહયોગથી ''બીકમિંગ મેનસ્ટ્રુઅલ એજયુકેટર'વિષયક વર્કશોપનું આયોજન વિભાગના સેમિનાર હોલ ખાતે કરવામાં આવ્યું હતું.વર્કશોપમાં ઋતુજા ચેરીટેબલ ટ્રસ્ટના સ્થાપક તથા મુખ્ય રિસોર્સ પર્સન ડૉ. નેહલ શાહ, સમાજશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. એમ.એન. ગાયકવાડ તેમજ એમ.એસ.ડબલ્યુ. પ્રોગ્રામના અધ્યાપકો ડૉ. બહાદુર વસાવા અને ડૉ. નવીનકુમાર રોહિત અને એમ.એસ.ડબલ્યુના વિદ્યાર્થીઓ સહિત કુલ ૧૦૫ સહભાગીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો

અનુસંધાન પાના ૭ પર



# શ્રી સ્વામિનારાયણ મંદિર સરથાણા સુરતના ૧૭મા પાટોત્સવ યોજાયો

## બે દિવસીય મહોત્સવમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા

સુરત, તા.૬

મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન સંચાલિત શ્રી સ્વામિનારાયણ મંદિર, સુરતના ૧૭મા પાટોત્સવ પ્રસંગે વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું બે દિવસીય આયોજન પ્રવર્તમાન આચાર્યશ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીજી મહારાજની અધ્યક્ષતામાં કરવામાં આવ્યું છે. આજે પ્રથમ દિવસે સમૂહ પારાયણની મહાપૂજા કરવામાં આવી હતી. 'જીવનપ્રાણ શ્રી અબજીબાપાશ્રીની વાતો'ની સમૂહ પારાયણનું વાચન તેમજ આરતીનો લહાવો સંતો અને ભક્તોએ લીધો હતો. આ અવસરે શ્રી સ્વામિનારાયણ મંદિરના નૂતન પ્રવેશદ્વારનું શુભ ઉદ્ઘાટન પરમ પૂજ્ય આચાર્ય સ્વામીજી મહારાજના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. ભાવિકો દ્વારા સ્વામીજી મહારાજનું હૈયાના હેત સાથે, અત્યંત આનંદ અને ઉલ્લાસથી ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.સંધ્યા આરતીના દર્શન અને મહાપ્રસાદ બાદ સૌ સંતો-ભક્તોએ કીર્તન ભક્તિનો આનંદ માણ્યો હતો. સુરતના બાળકો અને યુવાનોએ મધુર કંઠે કીર્તનો રજૂ કરીને સૌને પ્રભુભક્તિમાં રસતરબોળ કર્યા હતા. આ પ્રસંગે દેશ-વિદેશથી પધારેલા ભક્તો મોટી

અનુસંધાન પાના ૭ પર

# ખાનગી હોસ્પિટલમાં થતી રૂ.૮૦ લાખથી વધુની સારવાર સુરત સિવિલમાં મફત

## હિમોફિલિયા કેર સેન્ટરે નિ:શુલ્ક કરી મુંબઈના સિવિયર હિમોફિલીયાના દર્દીને સ્વસ્થ કર્યા

સુરત, તા.૬

'અનેક જગ્યાએથી મળેલી નિષ્ફળતા બાદ સુરતનાં હિમોફિલિયા સેન્ટરે લાખોની સારવાર વિનામૂલ્યે કરી નવજીવન આપ્યું છે'' આ શબ્દો છે મહારાષ્ટ્ર-મુંબઈના નાલાસોપારાના ૪૫ વર્ષીય સેમ્સન એન્ડ્રુ રોડ્રિક્સના. ખાનગી હોસ્પિટલમાં થતી રૂ.૮૦ લાખથી વધુની સારવાર નવી સિવિલના હિમોફિલિયા કેર સેન્ટરે નિઃશુલ્ક કરી મુંબઈના આ સિવિયર હિમોફિલીયાના દર્દીને સ્વસ્થ કર્યા હતા.

સિવિયર હિમોફિલિયા ટાઈપ-એ ની સાથે હાઈ ટાઈટર ઈનહિબિટરના દર્દી સેમસન એન્ડ્રુ રોડ્રિક્સ ઘણાં વર્ષોથી જમણા પગના ઘૂંટણનાં દુઃખાવાથી પીડિત હતાં. લાંબા સમયથી તેમણે શારીરિક સમસ્યા માટે પૂણે અને મુંબઈના અનેક ડોકટરો અને હોસ્પિટલોમાં સારવાર લીધી. જ્યાં તેમને 'ની રિપ્લેસમેન્ટ'ની સલાહ આપવામાં આવી હતી. પરંતુ હિમોફિલિયા 'ટાઈપ-એ'ની સાથે તીવ્ર ટાઈટર ઈનહિબિટર હોવાથી દરેક જગ્યાએથી સારવારમાં નિષ્ફળતા જ મળી. આખરે સુરતની નવી સિવિલનું હિમોફિલિયા કેર સેન્ટરના તબીબો દેવદૂત બન્યા હતા અને સફળ સારવાર કરી નવજીવન આપ્યું હતું.

તેમણે ખુશી વ્યક્ત કરતા જણાવ્યું કે, સુરત નવી સિવિલ હોસ્પિટલના હિમોફિલિયા કેર સેન્ટરના મેનેજર નિહાલ ભાતવાલા સાથે આ સારવાર માટે વાત થઈ અને તેમના માર્ગદર્શન મુજબ જાન્યુઆરી મહિનામાં અહી દાખલ થયો અને એક મહિનાની સારવાર બાદ આજે એકદમ સ્વસ્થ થઇ પગે ચાલીને ઘરે પાછો ફર્યો છું. લાંબા સમય બાદ વોકરના સપોર્ટથી મુક્તિ મળતા આખો પરિવાર ખુશખુશાલ છે. હિમોફિલિયા કેર સેન્ટરના મેનેજર નિહાલ ભાતવાલાએ જણાવ્યું કે, નવી સિવિલના તબીબી અધિક્ષક ડૉ.ધરિત્રી પરમારના માર્ગદર્શન હેઠળ ઓર્થોપેડિક વિભાગના વડા ડૉ. હરિ મેનન, ડૉ.નીતિન ચૌધરી તથા તેમની સમગ્ર તબીબી ટીમે દર્દીની સફળ 'ટોટલ ની રિપ્લેસમેન્ટ' સર્જરી કરી હતી. આ તમામ સારવારમાં અંદાજિત રૂ.૮૦.૬૦ લાખના ઈન્જેક્શનોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. નિષ્ણાંતોની દેખરેખ હેઠળ આશરે એક મહિનાની સારવાર બાદ તેઓ સંપૂર્ણપણે સ્વસ્થ થયાં છે અને સારી રીતે ચાલી શકે છે અને તેમના દૈનિક જીવનમાં નોંધપાત્ર સુધારો જોવા મળ્યો છે. સુરત હિમોફિલિયા સેન્ટર વિષે વિગતો આપતા નર્સિંગ કાઉન્સિલના ઉપપ્રમુખશ્રી ઈકબાલ કડીવાલાએ

અનુસંધાન પાના ૭ પર

### ઈન્હિબિટર એટલે શું?

હિમોફીલિયા દર્દીને જ્યારે ફેક્ટર આપીએ, ત્યારે કેટલાક દર્દીઓમાં શરીર એ ફેક્ટરની સામે લડે છે. આ લડવાની પ્રક્રિયામાં જે એન્ટીબોડી બને છે તેને જ ઈન્હિબિટર કહે છે.

### ઇન્હિબિટર પોઝીટીવ દર્દીની સારવાર શું?

આવા દર્દીને આપેલો ફેક્ટર અસર કરતો નથી. રક્તસ્ત્રાવ કંટ્રોલ થવામાં મુશ્કેલી પડે છે. અને સામાન્ય ડોઝથી આ રક્તસ્ત્રાવ અટકતો નથી. ઈન્હિબિટર પોઝીટીવ દર્દીને Bypassing agents જેમ કે ફેક્ટર VII અને FEIBA ની સારવાર કરાય છે.

# તા.૧૮મી ફેબ્રુઆરીએ રાજ્યનું બજેટ રજૂ કરાશે

સુરત, તા.૬

ગુજરાત રાજ્ય ના નાણાં ઉર્જા મંત્રી તરીકે શ્રી કનુ ભાઈ દેસાઈ દ્વારા ૧૬.સપ્ટેમ્બર ૨૦૨૧ થી પદભાર સંભાળ્યા બાદ, લગાતાર ચોથા બજેટ સત્ર નું બજેટ ૩.કરોડ ૭૦.લાખ ની જાહેરાત કરી હતી.ફરી હવે પાંચમી વખત ૧૮.ફેબ્રુઆરી ૨૦૨૬.ના દિને બજેટ રજૂ કરશે. લોકો ની નજર હાલ શહેરી વિકાસ ના મંત્રી નો વધારા નો ચાર્જ સંભાળ્યા બાદ?વાપી તેમજ આસપાસ ના વિસ્તાર ના લોકો માટે બજેટ કેટલુ સંતોષ કારક રેહશે? એના ઉપર લોકો મીટ માંડી બેઠા છે.

# પશ્ચિમ રેલ્વે હોળીના તહેવાર માટે રજાઓની ખાસ ટ્રેનો ચલાવશે

## પશ્ચિમ રેલ્વેએ અત્યાર સુધીમાં ૨૩૧ રજાઓની ખાસ ટ્રેન સેવાઓને જાહેર કરી

સુરત, તા.૬

તહેવારોની મોસમ દરમિયાન મુસાફરોની સુવિધા અને સરળ મુસાફરી માટે તેની પ્રતિબદ્ધતાને મજબૂત બનાવતા, પશ્ચિમ રેલ્વે આગામી હોળીના તહેવાર દરમિયાન મુસાફરોના અપેક્ષિત ધસારાને પહોંચી વળવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. પશ્ચિમ રેલ્વેએ વધેલી મુસાફરીની માંગને પહોંચી વળવા માટે અત્યાર સુધીમાં ૨૩૧ રજાઓની ખાસ ટ્રેન સેવાઓને સૂચિત કરી છે. આ ખાસ ટ્રેનો ૧ માર્ચથી ૨૨ માર્ચ, ૨૦૨૬ સુધી દેશભરના વિવિધ સ્થળોએ દોડશે, જેમાં ઉત્તર અને પૂર્વ ભારતના મુખ્ય પ્રદેશો - ઉત્તર પ્રદેશ, બિહાર, રાજસ્થાન અને અન્ય મહત્વપૂર્ણ રાજ્યો પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.આ ખાસ ટ્રેનોનું આયોજન મુસાફરોને વધારાના મુસાફરી વિકલ્પો પૂરા પાડવા અને તહેવારોની મોસમ દરમિયાન આરામદાયક અને અનુકૂળ મુસાફરી સુનિશ્ચિત કરવા માટે કરવામાં આવ્યું છે. પશ્ચિમ રેલ્વેએ અગાઉથી ખાસ ટ્રેનોના સંચાલનનું આયોજન કરીને અને વિવિધ ક્ષેત્રોમાં રિઝર્વેશન વલણો અને મુસાફરોની માંગ પર સતત દેખરેખ રાખીને સક્રિય અને મુસાફરો-કેન્દ્રિત અભિગમ અપનાવ્યો છે. પશ્ચિમ રેલ્વેના મુખ્ય જનસંપર્ક અધિકારી શ્રી વિનીત અભિષેક દ્વારા જારી કરાયેલી એક અખબારી યાદી મુજબ, પશ્ચિમ રેલ્વે હોળીના તહેવાર દરમિયાન મુસાફરોના ધસારાને સુવ્યવસ્થિત રીતે સંચાલિત કરવા માટે વધારાની ટ્રેન સેવાઓ અને વ્યાપક મુસાફરો સુવિધા પગલાં સાથે સંપૂર્ણપણે તૈયાર છે. બુકિંગ પેટર્ન અને મુસાફરોના ટ્રાફિકનું સતત નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે, અને શક્ય હોય ત્યાં નિયમિત ટ્રેનોમાં કોચ ઉમેરવામાં આવી રહ્યા છે. મુસાફરોની માંગના આધારે વધારાની ખાસ ટ્રેનો પણ ધ્યાનમાં લેવામાં આવશે, અને આગામી દિવસોમાં વધુ ટ્રેનો માટે સૂચનાઓ જારી કરવામાં આવશે. મુસાફરોને તેમની મુસાફરીનું વધુ સારી રીતે આયોજન કરવામાં મદદ કરવા માટે વિવિધ મીડિયા ચેનલો દ્વારા ખાસ ટ્રેનો અને મુસાફરોની સુવિધાઓનો વ્યાપક પ્રચાર સુનિશ્ચિત કરવામાં આવી રહ્યો છે. શ્રી વિનીતે વધુમાં જણાવ્યું હતું કે મુખ્ય સ્ટેશનો પર અપેક્ષિત ભારે મુસાફરોના ધસારાને ધ્યાનમાં રાખીને, પશ્ચિમ રેલ્વેના મુખ્ય ટર્મિનલ અને મૂળ સ્ટેશનો પર વ્યાપક ભીડ વ્યવસ્થાપન પગલાં પહેલાથી જ અમલમાં મૂકવામાં આવ્યા છે. મુસાફરોના સુરક્ષિત અને વ્યવસ્થિત પ્રવેશ અને ચઢાણ સુનિશ્ચિત કરવા માટે મુંબઈ સેન્ટ્રલ, બાંદ્રા ટર્મિનસ, ઉધના, સુરત, અમદાવાદ અને અન્ય મહત્વપૂર્ણ સ્ટેશનો પર સમર્પિત પેસેન્જર હોલ્ડિંગ એરિયા પૂરા પાડવામાં આવ્યા છે. આ હોલ્ડિંગ એરિયા મુસાફરોની સુવિધા માટે બેઠક વ્યવસ્થા, પીવાનું પાણી, શૌચાલય બ્લોક, પર્યાપ્ત લાઇટિંગ, પંખા અને જાહેર સંબોધન સિસ્ટમ જેવી આવશ્યક સુવિધાઓથી સજ્જ છે.



# સુરત જિલ્લા પ્રભારી સચિવ દ્વારા મતદાર યાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમની સમીક્ષા

## ૧૬ વિધાનસભાની ઈ.આર.ઓ. સાથે વિસ્તૃત ચર્ચા

સુરત, તા.૬

સુરત જિલ્લા પ્રભારી સચિવ શ્રી રાજીવ ટોપનોની અધ્યક્ષતામાં કલેક્ટર કચેરીના સભાખંડમાં સુરત જિલ્લાની તમામ ૧૬ વિધાનસભાના ઈ.આર.ઓ. સાથે SIR- ખાસ મતદાર યાદી સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ અંતર્ગત સમીક્ષા બેઠક મળી હતી.

બેઠકમાં SIR અંતર્ગત સુરત જિલ્લામાં કરવામાં આવેલી કામગીરી અંગે PPT પ્રસ્તુતિ દ્વારા સચિવશ્રીને વિગતવાર માહિતી આપવામાં આવી હતી. જિલ્લામાં મળેલા મતદાર ગણતરીફોર્મનું ડિઝીટાઈઝેશન, મતદારોનું મેપિંગ, છજીહ્ઠ-ગેરહાજર, મૃત અને સ્થળાંરિત મતદારો અંગે સમીક્ષા કરવામાં આવી હતી. સાથે જ મતદાર યાદી સુધારણા કાર્યક્રમ અંતર્ગત ભરાયેલા વિવિધ ફોર્મ (નવા નોંધણી, સુધારા, સ્થળાંતર

અનુસંધાન પાના ૭ પર

# પરીક્ષાઓ અનુલક્ષીને ધાર્મિક મેળાવડા, કથાઓ, ઉજવણીઓ બંધ કરવા માંગ

## દેશભરમાં ફેબ્રુઆરી, માર્ચ, એપ્રિલ મહિનો વિદ્યાર્થી જગતની કારકિર્દીનો

રાજકોટ, તા.૬

નિર્ણાયાત્મક, જીંદગીનો મહત્વનો સમયગાળો હોય છે. બોર્ડ, યુનિવર્સિટી, અન્ય શાખાઓમાં પરીક્ષાઓની પ્રાયોગિક, પ્રીલીમીનરી, વાર્ષિક લેખિત, વાંચનનો શ્રેષ્ઠ સમયગાળાને અનુલક્ષીને આ સમય દરમ્યાન વિદ્યાર્થી જગતને નુકશાનકારક ધાર્મિક તેમજ રાજકીય પક્ષોના તાયફાઓ, મેળાવડા, મોટી કથાઓ, ઉજવણીઓ બંધ રાખવા જોઈએ, ઘોંઘાટ વગરના ખાનગી હોલ, વાડી કે ગામથી દૂર ખુલ્લી જગ્યામાં યોજવી જોઈએ અથવા ત્રણ માસ માટે બંધ રાખવા જોઈએ તેમ ભારત જન વિજ્ઞાન જાથાની રાજ્ય કચેરીએ રાજયવ્યાપી અપીલ કરી છે.

જાથાના રાજ્ય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયા જણાવે છે કે ધાર્મિક, આધ્યાત્મિક, સાંસ્કૃતિક કે પ્રસંગોના મોટા મેળાવડાના ગતકડા ઉભા કરવાથી લોકોના એકપણ પ્રશ્ન ઉકેલાઈ જવાના નથી. બે, પાંચ વ્યકિતના પોતાના લાભ માટે તથા ધાર્મિક નેતા પોતાની મહત્તા વધારવા માટેના અને રાજકીય દ્રષ્ટિકોણના લાભના હેતુથી કરાયેલા આયોજનોનો જાગૃતો, બૌદ્ધિકો, વાલીજગતે સદૈવ વિરોધ કરવો જોઈએ. લોકોમાં જેમ જેમ શિક્ષણ વધુ આવતું ગયું તેમ સ્વાર્થી પણા સાથે સહનશકિતનો ઉતરોતર વધારો થયો છે તે ચિંતાનો વિષય છે. અભણ કરતાં શિક્ષિતો પોતાના અંગત લાભ માટે વિશાળ સમુદાયને ગુમરાહ કરે છે તે દુઃખદ છે. મે, જુન, જુલાઈમાં કે વર્ષ દરમ્યાન કોઈપણ વિષય કે પ્રસંગની ઉજવણી થઈ શકે છે. જાથા અનુભવે લોકો સમક્ષ પોતાના વિચારો મુકે છે.

જાથાના રાજ્ય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયા જણાવે છે કે છેલ્લા એકત્રીસ વર્ષના સર્વે કરતાં મોટાભાગના આયોજનો ત્રણ-ચાર માસના ગાળામાં યોજાય છે. તેમાં ધાર્મિક નેતાના જન્મદિન, પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ, ઉત્સવો, સપ્તાહો, કથાઓ, ૨૫, ૫૦ કે ૭૫ વર્ષનું ગતકડું ઉભું કરી ધામધૂમથી ત્રણ થી દસ દિવસના આયોજનો કરવામાં આવે છે.

અનુસંધાન પાના ૭ પર

# દિવા અને જીત અદાણીએ સંસારી જીવનનું પ્રથમ વર્ષ દિવ્યાંગ મહિલાઓની સંગે ઉજવ્યું








**અમદાવાદ, ૫ ફેબ્રુઆરી ૨૦૨૬**

ગુરુવારની સાંજે અમદાવાદના શાંતિગ્રામમાં આવેલી બેલ્વેડેર ક્લબના પટાંગણમાં અદાણી મંગલ સેવાએ ચિંતન, સાતત્ય અને પરિપૂર્ણતાના ભાવ સાથે તેની સ્થાપનાના એક વર્ષના રુડા અવસરની રંગદર્શી ઉજવણીમાં દિવા અને જીત અદાણી દ્વારા ૭ ફેબ્રુઆરી ૨૦૨૫ ના રોજ તેમના લગ્ન પ્રસંગે કરેલા આવકાર્ય નિર્ધારનો રણકો સંભળાયો. દિવ્યાંગોના શ્રેયાર્થની અદાણી યુગલની ધ્યેય નિષ્ઠાને સજોડે સીમાચિહ્નરૂપ બનાવી તેને સેવાનું માધ્યમ બનાવી આ મંગલ ઉત્સવની ઉજાણી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. એક સ્મરણિય ક્ષણ કરતાં વેંત વધીને યોજાયેલા આ મેળાવડાએ શાંત ચિત્તે લીધેલા સંકલ્પની પૂરા માન મરતબા સાથે પૂર્તિ કરી છે તે સિધ્ધ કર્યું.

પ્રતિ વર્ષ ૫૦૦ દિવ્યાંગ મહિલાઓને ગૌરવ, સ્થિરતા અને સશક્ત બનાવવાની ખાતરી આપવાના વ્યક્તિગત સંકલ્પ સાથે આરંભાયેલો આ કલ્યાણકારી ઉદ્યમ એક માળખાગત સામાજિક સુરક્ષા કાર્યક્રમમાં પરિવર્તિત થયાની અનુભૂતિ સહુને થઇ હતી.

અદાણી ઉદ્યોગ સમૂહની સામાજિક કલ્યાણ અને વિકાસ પાંખ એવા અદાણી ફાઉન્ડેશન સંચાલિત અદાણી મંગલ સેવા ૨૫ થી ૪૦ વર્ષની દિવ્યાંગ મહિલાઓનો મજબૂત આધાર સ્થંભ બની તેઓને પ્રોજેક્ટ પાર્ટનર યુથ ફોર જોબ્સ તરીકે યુનિક ડિસેબિલિટી આઈડી (ફ્રૈંઢ) કાર્ડ મારફત પ્રસ્થાપિત કરે છે.

અદાણી મંગલ સેવાના અભિયાન હેઠળ પ્રત્યેક લાભાર્થીને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા સાથે બેંકિંગ ભાગીદારીમાં બનાવવામાં આવેલી રુ.૧૦ લાખની ફિક્સ્ડ ડિપોઝિટ આપવામાં આવે છે. આ વ્યવસ્થા તળે ૧૦ વર્ષ બાદ મુખ્ય રકમની પહોંચ સાથે ખાતરીપૂર્વક માસિક આવક પૂરી પાડતી હોવાથી લાંબા ગાળાની નાણાકીય સ્થિરતા અને સુરક્ષા સુનિશ્ચિત કરે છે. ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધી લંબાય તે રીતે ગોઠવવામાં આવેલી આ સુચારું વ્યવસ્થા વાર્ષિક ૫૦૦ દિવ્યાંગ મહિલાઓને મજબૂત નાણાકીય આધાર આપે છે. લાંબા અરસા સુધી આ પહેલની અસરને ટકાવી રાખવા માટે વાર્ષિક રુ.૫૦ કરોડનું ભંડોળ ફાળવવામાં આવે છે.

'સેવા હી સાધના હૈ' મતલબ અવિરત સેવા, શિસ્તબદ્ધ અને પ્રતીકવાદ કરતાં મૂળમાં જવાબદારી હોવી જોઈએ તેવી અદાણી સમૂહના ચેરમેન ગૌતમ અદાણીની માન્યતાથી પ્રેરીત અદાણી મંગલ સેવાને માર્ગદર્શન આપતી આ વયક્તિક ફિલસૂફીએ આ પહેલની રચના અને તેના અમલીકરણને આકાર આપવા સાથે એક પારિવારિક સીમાચિહ્નને સતત સામાજિક પ્રતિબદ્ધતામાં રૂપાંતરિત કરી છે.

ગૌતમ અદાણીએ ટ્વીટ કરી જીત અને દિવા તેમના વૈવાહિક જીવનનું એક વર્ષ પૂર્ણ કરી રહ્યાના સુખદ અવસરે તેમને હાર્દિક શુભકામનાઓ પાઠવી હતી.. ગત વર્ષે આજના દિવસે તેઓએ 'મંગલ સેવા'નો સંકલ્પ લીધો હતો, જે અન્વયે દર વર્ષે ૫૦૦ નવવિવાહિત દિવ્યાંગ બહેનો પ્રત્યેક બહેનને રુ.૧૦ લાખની આર્થિક સહાય આપવાનો સંકલ્પ લીધો હતો, જે આજે પણ એ જ સમર્પણ સાથે આગળ વધી રહ્યો છે તે મારા માટે અત્યંત સંતોષ અને કૃતજ્ઞતાનો વિષય છે. સમય સાથે અનેક પરિવારોના જીવનમાં સન્માન અને નવી આશા સાથે નવી શરૂઆતનો આ પ્રયાસે અવસર આપ્યો છે. સાચું કહું તો જ્યારે કોઈ દીકરીના જીવનમાં સૂકૂન અને આત્મવિશ્વાસ પાછો ફરે છે, ત્યારે જે તૃપ્તિ થાય છે તેની સામે દુનિયાની મોટામાં મોટી સિદ્ધિ અને વૈભવ પણ નાના લાગે છે. એક પિતા તરીકે હું મારી જાતને ધન્ય માનું છું કે મારાં બાળકો પોતાની ખુશીઓ સાથે અનેક પરિવારોના જીવનમાં પણ આશા અને સૂકૂન ઉમેરવાનો પ્રયાસ કરી રહ્યા છે. પ્રભુને મારી પ્રાર્થના છે કે સેવાનો આ ભાવ ભવિષ્યમાં પણ અનેક પરિવારોના જીવનમાં સુખ, સન્માન અને નવી આશા લઈને આવે, અને જીત અને દિવા આ માર્ગે સતત આગળ વધતા રહે તેવા તેમના પર આશીર્વાદ પ્રાપ્ત થતા રહે.

અદાણી ફાઉન્ડેશનના અધ્યક્ષા ડો. પ્રીતી અદાણીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે આજનો આ પ્રસંગ મારા માટે સવિશેષ ખૂબ ભાવનાત્મક તથા ગૌરવભયો છે. આજે આપણે અહીં માત્ર એક ઉત્સવ માટે એકઠા નથી થયા, પરંતુ માનવીય ગૌરવ, આશા, સપનાઓ અને સશક્તિકરણના મહોત્સવ માટે મળી રહ્યા છીએ.

અદાણી મંગલસેવા પહેલની પ્રેરણા એક સુંદર વિચારમાંથી ઉદભવી છે. આ ચિંતન વ્યક્તિગત આનંદને સમાજ કલ્યાણમાં પરિવર્તિત કરવાનું છે. જીવનમાં જયારે સુખદ પળ આવે ત્યારે તે સુખને સમાજ વચ્ચે વહેંચવું એજ સાચી સેવા છે, તેથી જ મારા માટે અદાણી મંગલ સેવા અત્યંત વ્યક્તિગત છે. આ ફક્ત એક યોજના નથી, પણ એક સંવેદના છે, એક ભરોસો છે કે પ્રત્યેક સ્ત્રીમાં અપરંપાર શક્તિ વસે છે. દિવ્યાંગ હોવું એ કોઈ મર્યાદા નથી. પરંતુ તેમાં જીવનને અલગ દ્રષ્ટીથી નિરખવાની ક્ષમતા છે. આજે અહીં બેસેલી મારી દરેક વહાલી બહેન આ વાતનું જીવંત ઉદાહરણ છે.

જીત અદાણીએ ભાવવાહી સ્વરે કહ્યું હતું કે "મંગલ સેવાએ અમોને શીખ આપી છે કે ક્યારેક સૌથી મોટો ટેકો એ બની રહે છે જે શાંતિથી, સ્થિર, ભરોસાપાત્ર અને આદરણીય બની નેપથ્યમાં રહે છે. અમારા માટે આ એવી વસ્તુ નથી જે અમે પૂર્ણ કરીને આગળ વધીએ. આ એક જવાબદારી છે જેને અમે આગળ ધપાવીએ છીએ."દિવા અદાણીએ પોતાની લાગણી વ્યક્ત કરતા ઉમેર્યું હતું કે "અદાણી મંગલ સેવા વિશ્વાસના પાયા ઉપર નિર્માણ થયેલી છે. અને સુરક્ષાના આવરણથી તે ટકી રહેશે તેવી અમોને શ્રધ્ધા અને ગૌરવ છે.નિશ્ચિત હેતુ અને સમાવેશીતાની ભાવના સાથે ખુલ્લી મૂકાયેલી આ સંધ્યામાં શામેલ થવા લાભાર્થીઓ સપરિવાર સંગઠિત સમૂહમાં પહોંચ્યા ત્યારે સ્વયંસેવકોએ પૂરા માનવીય અભિગમ સાથે તેઓની આગતા સ્વાગતા કરી હતી. પ્રાર્થનાથી શરૂ થયેલા કાર્યક્રમમાં સમૃદ્ધિ ત્યારે જ અર્થપૂર્ણ બને જયારે તે અન્ય લોકો માટે કાયમી તક બને તેવી અદાણી મંગલ સેવાની કેન્દ્રીય માન્યતાની પુષ્ટિ કરતી એક વિશિષ્ટ પ્રસ્તુતિ પેશ કરવામાં આવી હતી.આ પ્રસંગે ફિક્સ્ડ ડિપોઝિટના પ્રમાણપત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું. અમદાવાદના બ્લાઈન્ડ પીપલ્સ એસોસિએશન દ્વારા ભાતીગળ ગરબાની પ્રસ્તુતિ અને ફ્યુઝન સંગીત સહિત ભાગીદારી અને ગૌરવ પર ભાર મૂક્તી સાંસ્કૃતિક કલાકૃતિઓની રજૂઆત કરવામાં આવી હતી.

# મહિલા ઉદ્યોગસાહસિકતા વિકાસ માટે પદ્મશાળી સમાજનો પ્રેરણાદાયી કાર્યક્રમ



અખિલ ભારત પદ્મશાળી સંઘમ અને ગુજરાત પ્રાંત પદ્મશાળી સંઘમના માર્ગદર્શન અને સહયોગથી મહિલા ઉદ્યોગસાહસિકતા વિકસાવવા માટે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ ગુજરાત પ્રાંત યુવજન સંઘમ, ગુજરાત પ્રાંત મહિલા સંઘમ, સુરત પદ્મશાળી જનરલ સમાજ તેમજ તમામ શાખા સમાજોના સંયુક્ત ઉપક્રમે યોજાયો હતો.

કાર્યક્રમ તારીખ ૪ ફેબ્રુઆરી, સાંજે ૪:૦૦ વાગ્યે, શ્રી કલ્યાણ વેંકટેશ્વર ફંક્શન હોલ, બજરંગ નગર, પર્વત ગામ, સુરત ખાતે યોજાયો હતો.

આ અવસરે મહિલાઓને પોતાનો સ્ટાર્ટઅપ વ્યવસાય શરૂ કરવા માટે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સાથે સાથે આરોગ્ય સંબંધિત માહિતી તથા કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ અને તેના લાભોની સમજ આપવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ડૉ. પી. ભુવનેશ્વરી ઉપસ્થિત રહ્યા હતા. તેઓ તેલંગાણા એર ગન એસોસિએશન તથા તેલંગાણા ગ્રામિણ ક્રિકેટ એસોસિએશનના જનરલ સેક્રેટરી તરીકે સક્રિય ભૂમિકા ભજવી રહ્યા છે અને તાજેતરમાં ઓલિમ્પિક રમત લાક્રોસ માટે તેલંગાણાથી જનરલ સેક્રેટરી તરીકે નિયુક્ત થયા છે. તેમની જીવનયાત્રા અનેક મહિલાઓ માટે પ્રેરણાદાયી છે.

આ કાર્યક્રમ દ્વારા મહિલાઓમાં આત્મનિર્ભર બનવાની ભાવના મજબૂત બની અને સમાજમાં મહિલા ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન મળ્યું હોવાનું

આયોજકોએ જણાવ્યું હતું. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં મહિલાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

# પ્લાસ્ટિકના પ્રદૂષણને પડકાર

પ્લાસ્ટિક અને પાણી એ બંને એટલી જટિલ સમસ્યા છે કે સમસ્યાનો ઉકેલ અત્યારે જ નહી શોધવામાં આવે તો આ મુશ્કેલીઓ વકરશે અને આપણે આનાં વધુ ગંભીર પરિણામો ભોગવવા માટે તૈયાર રહેવું પડશે. આ જ અઠવાડિયાની શરૂઆતમાં એક સમાચાર ઊડીને આંખે વળગ્યા અને આ સમાચાર એટલે કે ક્વીન્સ ઓફ હિલ્સ ગણાતા મસૂરીમાં ત્યાંના સ્થાનિક નાગરિકોએ પર્યટકોએ જ્યાં ત્યાં ફેંકેલી પ્લાસ્ટિકની બૉટલ્સ એકઠી કરીને એક સુંદર એવી દીવાલ બનાવી અને તેને નામ આપ્યું 'વૉલ ઑફ હોપ'. આ દીવાલ ખરેખર એક આશાનું કિરણ છે કે કદાચ આના પરથી જ પર્યટકો જ્યાં ત્યાં પ્લાસ્ટિકનો કચરો ના ફેંકે અને આ હિલ સ્ટેશન ફરી તેની સુંદરતા પાછી મેળવી શકે. શહેરની ભાગદોડવાળી જિંદગીથી કંટાળીને આપણે પહોંચી જઈએ છીએ અલગ અલગ હિલ્સ સ્ટેશનની સફર પર. પણ આપણે ત્યાં જઈને શું કરીએ છીએ એના તરફ ક્યારેય ધ્યાન આપ્યું છે ખરું? કુદરતની સમીપ રહેવાની સાથે સાથે જ આપણે ત્યાંની સુંદરતાને જોખમમાં મૂકીએ છીએ અને જ્યાં ત્યાં કચરો ફેંકીએ છીએ. આ જ રીતે વર્તન કરીશું તો દોઢ-બે દાયકા બાદ ત્યાંનું નૈસર્ગિક સૌંદર્ય જોખમાઈ જશે. ભવિષ્યમાં સર્જાનારી આ મુશ્કેલીનો ઉકેલ લાવવાનો નિર્ધાર સ્થાનિક રહેવાસીઓએ કર્યો અને પર્યટકોએ અહીંયા ત્યાં ફેંકેલી પ્લાસ્ટિકની બૉટલ્સ એકઠી કરવાનું તેમણે શરૂ કર્યું. આશરે ૧૫,૦૦૦ જેટલી બૉટલ ભેગી કરીને તેને કલાત્મક રીતે સજાવીને એક દીવાલ બનાવી અને



તેને નામ આપ્યું 'વૉલ ઑફ હોપ'. આ દીવાલની સાથે જ તેમણે પર્યટકોને હિલ સ્ટેશન પર કોઈ પણ પ્રકારનો કચરો અહીયા ત્યાં નહી ફેંકવાનો સંદેશ પણ આપ્યો.

દેશના ખૂણે ખૂણેથી પર્યટકો મસૂરી આવે છે અને આ હિલ સ્ટેશન પર્યટકો માટે એક લોકપ્રિય ડેસ્ટિનેશન બની ગયું છે. પણ લોકોનું મનપસંદ બની ગયેલું આ પર્યટન સ્થળ છેલ્લા કેટલાક સમયથી તેનું સૌંદર્ય ગુમાવવા લાગ્યું હતું. સ્થાનિક રહેવાસીઓની ચકોર નજરે તાત્કાલિક સમસ્યા શું છે એ પારખી લીધી અને આ સમસ્યા વધુ ફેલાય એ પહેલાં જ તેને રોકી લેવાની દિશામાં પગલાં લેવાનું શરૂ કર્યું. રહેવાસીઓએ પર્યટકોએ જ્યાં ત્યાં ફેંકેલો કચરો અને બૉટલ્સ એકઠી કરવાનું શરૂ કર્યું. બૉટલ તો ભેગી કરી લીધી પણ હવે તેનું કરવાનું શું? એ સવાલ મનમાં ઉપસ્થિત થયો. સ્થાનિક રહેવાસીઓએ વિચાર્યું કે એવું કંઈક કરવું જોઈએ જેથી આ બૉટલનો નિકાલ પણ આવી જાય, શહેરની સુંદરતામાં પણ વધારો થાય અને તેની સાથે સાથે જ સૌથી મહત્ત્વનું એટલે કે પર્યટકોમાં સ્વચ્છતા અંગે જાગરૂક્તા પણ આવે. બસ વિચારની સાથે જ જન્મ થયો આવી 'વૉલ ઑફ હોપ'નો.

૧૨ ફૂટ ઊંચી અને ૧૫૦૦ ફૂટ લાંબી આ વૉલ બનાવવામાં ૧૫૦૦૦ બૉટલનો ઉપયોગ કરવામાં આવ્યો છે અને આ બધી જ બૉટલ્સ લોકોએ મસૂરીની અલગ અલગ જગ્યાઓ પરથી એકઠી કરી હતી.

આ દીવાલને કારણે મસૂરીની સુંદરતામાં તો વધારો થયો જ છે, તેમાં કોઈ જ શંકા નથી, પણ તેની સાથે સાથે જ પર્યટકોને પણ કચરો જ્યાં ત્યાં નહી ફેંકવાનો પાઠ પણ ભણાવી દીધો અને લાસ્ટ બટ નૉટ ધ લિસ્ટ કે આ વૉલને કારણે ૧૫૦૦૦ બૉટલનો નિકાલ પણ આવી ગયો. આ દીવાલને બનાવવા માટે શાળા-કૉલેજ અને નાગરિકોએ દિવસ-રાત જોયા વિના કામ કર્યું છે. એટલું જ નહી પણ તેમનું માનવું છે કે આ વૉલને કારણે તેમનું મસૂરી વધુ ફેમસ થઈ ગયું છે અને હવે વધુને વધુ પર્યટકો અહીં આવશે. આપણે બધાએ જ મસૂરી જેવા નાનકડા હિલ સ્ટેશનના નાગરિકો પાસેથી શીખવા જેવું છે અને જે રીતે તેમણે જે કલાત્મકતાથી પ્લાસ્ટિકનો ઉપયોગ કર્યો છે એ ખરેખર પ્રશંસનીય છે.

ખેર આ તો વાત થઈ કે કઈ રીતે પ્લાસ્ટિકની વેસ્ટ બૉટલ્સમાંથી બેસ્ટ વસ્તુ બનાવવાની, પણ શું આપણે પ્લાસ્ટિકનો ઉપયોગ જ કરવાનું ટાળીએ કે પછી તેના કોઈ બીજા વિકલ્પો વિશે વિચારવાનું શરૂ કરવું જોઈએ. આંદામાનના કેટલાક આઈલૅન્ડ, મહારાષ્ટ્રના સિંધુદુર્ગ જેવા અન્ય કેટલાંક પર્યટનસ્થળો વિશે વાત કરીએ તો આ પર્યટનસ્થળોએ પ્લાસ્ટિક પર લગભગ પ્રતિબંધ મૂકી દીધો છે.

આઈલૅન્ડ પર જતાં પહેલાં જ તમારે તમારી પાસે રહેલી પ્લાસ્ટિકની થેલીઓ જમા કરાવી દેવી પડે અને એટલું જ નહી તેમના દ્વારા આપવામાં આવેલી કપડાંની કે જ્યૂટની બૅગનો જ ઉપયોગ કરવાની ફરજ પાડવામાં આવે છે. આ સિવાય પ્લાસ્ટિકની બૉટલના વિકલ્પ તરીકે ત્યાં ફ્લાસ્ક કે સ્ટીલની વૉટર બૉટલ્સ આપવામાં આવે છે, જેના માટે પર્યટકોને પાસેથી એક નોમિનલ ડિપોઝિટ લેવામાં આવે છે અને આ બોટલ પરત કર્યા બાદ ડિપોઝિટ પાછી આપવામાં આવે છે. મહારાષ્ટ્રના સિંધુદુર્ગ કિલ્લા પર પણ આ જ સિસ્ટમ છે, ફરક ખાલી એટલો છે કે ત્યાં પાણીની બૉટલ કિલ્લા પર લઈ જવાની પરવાનગી આપવામાં આવે છે.

# તાલિસ્કર બે - સ્કોચ વધુ સારી કે સૌંદર્ય?

સ્કોટલેન્ડની લીલોતરી અત્યંત પરિચિત લાગતી હતી અને તેના માટે કરન જોહરની ફિલ્મો પણ ખાસ જવાબદાર હતી. હિંદી ફિલ્મોનાં લોકેશન હોવાના કારણે યુરોપનાં અઢળક સ્થળો પર ભારતનાં મુલાકાતીઓનો દરેક સિઝનમાં સતત મારો ચાલુ જ રહે છે, પણ સ્થળોને તેના કારણે ઘણીવાર જોવાનો અને અનુભવવાનો દષ્ટિકોણ મર્યાદિત બની જાય છે. અમે મર્યાદિત દષ્ટિકોણનું જોખમ લેવા તૈયાર ન હતાં, એટલે જ આયલ ઓફ સ્કાય જતાં ઘણાં બોલીવૂડ લોકેશન્સ આવવાનાં હતાં, પણ અમે તેમાં પણ સ્કોટિશ ઝલક જોવા પર જ ધ્યાન આપીશું એવા પ્રેશર સાથે સ્કાય ટાપુ તરફ આગળ વધ્યાં.

સ્કાય બ્રિજથી લોખ આલ્શ ક્રોસ કરવામાં વેજિટેશન, પાણી અને વાતાવરણ જોઈને હવે અમે સ્કોટલેન્ડમાં નહીં, આઈસલેન્ડમાં હોઈએ તેવું લાગવા માંડ્યું હતું. અને ખરેખર આ સ્કોટિશ ટાપુઓ વેધર અને જિયોગ્રાફીની દષ્ટિએ આઈસલેન્ડથી જ વધુ સામ્ય ધરાવે છે. સ્કાય બ્રિજની ડિઝાઈન દૂરથી જ અત્યંત આધુનિક લાગતી હતી. અને કેમ ન હોય. હજી છેક ૧૯૯૦ના દશકમાં આ બ્રિજ બન્યો ત્યાં સુધી સ્કાયના ટાપુથી મેઈનલેન્ડ આવતો મોટાભાગનો ટ્રાફિક બોટથી જ આવતો હતો. સ્કાય જવાના રસ્તા ભલે મર્યાદિત રહ્યા હોય, ત્યાં ટૂરિસ્ટની કદી કમી નથી રહી.સ્કાય પહોંચ્યા પછી અચાનક જ હોલીડે સ્પોટ પર આવી ગયાં હોઈએ તેમ વાતાવરણ વધુ મજેદાર બની ગયું. તે દિવસે પવન અને ઠંડી એવાં હતાં કે કારનો દરવાજો ખોલતા જ ફંગોળાઈ જતો હતો. પણ સાથે હળવો તડકો પણ હતો એટલે



ત્યાં પહાડો પર સ્પ્રિંગનો પોપટી કલર ચમકી રહ્યો હતો. ઉનાળા તરફ જતાં સ્કોટલેન્ડમાં પહાડો પરથી બરફ ઓગળ્યા પછી વેજિટેશન ટેકઓવર કરી લેતું હતું. સ્કાય પર અમારે બે દિવસમાં ઘણાં ઠેકાણાંઓને ન્યાય આપવાનો હતો. ફોર્ટ વિલિયમની હોસ્ટને લાગ્યું હતું કે સ્કાયને માત્ર બે જ દિવસ આપીને અમે અન્યાય કરી રહ્યા હતાં. મે તેમને શાંતિથી સમજાવ્યું કે અમે અહીં સ્કોટલેન્ડમાં એક ફાસ્ટ ટ્રેક ટ્રિપ પર છીએ અને પછી જ્યાં પણ બહુ મજા આવશે ત્યાં ફરી લાંબા સમય માટે આવીશું. તેણે સામે કહ્યું કે સ્કોટલેન્ડમાં તો બધે જ બહુ મજા આવશે. તે વાતનો કોઈ જવાબ ન હતો. પણ તેના માટે થઈને પણ અમે સ્કાયને જરાય અન્યાય ન કરી બેસીએ તે ધ્યાન રાખવાનું હતું. તેણે અમને ક્યાં ક્યાં જવું તેનું મોટું લિસ્ટ પકડાવેલું. અમે બતાવ્યું કે અમને પહેલેથી જ ઘણાં મિત્રો પોતાનાં લિસ્ટ આપી ચૂક્યાં છે. મિત્રો જ નહીં, અમારા જર્મન ફેમિલી ડૉક્ટર શ્રલિટનહાર્ટનું પણ સ્કોટલેન્ડ અને ખાસ તો સ્કાય એટલું માનીતું છે કે તેમણે પણ શરદીની દવા આપતા પહેલાં અડધો કલાક સ્કાયમાં ક્યાં ક્યાં ફરજિયાત જવુંનું લેક્ચર આપ્યું હતું. ટાપુ પર પહોંચીને માત્ર ત્યાં કાર ડ્રાઈવ જ અણસાર આપી રહી હતી કે આ કોઈ સાધારણ હોલીડે સ્પોટ નથી. આ તો પરીકથાઓ, ભૂતકથાઓ અને મર્ડર મિસ્ટ્રીની રાજધાની છે. જોકે સ્કોટલેન્ડમાં વાર્તાઓથી પણ વધુ મહત્ત્વનું દુનિયાને કંઈ લાગતું હોય તો તે સ્કોચ છે. હવે સારી સ્કોચમાં કોને રસ ન હોય. તેમાંય આઈલ ઓફ સ્કાય પર જાઓ તો તાલિસ્કર ગયા વિના ન આવશો એવું બધી તરફથી સાંભળવા મળેલું. મારે જાતે જઈને ત્યાં મૂલ્યવાન સમય વિતાવવો કે નહી તે નક્કી કરવું હતું એટલે પહેલાં અમે સીધાં તાલિસ્કર તરફ નીકળી પડ્યાં. અને તાલિસ્કરે જરાય નિરાશ કર્યાં નહીં. હજી સ્પ્રિંગમાં ટૂરિસ્ટ સિઝન શરૂ નહોતી થઈ એટલે અમને ટૂરમાં સ્થાન મળી ગયું, બાકી વેકેશન સમયે અગાઉથી બૂકિંગ કરાવવું જરૂરી છે.આ તાલિસ્કર ગામનું નહીં, માત્ર ડિસ્ટીલરી અને ગામની પાછળ આવેલા અખાતનું નામ છે. મોટા ભાગની સ્કોચ વ્હિસ્કીની માફક તાલિસ્કર પણ ડિસ્ટીલરીના કારણે જ તેના ગામને જાણીતું બનાવે છે. બાકી તે ગામ કારબોસ્ટમાં થોડાં ઘરો સિવાય બીજું કશું જ નથી. હવે તાલિસ્કર ડિસ્ટીલરીમાં પહેલો સ્કોચ એક્સપિરિયન્સ કરવો એ વાત યોગ્ય લાગી.

# પાણીના પ્રાણ પ્રશ્ન ને પ્રેરક પહેલ

કલાપીના અમર કાવ્ય 'ગ્રામ્યમાતા'માં અશ્રૃવ પર સવારી કરીને આવેલો એક તરસ્યો યુવાન વૃદ્ધ માતાએ આપેલો શેરડીના રસનો પ્યાલો ગટગટાવી જાય છે. તરસ હજી છિપાઈ ન હોવાથી એ યુવાન રસનો વધુ એક પ્યાલો માગે છે. મા બીજી શેરડી કાપે છે, પણ રસનું એક ટીપું પણ નથી નીકળતું. આ જોઈને મા રડી પડે છે અને એના મોઢામાંથી ઉદગારો સારી પડે છે 'રસહીન ધરા થૈ છે, દયાહીન થયો નૃપ; નહિ તો ના બને આવું'. કલાપીના કાવ્યમાં એ યુવાન નૃપ એટલે કે રાજા હોય છે અને માતાના શબ્દો સાંભળીને પોતાની લાલચ પર એને ધિક્કાર છૂટે છે. એ પસ્તાવો વ્યક્ત કરીને માના આશિષ માગે છે અને પછી માતા શેરડી કાપે છે ત્યારે એમાંથી રસની સેર છૂટે છે જેને પરિણામે નૃપની તરસ છીપાય છે. આજના સંદર્ભમાં આ કવિતાને વાંચીને એના ભાવને સમજવાની જરૂર છે. નૃપ એટલે સુખ-સગવડો વધારવા પ્રકૃતિ સાથે ચેડાં કરતો આજનો માનવી. બાજી હાથમાંથી આખેઆખી સરી જાય એ પહેલા ચેતી જવાની, જાતને સંભાળી લેવાની જરૂર છે. વિકાસના નામે પ્રકૃતિનો છેદ ઉડાડવાનું બંધ નહીં કરીએ તો ધરતીમા આંસુ સારસે અને આપણે બધા નૃપે એક પ્યાલા પાણી માટે વલખા મારવા પડે એ દિવસ ઊગી શકે છે. વાતમાં અતિશયોક્તિ છે, પણ અસંભવ નથી. મહારાષ્ટ?ર્ના એક ગામથી રોજ બે ઘડા પાણી માટે ૧૧ વર્ષનો બાળક સાત કિલોમીટર દૂર આવેલા ઔરંગાબાદ જાય છે એ વાત જાણ્યા પછી જો તમારું હૃદય દ્રવી ઊઠ્યું હોય તો બીજું ભલે કંઈ ન કરી શકો, પણ પાણીનો બગાડ અટકાવવાના પ્રયાસમાં તો ચોક્કસ પહેલ કરી શકો છો. ઈડલી-સાંભાર અને ઢોસા જેવી વાનગીઓને કારણે દરેક પ્રજામાં પ્રખ્યાત બનેલા અને અગાઉ મદ્રાસ તરીકે ઓળખાતા ચેન્નઈ શહેરે જળસંકટથી ચેતી જઈ પાણીનો વપરાશ ઘટાડવા એક વિશિષ્ટ પ્રયાસ કર્યો છે. આ પ્રયાસ વિશે જાણ્યા પછી તમને શહેરના લોકોની પીઠ થાબડવાનું મન થઈ આવે તો સારી વાત છે. જોકે, એથી વધુ રૂડી વાત એ હશે કે તમે પણ એવો પ્રયાસ કરવા પ્રેરાવ અને અન્ય લોકોને પણ એવી પ્રેરણા આપો.

## તંત્રી લેખ...-

**શુક્રવાર, તા. ૬ ફેબ્રુઆરી ૨૦૨૬**

# મતદારયાદી સમીક્ષા સામે મમતા સુપ્રીમ કોર્ટના ઉંબરે

કેન્દ્ર સરકારના કોઈપણ પગલાં સામે આકરો મોરચો ખોલવા સતત તત્પર રહેતા પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ હાલે ચૂંટણીપંચ દ્વારા હાથ ધરાઈ રહેલી મતદારયાદીની ખાસ સમીક્ષા સામેની લડત હવે સર્વોચ્ચ અદાલતના ઉંબરે પહોંચાડી છે. મમતા બેનર્જીએ તો તેમના રાજ્યના લોકોના અધિકારોનું હનન થઈ રહ્યાનો આરોપ મૂક્યો છે, પણ બુધવારે અદાલતે સ્પષ્ટ કર્યું હતું કે, દરેક સમસ્યાનો ઉકેલ આવી શકે છે અને કોઈપણ પાત્ર વ્યક્તિ મતાધિકારથી વંચિત રહે નહીં તેનો આપણે ખ્યાલ રાખવો પડશે. આમ તો આ મતદારયાદીની સમીક્ષા સામે મમતા બેનર્જી સહિતના વિપક્ષી નેતાઓ અને વિપક્ષ શાસિત રાજ્યોએ અદાલતો સમક્ષ વાંધા ઉઠાવેલા છે, પણ બુધવારે પશ્ચિમ બંગાળ સરકારે સર્વોચ્ચ અદાલત સમક્ષ એવી દલીલ કરી કે, જે નામોને હટાવવાની યાદી તૈયાર થઈ છે તેની માટેનાં કારણો પણ જાહેર થવા જોઈએ, જેથી સંબંધિત વ્યક્તિને તેની નોંધણીમાં કઈ અધૂરાશ છે તેની ખબર પડે તો તે સુધારો કરી શકે. એવો દાવો કરાયો છે કે, બંગાળમાં નામ, પેટાનામ અથવા વયમાં ગોટાળાને લીધે લગભગ ૧.૩૬ કરોડ લોકોને

તાર્કિક વિસંગતિનાં કારણે નોટિસ અપાઈ ચૂકી છે. આ મુદ્દાના સંદર્ભમાં સર્વોચ્ચ અદાલતે બાંગલા ભાષા બોલનારાઓનાં નામોના ઉચ્ચારમાં થોડો ફેરફાર આવે એટલે નામોની નોંધણી ભૂલભરેલી જણાય છે. આવી ભૂલ કે ઉણપ છતાં પાત્ર મતદારોનાં નામ યાદીમાં યથાવત્ રહેવા જોઈએ. અદાલતે આખી પ્રક્રિયાને પારદર્શક અને નિષ્પક્ષ બનાવવાની જરૂરતનો પુનરોચ્ચાર કર્યો છે. ઉલ્લેખનીય છે કે, મતદારયાદીની આ સમીક્ષાનો મુદ્દો લાંબા સમયથી ચર્ચામાં છે. બિહાર અને તે પછી ઉત્તરપ્રદેશમાં આ પ્રક્રિયાની સામેનો વિરોધ હવે પશ્ચિમ બંગાળ સુધી પહોંચ્યો છે. દક્ષિણના વિપક્ષ શાસિત રાજ્યોમાં પણ આ પ્રક્રિયા સામે વાંધા વ્યક્ત થઈ રહ્યા છે. આમ તો આ પ્રક્રિયામાં પોતાનું સ્થાન બદલનારા કે જેમના મોત થયાં છે એવા મતદારોનાં નામોને મતદારયાદીમાંથી હટાવવાની કાર્યવાહી હાથ ધરાઈ છે. તેની સાથોસાથ ગેરકાયદેસર રીતે પોતાનાં નામ મતદારયાદીમાં ઉમેરાવનારાનાં નામો શોધીને તેમને પણ યાદીમાંથી હટાવવા પર ધ્યાન અપાઈ રહ્યાંઅ છે. આ કાર્યવાહી સામે ખેરખર કોઈને વાંધો હોઈ શકે નહીં, પણ બંગાળ જેવાં રાજ્યમાં ગેરકાયદે મતદારોની મસમોટી સંખ્યા હોવાની આશંકાને લીધે આ કાર્યવાહીનું મહત્ત્વ અને તેનો વિરોધ વધી જાય છે. આ વખતે જો કે, જે લોકોનાં નામ મતદાર તરીકે કમી કરવાની જે યાદી તૈયાર થઈ છે તેમાં કારણ દર્શાવવાની મમતા બેનર્જીની દલીલને સર્વોચ્ચ અદાલતે ગ્રાહ્ય રાખી છે. આમ હવે ચૂંટણીપંચ મતદારોનાં નામ કમી કરવાનાં પગલાંમાં કારણ પણ બતાવે અને આની પ્રક્રિયાને વધુ પારદર્શક બનાવશે એવી અપેક્ષા રખાઈ રહી છે, પણ સર્વેચ્ચ અદાલત સમક્ષ ચાલી રહેલી સુનાવીણની હવે પછીની તારીખમાં મમતા બેનર્જી નવી માંગ કે નવો આરોપ કે નવી દલીલ નહીં લાવે એ કહી શકાય તેમ નથી.

# પાકની અવળચંડાઈ રમતનાં મેદાનમાં

ભારતનું નાક કાપી અપશુકન કરાવવા સદાય તત્પર પાકિસ્તાન સરકારે રાજકારણમાં રમતની સેળભેળ કરી આઈસીસીની ટી-૨૦ વર્લ્ડકપ સ્પર્ધામાં ભારત સામે લીગ મેચમાં ન રમવાનો નિર્ણય લીધો છે. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી) એક જ રાગ આલાપી રહ્યું છે, અમારો નિર્ણય પાકિસ્તાન સરકારની પરવાનગી પર અવલંબે છે. સૌ જાણે છે કે, પાકિસ્તાન આ અવળચંડાઈ બાંગલાદેશને આ સ્પર્ધામાંથી બાકાત કરી નખાયું એના પગલે કરી રહ્યું છે. અમે ભારતની ધરતી પર રમવા નહીં જઈએ, અમારા ખેલાડીઓ સામે ત્યાં સુરક્ષાનું જોખમ છે, એવું કારણ ધરી આ પહેલાં બાંગલાદેશની સરકારે આઈસીસીને બાનમાં લેવાનો પ્રયાસ કર્યો હતો. જો કે, આઈસીસીએ બાંગલાદેશને વર્લ્ડકપમાંથી બાદ કરી નાખ્યું. બાંગલાદેશ અને પાકિસ્તાન બંને દેશમાં કટ્ટરવાદી ઈસ્લામિક તત્ત્વો અત્યારે સક્રિય છે અને બંને દેશની સરકારોની વચ્ચે નિકટતા અને સૈન્ય વચ્ચે સહકાર જોતાં પાકિસ્તાન સરકારનું આ પગલું બાંગલાદેશની પડખે અમે મક્કમપણે ઊભા છીએ એ દેખાડવા માટે જ છે. પહેલગામ આતંકવાદી હુમલા બાદ રમાયેલી એશિયા કપ સ્પર્ધામાં ભારતીય ટીમના ખેલાડીઓએ પાકિસ્તાની પ્લેયર્સ સાથે હસ્તધૂનન કરવાનું ટાળ્યું હતું અને ફાઈનલ મેચમાં આ બાબતને લઈને પીસીબીના ચેરમેન મોહસીન નક્વી વિજયી ભારતીય ટીમની ટ્રોફી લઈને મેદાનમાંથી નીકળી ગયા હતા. ભારતીય ક્રિકેટરોનો એ નિર્ણય લાગણીથી પ્રેરિત હતો, પણ પાકિસ્તાન બોર્ડના વડા અને સરકારમાં મંત્રીપદ સંભાળતા નક્વીએ જે કંઈ કર્યું એ મૂર્ખામી હતી અને ભારત સામેની મેચનો બહિષ્કાર કરવો એ આનું પુનરાવર્તન જ છે. ભારતીય ઉપખંડમાં ક્રિકેટ અને રાજકારણને એકમેકથી અલગ રાખી શકવાનું શક્ય નથી અને ક્રિકેટ બોર્ડની ભૂમિકા સરકારના નિર્ણયને અમે અનુસરશું એવી હોય છે. ભારત-પાકિસ્તાન વચ્ચેની તણાવભરી સ્થિતિ જોતાં બંને દેશના બોર્ડ અને આઈસીસી વચ્ચે સમજૂતી થઈ હતી કે, બહુરાષ્ટ્રીય સ્પર્ધામાં ભારત કે પાકિસ્તાનને એકમેકની ધરતી પર રમવું ન પડે એ માટે હાઈબ્રિડ વ્યવસ્થા એટલે ત્રીજા જ કોઈ દેશમાં આ બંને વચ્ચેની મેચ યોજાય એવી વ્યવસ્થા કરાઈ છે. જે અંતર્ગત ભારત પાકિસ્તાનની મેજબાનીમાં યોજાયેલી ચેમ્પિયન્સ ટ્રોફીની બધી મેચ દુબઈમાં રમ્યું હતું. તેમજ ટી-૨૦ વર્લ્ડકપની મેચો એ રીતે ગોઠવવામાં આવી છે કે, પાકિસ્તાનની બધી જ મેચો શ્રીલંકામાં રમાય. આ સમજૂતી-ગોઠવણ છતાં પાકિસ્તાન સરકાર આડોડાઈ પર ઊતરી આવી છે. સવાલ એ પણ છે કે, લીગ તબક્કાની મેચમાં ભારત સામે રમવાનો બહિષ્કાર કરાયો છે, પણ જો પાકિસ્તાન સેમિ-ફાઈનલમાં પહોંચ્યું અને સામે ભારત હશે, તો તેઓ શું એ મેચ પણ નહીં રમે? આ બધામાં છેવટે નુકસાન તો પાકિસ્તાની ક્રિકેટ અને ક્રિકેટરોનું થશે, પણ નબળી સરકાર અને લશ્કરશાહી પાસેથી બીજી આશા પણ શું રાખી શકાય?

**વિશ્વના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમ એવા નરેન્દ્ર મોદી સ્ટેડિયમ પાસે આવેલી આ જમીન અત્યારના બજાર ભાવે ૫૦૦ કરોડ રૂપિયાથી વધારેની છે.**

# આસારામ આશ્રમ પર બુલડોઝર, આ ગુજરાત મોડલ પ્રશંસનીય

## આસારામ આશ્રમ સૌથી વાંકમાં એ રીતે છે કે, દાયકાઓ પહેલાં આ જમીન માત્ર મર્યાદિત ધાર્મિક ઉપયોગ માટે આપવામાં આવી હતી

એક ૧૬ વર્ષની હિંદુ દીકરી પર બળાત્કાર બદલ દોષિત ઠરેલા આસારામને વધુ એક મોટો ફટકો પડી ગયો. આસારામનો અસલી ચહેરો બહાર નહોતો આવ્યો ને લોકો તેમને સંત માનતા હતા ત્યારે ગુજરાત સરકારે અમદાવાદ પાસેના મોટેરામાં સાબરમતી નદીના કાંઠે ધાર્મિક ઉપયોગ માટે જમીન આપી હતી. આસારામે ધર્મના નામે શું ધંધા કર્યા એ આખી દુનિયાની નજર સામે છે. આસારામનાં કરતૂતોનો ભાંડો ફૂટ્યો પછી ગુજરાત સરકારે આ જમીન પાછી લેવા માટે નોટિસ ફટકારેલી પણ આસારામ આશ્રમે જમીન પાછી આપવાની ઘસીને ના પાડી દીધેલી ને ગુજરાત હાઈ કોર્ટમાં ગયેલા. હાઈ કોર્ટે આસારામ આશ્રમની અરજીનો ડૂચો કરીને કચરાટોપલી ભેગો કરી દીધો છે અને મોટેરામાં આસારામ આશ્રમની ૪૫,૦૦૦ ચોરસ મીટરથી વધુ જમીન પાછી લેવા રાજ્ય સરકારને લીલી ઝંડી આપી દીધી છે. વિશ્વના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમ એવા નરેન્દ્ર મોદી સ્ટેડિયમ પાસે આવેલી આ જમીન અત્યારના બજાર ભાવે ૫૦૦ કરોડ રૂપિયાથી વધારેની છે. આસારામના ચેલકાઓનો ડોળો સોનાની લગડી જેવી જમીન પર છે તેથી હાઈ કોર્ટના ચુકાદા સામે એ લોકો સુપ્રીમ કોર્ટમાં જાય એવી પૂરી શક્યતા છે પણ ગુજરાત સરકારે પાકુ હોમવર્ક કરીને જમીન પાછી લેવા માટેની કાર્યવાહી કરી છે એ જોતાં આસારામના ચેલકાઓની જમીન પાછી લેવાની મેલી મુરાદ બર આવે એવી શક્યતા નહિવત છે. ગુજરાત સરકારે કરેલી તૈયારી જોતાં આ ઓપન એન્ડ શટ કેસ છે એ જોતાં સુપ્રીમ કોર્ટમાં ચુકાદાને પડકારાય તો પણ ચાર-પાંચ સુનાવણીમાં તો ખેલ ખતમ થઈ જશે ને આસારામ આશ્રમના હાથમાંથી આ જમીન જશે એ લગભગ નક્કી છે. આસારામ આશ્રમ સૌથી વાંકમાં એ રીતે છે કે, દાયકાઓ પહેલાં આ જમીન માત્ર મર્યાદિત ધાર્મિક ઉપયોગ માટે આપવામાં આવી હતી અને તેના પર કોઈ ગેરકાયદેસર બાંધકામ નહીં કરવાની શરત હતી પણ આ શરતોનું ચૂરણ બનાવીને આસારામ ચાટી ગયેલા. આસારામે આ જમીનનો ઉપયોગ ધાર્મિક પ્રવૃત્તિઓ પૂરતો મર્યાદિત રાખવાના બદલે જાત જાતના ધંધા શરૂ કરીને નોટો છાપવા માંડી. આસારામ આશ્રમમાં પુસ્તક પ્રકાશનથી માંડીને આયુર્વેદિક દવાઓ બનાવવા સુધીનાં ધંધા ચાલતા હતા. શિક્ષણ સંસ્થાઓ પણ ચલાવાતી ને હોસ્ટેલો પણ બનાવી દેવાઈ હતી. આસારામનો એ વખતે દબદબો હતો ને શાસકો તેમની આગળપાછળ ફરતા તેનો લાભ લઈને નિયમોની ઐસીતૈસી કરીને આશ્રમમાં થોકબંધ ગેરકાયદેસર બાંધકામો ઊભાં કરી દેવાયાં હતાં. આશ્રમમાં ઝનૂની ચેલકાઓનાં ઝૂંડેઝૂંડ ચોવીસ કલાક હાજર રહેતાં તેથી ગમે તેવા મરદ અધિકારીની પણ અંદર જઈને ગેરકાયદેસર થતાં બાંધકામોને રોકવાની હિંમત જ નહોતી ચાલતી. હિંમત કરીને નોટિસ અપાય તો તેને તો આસારામ બિલકુલ ઘોળીને પી જતા. આસારામે કેવી લુખ્ખાગીરી કરી તેનો પુરાવો એ છે કે, આસારામ આશ્રમમાં ૩૨ ગેરકાયદેસર બાંધકામ તાણી બાંધવામાં આવેલાં છે. આસારામ જેલભેગા થયા પછી આ બાંધકામો દૂર કરવા માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને નોટિસ આપી પછી આશ્રમે ઈમ્પેક્ટ ફી ચૂકવવાની તૈયારી બતાવીને બાંધકામોને કાયદેસર કરાવવા અરજી આપી હતી. પંદર દાડા પહેલાં એટલે કે ૨૧ જાન્યુઆરી, ૨૦૨૬એ કોર્પોરેશને આશ્રમની ઈમ્પેક્ટ ફીની અરજી નામંજૂર કરી દેતાં તેનો કેસ નબળો પડી જ ગયેલો. રાજ્ય સરકારે લોહા ગરમ હૈ તો માર દો હથોડા કરીને હાઈ કોર્ટમાં રજૂઆત કરીને કેસનો નિકાલ કરાવી દીધો તેમાં આસારામ આશ્રમનો ગરાસ લૂંટાઈ ગયો. આસારામ આશ્રમ પાસેથી જમીન પાછી લઈને ભાજપ સરકારે ખરેખર સારું કામ કર્યું છે કેમ કે આસારામે ધર્મના નામે ધંધો માંડી દીધેલો. દેશભરની રાજ્ય સરકારોએ આ ગુજરાત મોડલને અનુસરવા જેવું છે કેમ કે ભારતમાં ઠેર ઠેર આ રીતે સસ્તા ભાવની સરકારી જમીનો લઈને ધર્મના નામે ખોલી દેવાયેલી હાટડીઓ ચાલે છે. ધર્મની આડમાં ખોટા ધંધા કરતાં લોકો પાસેથી સરકારી જમીન પાછી લેવી એ સાચો ધર્મ છે. ગુજરાતની ભાજપ સરકારે સાચો ધર્મ બજાવ્યો, હવે બીજી સરકારો પણ એ ધર્મ બજાવે તો સારું છે. પોતાની જાતને સંત કહેવડાવતા બાબા ને બાવા ધર્મના નામે કેવા ગંદા ધંધા કરે છે તેનાં એક કરતાં વધારે ઉદાહરણો આપણી નજર સામે છે. રામ રહીમ ગુરમીતથી માંડીને રામપાલ સુધીના ઘણા કહેવાતા ધર્મગુરુઓ તો બળાત્કાર, હત્યા સહિતના ગંભીર અપરાધોમાં દોષિત પણ ઠરી ચૂક્યા છે અને લાંબા સમયથી કાયદાકીય રીતે જેલની હવા ખાય છે. નેતાઓની મહેરબાનીથી એ લોકો પેરોલ કે ફર્લો મેળવીને છાસવારે જેલની બહાર વધારે રહે છે એ અલગ વાત છે પણ આપણે ત્યાં આવા બાવાઓની સંખ્યા ઓછી નથી. રામ રહીમ કે રામપાલ તો છીંડે ચડેલા ચોર છે પણ છીંડે નથી ચડ્યા એવા ચોરોની સંખ્યા બહુ વધારે છે. દરેક રાજ્ય સરકારે પોતાના રાજ્યમાં ધર્મના કાર્ય માટે ઉપયોગમાં લેવાયેલી જમીનોનો ખરેખર શું ઉપયોગ થાય છે તેનો સર્વે કરાવવો જોઈએ. જ્યાં પણ ધર્મની આડમાં જાકુબીના ધંધા ચાલતા હોય એ આશ્રમોમાંથી આ કહેવાતા સંતોના ચેલકા ને ચેલકીઓને તગેડી મૂકીને આશ્રમો ખાલી કરાવી દેવા જોઈએ. આશ્રમમાં કરાયેલાં બાંધકામોને તોડીને સરકાર જમીન હસ્તક લઈને તેનો સદુપયોગ કરવો જોઈએ. ગુજરાતમાં સરકાર મોટેરા આશ્રમની જમીનનો ઉપયોગ સ્પોર્ટ્સ કોમ્પલેક્સ બનાવવા કરે એવી શક્યતા છે. અમદાવાદમાં ૨૦૩૦ની કોમનવેલ્થ ગેમ્સ યોજાવાની છે. તેના માટેનાં સ્ટેડિયમ આ જમીન પર બનશે. ગુજરાત કોમનવેલ્થ ગેમ્સ ૨૦૩૦નું યજમાન બનશે એ દરેક ભારતીય માટે ગર્વની વાત છે. આસારામે પચાવી પાડેલી જમીનનો ઉપયોગ ગેમ્સ માટે થાય એ સારી જ વાત છે. કોમનવેલ્થ ગેમ્સ પતે પછી આ સ્ટેડિયમોનો ઉપયોગ પ્રજા જ કરવાની છે. ભારત ૨૦૩૬ની ઓલિમ્પિક ગેમ્સનું યજમાન બનવાની તૈયારી કરી રહ્યું છે. ભારતને ઓલિમ્પિક ગેમ્સ યોજવાની તક મળે તો આ સ્ટેડિયમનો ઉપયોગ ઓલિમ્પિક ગેમ્સ માટે પણ થશે ને દેશનું ગૌરવ વધશે એ જોતાં આ જમીનનો શ્રેષ્ઠ રીતે સદુપયોગ થશે. બીજાં રાજ્યો બાબા ને બાવાઓ પાસેથી પાછી લીધેલી જમીનનો ઉપયોગ પોતપોતાની રીતે કરી શકે. તેના પર જરૂરિયાતમંદો માટે ઘર પણ બનાવી શકાય ને છોકરાંને રમવા માટેનાં પ્લેગ્રાઉન્ડ પણ બનાવી શકાય. લોકોને સારી સ્વાસ્થ્ય સેવા માટે હોસ્પિટલો પણ બનાવી શકાય ને ધંધો માંડીને ના બેઠી હોય એવી શૈક્ષણિક સંસ્થાઓને પણ આ જમીન આપી શકાય. સારી દાનત રાખો તો સારાં કામ તો સત્તર સૂઝે. જરૂર રાજકીય ઈચ્છાશક્તિની છે ને આશા રાખીએ કે, દેશભરની રાજ્ય સરકારો આવી ઈચ્છાશક્તિ બતાવે.

**આપણા સૌની જિંદગી નાનાં-નાનાં કુતૂહલ અને નાનાં-નાનાં આશ્ર્ચર્યોને કારણે વધુ તાજી અને વધુ રસપ્રદ રહે છે.**

# સરપ્રાઇઝ... ઉફ કે ઓએમજી!

- **આશ્ચર્યો અને આઘાત વચ્ચે એક સાદો ફેર એ છે કે આશ્ચર્ય થોડુંક અપેક્ષિત હોય છે.**

'મારે એક વાત કહેવી છે. ગંભીર ચહેરે કેતન એની સામે ઊભેલી ભૂમિકાને જોઈ રહ્યો હતો, 'ઘણા દિવસથી વિચારતો હતો કે તને કહી દઉં, પણ હિંમત નહોતી થતી. ભૂમિકાનું હૃદય એક થડકારો ચૂકી ગયું. એણે ભય અને આશંકા સાથે કેતન સામે જોયું, 'જો, તને કોઈ બીજું કહે એને બદલે મને થયું કે મારે જ કહેવું જોઈએ. આપણી વચ્ચે એટલી પ્રામાણિક્તાના સંબંધો તો છે, ખરું કે નહી ? ભૂમિકાને ડૂમો ભરાઈ ગયો. એ કશું બોલી નહીં. કેતન આગળ બોલે એની પ્રતીક્ષા કરતી રહી, 'જો ભૂમિકા, આટલાં વરસના લગ્નજીવનમાં આપણે ખૂબ સારી રીતે સાથે રહ્યા. ભાગ્યે જ કોઈ દિવસ ઝઘડો થયો છે. તેં મને ને મારા પરિવારને ખૂબ સારી રીતે સાચવ્યા છે, આપણાં બાળકોને સરસ રીતે મોટાં કર્યાં. ભૂમિકાના શ્વાસ ભારે થઈ ગયા. કેતન કંઈક ભયંકર વાત કહેવાનો હશે એ વિશે એના મનમાં સમાંતર વિકલ્પો ચાલવા માંડ્યા, 'તેં કોઈ દિવસ ફરિયાદ નથી કરી, નથી કોઈ માગણી કરી...'તમે પ્લીઝ કહી નાખો, લાંબી પ્રસ્તાવનાની જરૂર નથી. ભૂમિકા અકળાઈ ગઈ.'એવી કોઈ ગંભીર વાત નથી, તું ડરી કેમ ગઈ ? કેતને એનો હાથ પોતાના હાથમાં લીધો. ભૂમિકા રડી પડી, 'અરે ! રડે છે કેમ... કેતન એનો હાથ પંપાળવા લાગ્યો, પણ ભૂમિકાનું રુદન વધ્યું.'શું છે ? રડતાં રડતાં રૂંધાયેલા કંઠે ભૂમિકાએ પૂછ્યું, 'તમે ક્યાંક અફેર...કેતન ખડખડાટ હસી પડ્યો, 'તું આવું વિચારી જ કેવી રીતે શકે ? એણે ભૂમિકાનો ચહેરો પોતાના બે હાથની વચ્ચે લીધો, 'મેં તારા માટે એક મકાન ખરીદ્યું છે. કેતન કહેતો રહ્યો ને ભૂમિકા રડતી રહી. કેતનને સમજાયું નહીં કે ભૂમિકા કઈ વાતે રડતી હતી... સ્ત્રીઓ માટે ઈમોશનલ ઝટકા બહુ સ્વાભાવિક નથી. સ્ત્રીને સરપ્રાઇઝ ગમે છે, પણ સરપ્રાઇઝ સાથે જોડાયેલી આશંકા એને ભીતરથી હચમચાવી શકે છે. ક્યારેક એવું બને કે સ્ત્રી-પુરુષ, પતિ-પત્ની, પ્રેમી-પ્રેમિકા એકબીજાને સરપ્રાઇઝ આપવાના પ્રયાસમાં એવો ઝટકો આપી બેસે, જેની બેમાંથી કોઈને કલ્પના ના હોય.

આપણા સૌની જિંદગી નાનાં-નાનાં કુતૂહલ અને નાનાં-નાનાં આશ્ર્ચર્યોને કારણે વધુ તાજી અને વધુ રસપ્રદ રહે છે. આવતી ક્ષણે શું થશે કે આવતી કાલનો દિવસ કેવો ઊગશે એની ખબર નથી એટલે જ કદાચ આપણે વધુ કુતૂહલ સાથે જિંદગી જીવી શકીએ. જો બધાને બધી ખબર પડી જાય તો જિંદગીની મજા જ શું રહે ? આપણામાંના ઘણા જયોતિષ, હસ્તરેખાશાસ્ત્રી કે ટેરોકાર્ડવાળા પાસે જાય છે. સૌને પોતાનું ભવિષ્ય અગાઉથી જાણી લેવું છે. સાધુઓ અને ધર્મગુરુઓ ભવિષ્ય બદલી આપવાનું વચન આપે છે, તો જયોતિષ કુંડળીમાં લખેલું વાંચ્યા પછી પણ એને ટાળવાના ઉપાય સૂચવી શકે છે... ખરેખર જે નક્કી છે, જે ડિઝાઇન કુદરતે ગોઠવી છે એમાં કોઈ ફેરફાર કરી શકાતો નથી.જો ખરેખર એવું હોય તો ? બધું નક્કી જ હોય, નિશ્ર્ચિત હોય, ડિઝાઇન ગોઠવેલી જ હોય તો જે થવાનું છે તે થઈને રહેશે... આપણે કોઈ મહેનત કરવાની, પ્રયાસ કરવાની કે ઈનિશિયેટિવ લેવાની જરૂર જ ક્યાં છે ? નસીબમાં પૈસા છે તો ઘેરબેઠા મળશે. નસીબમાં પ્રેમ છે તો આપણે ગમે તેટલા તોછડા, નકામા ને ઝઘડાળું હોઈએ - પ્રેમ મળશે જ, ખરું ને ? આપણે જાણીએ છીએ કે આવું નથી. તદબીર અને તકદીર, પુરુષાર્થ અને પ્રારબ્ધ જેવા બે શબ્દોનું પરફેક્ટ સંયોજન એટલે સફળતા ? ઘણી વાર એવું બને કે જે આપણે કરવાના હોઈએ, આપણા મનમાં હોય અને આપણે એ કરવાની તૈયારી પણ કરી હોય, પરંતુ આપણે કોઈ બીજા માણસને એ જ વિચાર સાથે એ જ કામ કરતો જોઈએ. આશ્ર્ચર્યની સાથે આઘાત પણ લાગે... પરંતુ બધા જ વિચાર એક્સક્લુઝિવ ન હોઈ શકે. ક્યારેક એવું બને કે એક જ વિચાર બે જણાને આવે, એક સાથે આવે... એક એનો પહેલા અમલ કરી નાખે ને બીજાને વાર લાગે ! આશ્ર્ચર્યો અને આઘાત વચ્ચે એક સાદો ફેર એ છે કે આશ્ર્ચર્ય થોડુંક અપેક્ષિત હોય છે. માણસને એ જાણીને આનંદ થાય એવી બાબત હોય, કોઈ જ્ઞાનની, સમજની કે બુદ્ધિની બાબત હોય... જયારે આઘાત અણધાર્યો અને સ્ટ્રેસફૂલ હોય. પુરુષ માટે સામાન્ય રીતે બહુ અણધારી ડિઝાઇન સ્વીકાર્ય હોતી નથી. આપણે બહુ સામાન્ય લેવલ પર જેનેરિક વાત કરી રહ્યા છીએ ત્યારે જો આજ્ઞબ્ઝર્વેશન કર્યું હોય તો ખ્યાલ હશે કે સવારે ભીંડાના શાકની વાત થઈ હોય ને સાંજે બીજું શાક હોય તોય ચીડાઈ જાય એવા લોકોને આપણે ઓળખીએ છીએ. પ્રવાસમાં જતા પહેલાં ટ્રેન, એરોપ્લેન, હોટેલ, બ્રેકફાસ્ટ અને જોવાલાયક સ્થળોની મુલાકાત સુધ્ધાં પ્લાન કરીને નીકળેલા લોકો ઓછા નથી ! ક્યારેક બર્થડે પર કે એનિવર્સરી પર પત્ની, પ્રેમિકા કે કોઈ નિકટની વ્યક્તિએ કંઈ સરપ્રાઇઝ પ્લાન કરી નાખ્યું હોય તો સ્ત્રી માટે એ બહુ ઈમોશનલ અને ટચી પ્રસંગ છે. પરંતુ પુરુષ માટે આવા સમયે એક્સેપ્ટ અને એક્સપ્રેસ કરવું અઘરું બની જાય છે.

આના કારણમાં ઊતરીએ તો સમજાય કે એક છોકરાની કે પુરુષની જિંદગીમાં સરપ્રાઇઝની સંખ્યા બહુ ઓછી છે. પુરુષને સામાન્ય રીતે આવાં સરપ્રાઇઝિસ આપવાની ફાવટ થોડી ઓછી હોય છે. કલ્પનાશક્તિ, અભિવ્યક્તિ કે રોમેન્ટિક હોવાનો અભાવ કદાચ કામ કરતો હશે. કોઈને સરપ્રાઇઝ આપવા માટે ઘણું પ્લાનિંગ કરવું પડે. કલ્પનાશક્તિ સારી હોવી જોઈએ ને હૃદય રોમાન્સથી ભરપૂર હોવું જોઈએ... પુરુષ માટે પ્રાયોરિટીઝ અલગ હોય છે. આવા સરપ્રાઇઝિસમાં બુદ્ધિ અને એનર્જી નાખવાનું ઘણા પુરુષોને અનુકૂળ નથી હોતું.

સ્ત્રીને સરપ્રાઇઝિસ આપવા ને રિસીવ કરવા ગમે છે, પરંતુ એ સરપ્રાઇઝિસ એના ધારણા મુજબના જ હોવા જોઈએ ! એની કલ્પનાશક્તિ કામે લાગે અને એણે નક્કી કરેલા વિસ્તાર અને વિષય સુધીનાં આશ્ર્ચર્યો સ્ત્રી માટે આનંદ લઈ આવે છે, જયારે પુરુષ માટે અણધાર્યા સરપ્રાઇઝ પણ ચીડનું કારણ બની શકે. એણે ન ધાર્યું હોય એવું કશું પણ, એની ગણતરીની કે ડિઝાઇનની બહાર હોય એવું કંઈ પણ મોટા ભાગના પુરુષોને અનુકૂળ આવતું નથી.

**આ પૃથ્વી પર આકાર લેતી પ્રત્યેક ક્રિયા પાછળ પ્રયોજન હોય છે તે તો તમે જાણો જ છો.**

# તમારો બિઝનેસ તમને દોડાવે છે કે તમે તમારા બિઝનેસને દોડાવો છો?

- તમારી પણ કાંઈક આવી જ કહાણી છે? ઊગતા ઉદ્યોગસાહસિકોની કહાણી ગામે-ગામે, દરેક શહેરમાં આ જ છે. આમાં કોઈ રાજ્ઞકેટ સાયન્સ નથી. સાવ સાદી વાત છે... તેઓ મોટેભાગે ધંધાની વ્યૂહાત્મક રચનામાં નિષ્ફળ નીવડે છે.

શું આ તમારી પણ સમસ્યા છે? મારું પણ એક સ્વપ્ન હતું...

તેથી જ મેં પ્રયાસ કર્યો, શરૂઆત તો કરી પણ હું મૂંઝાઈ ગયો. કાંઈ મજા ન આવી! બાત કુછ બની નહિ! સંતોષકારક પરિણામો ન મળ્યાં. મારે અનેક પડકારોનો સામનો કરવો પડ્યો. હરીફાઈ, બજારનું તૃષ્ટિકરણ, માલનો ભરાવો, કર્મચારીઓની અછત... માર્ગમાં પથ્થર જ પથ્થર! વેચાણ વધે નહિ, નફાનો માર્જિન સાવ પાતળો.. અરે, ખોટ પણ ખાવી પડી! મારી ભૂલ ક્યાં થઈ રહી છે? કાંઈ ખબર નથી પડતી! મારી ભૂલ મને કોણ બતાવે?

તમારી પણ કાંઈક આવી જ કહાણી છે? ઊગતા ઉદ્યોગસાહસિકોની કહાણી ગામે-ગામે, દરેક શહેરમાં આ જ છે. આમાં કોઈ રાજ્ઞકેટ સાયન્સ નથી. સાવ સાદી વાત છે... તેઓ મોટેભાગે ધંધાની વ્યૂહાત્મક રચનામાં નિષ્ફળ નીવડે છે. એક બાબત ક્યારેય ન ભૂલશો. પ્રત્યેક સફળ વ્યક્તિ દરેક કાર્ય બે વખત કરે છે. પ્રથમ વાર સ્વપ્નમાં અને પછી વાસ્તવિક જગતમાં.

તેઓ સહુ પ્રથમ પેપર-પ્લાનિંગ કરે છે, વિચારોને ડાયરીમાં ટપકાવ્યા બાદ વ્યૂહરચના ઘડે છે અને મંડી પડે છે. ધંધો તો ધંધો જ હોય છે, કરનારની રીતમાં ફર્ક હોય છે. એક પોતે દોડ્યા કરે છે, બીજો ધંધાને દોડાવે છે.

તમારે પણ તમારા ધંધાને દોડાવવો છે? સૌ-પ્રથમ નીચેની ત્રણ બાબતો પર આજથી જ અમલ કરવાનો શરૂ કરી દો. વિચારને આકાર ન મળે તો તે માત્ર કલ્પના રહે છે.

તમે પણ વિચારો કરો છો? જો જો તે વિચારો માત્ર કાલ્પનિક તુક્કા ન રહી જાય. સૌ પહેલું કામ તમારા વિચારોને લખી કાઢવાનું કરો. રોજેરોજ વિચારોને લખવાનું કામ તમને કદાચ ભારે કંટાળાજનક લાગે, પરંતુ આ કાર્ય અનિવાર્ય છે. સવારે ઊઠીને બ્રશ કરવાનો તમને કંટાળો આવે છે? આવતો હોય તો ય તમે કરો છો ને? પેપર પ્લાનિંગને પણ તમારા જીવનનો નિયમ બનાવી દો. આ કામ ડાયરીમાં કરવું કે રોજનીશીમાં પેનથી કરવું કે પેન્સિલથી... એવા કોઈ નિયમો નથી. લાંબો લેખ લખવાની ય જરૂર નથી. મુખ્ય મુદ્દા આવરી લેવાના છે. તમે તમારા રોકાણકારો કે લેણદારો સમક્ષ પ્રેઝન્ટેશન કરવાના હો, તો ખાસ્સું વિસ્તૃત પ્લાનિંગ કરવું જરૂરી છે. પેપર-પ્લાનિંગ તમને તક તથા પડકારો વિષે ઊંડી સમજ આપશે. તેથી જ આજે જ વિચારોને કાગળ પર કે ડાયરીમાં ટપકાવવાનો નિયમ કરો. હરીફો પર ધ્યાન કેન્દ્રિત કરવાને બદલે પ્રોડક્ટ પર લક્ષ્ય રાખો ધંધો શું કે જીવન શું... દરેક વ્યક્તિ પ્રગતિ કરવા જ ઈચ્છે છે. કોઈની લીટી નાની કરવાને બદલે આપણી લીટી લાંબી ખેંચવી એ જ સાચી પ્રગતિ છે. તમારો વિચાર શો છે? બંને કામ સાથે તો ન જ થઈ શકે, તેથી કોઈપણ એક જ બાબત પર ધ્યાન કેન્દ્રિત કરો. તમે જો હરીફો પર ધ્યાન કેન્દ્રિત કરશો, તો તમારી પ્રબળ ઈચ્છા તેમને પછડાટ આપવાની જ થશે. અન્યને ધૂળ ચાટતા કરવા માટે તમારે માત્ર તેની પર ધ્યાન કેન્દ્રિત કરવું પડશે. આમ કરવામાં તમારું ધ્યાન બજારનાં અન્ય પરિબળો પરથી ખસી જશે. તમારી પ્રોડક્ટ પરથી પણ હટી જશે. તો પ્રતિસ્પર્ધીને પછડાટ આપવાનો પ્રયાસ છોડીને તમારી સેવા કે ચીજવસ્તુ પર જ ધ્યાન કેન્દ્રિત કરો. પ્રગતિ આપોઆપ થશે.

શા માટે - કેવી રીતે! તલસ્પર્શી અભ્યાસ કરો

આ પૃથ્વી પર આકાર લેતી પ્રત્યેક ક્રિયા પાછળ પ્રયોજન હોય છે તે તો તમે જાણો જ છો. તમે ખુદ જે કોઈ પ્રવૃત્તિ કરો છો તેને માટેનાં કારણો તમે જાણો છો? તમારી કંપનીમાં કર્મચારીની પસંદગીનાં કારણો, નિર્ણયોનું પ્રયોજન કે પ્રવૃત્તિનાં પરિણામો તમે વિચારી જ લો છો. ઠઈઢ - શા માટે? આ પ્રશ્ન ધંધો શરૂ કરતાં પહેલાં જ ખુદને પૂછજો. ધંધો શરૂ કરવાનું મારું પ્રયોજન શું છે, મારે કેટલા - કેવા કર્મચારીઓની જરૂર પડશે, મારે આ જ ધંધો શા માટે કરવો જોઈએ. નીતિનિયમો કેવા અને કેટલા બનાવવા પડશે!

પ્રયોજન વિષે સ્પષ્ટતા થઈ જાય પછી એ પ્રવૃત્તિ કરવાની રીતનો વિચાર થઈ શકે. જે કામો કરવાનાં છે તે કેવી રીતે કરવા તે નક્કી કરવું જ રહ્યું. ધંધાની સફળતા તેમ જ પ્રગતિ માટે આ બંને પ્રશ્નો આગોતરા જ પૂછી લેજો.

મૂળ વાતઃ ધંધાના થ્રીલને પારખો, અનુભવો અને તેનો ફાયદો ઉઠાવો ધંધો સોગીયા થઈ કરવાની ચીજ નથી. મેદાન પર ખેલાડી જે જુસ્સાથી રમતો હોય તે રીતે સંપૂર્ણ ઉત્સાહ અને ઉત્તેજનાથી કરવાની વસ્તુ છે. તમારા બિઝનેસમાંથી તમે આનંદ મેળવવાનું ચાલું કરી દેશો તો તમારી પ્રગતિને કોઈ રોકી શકશે નહીં. ધંધો એટલે ટેન્શન નહીં. એટેન્શન આપશો તો ટેન્શન આપોઆપ જતું રહેશે. આજે મોટાભાગના બિઝનેસમેન સવારથી સાંજ સુધીમાં વિવિધ સમસ્યાઓ સાથે ઝૂઝતા જોવા મળે છે. તમારે પણ સમસ્યાઓ સામે ઝૂઝવાનું તો છે જ પરંતુતમારો દ્રષ્ટિકોણ બદલી નાખો. દરેક સમસ્યાને આવતો બોલ સમજો. તમારી પાસે આવડત છે, તૈયારી છે, ઉપરના ત્રણેય સ્ટેપનું તમે પૂરતું પ્લાનિંગ કર્યું છે તો હવે સમસ્યારૂપી બોલને ફટકારો અને તેનો આનંદ મેળવો. યાદ રાખો દરેક બોલ પર ચોક્કો કે છગ્ગો ભલે ન લાગે પણ આનંદ મળવો જોઈએ. સ્કોરબોર્ડ ફરતું રહેવું જોઈએ. તો આજથી જ નક્કી કરી લો. બહુ ફિલ્ડીગ ભરી. દોડધામ કરી. હવે બિઝનેસને દોડાવીએ.

# જેવી વર્દી પહેરી કે તરત જ મારામાં એક રુઆબ આવી ગયો : જાનકી બોડીવાલા

## ફરી હું કોઈ સારી ગુજરાતી ફિલ્મ શરૂ કરવાની રાહ જોઉં છું, જેમાં દર્શકોને કશુંક નવું જોવા મળે



તાજેતરમાં થિએટરમાં રિલીઝ થયેલી રાની મુખર્જી અને યશરાજ ફિલ્મ્સની 'મર્દાની ૩' હાલ ચર્ચામાં છે. ફિલ્મને બોક્સ ઓફિસ પર સારો પ્રતિસાદ મળી રહ્યો છે. આ ફિલ્મમાં ગુજરાતની નેશનલ અવોર્ડ વિજેતા એક્ટ્રેસ જાનકી બોડીવાલા પણ એક યુવા પોલિસ ઓફિસરનો રોલ કરી રહી છે. નવગુજરાત સમય સાથેની ખાસ વાતચીતમાં તેણે આ ફિલ્મ સાથેના પોતાના અનુભવો વિશે વાત કરી હતી.

જાનકીની આ બીજી હિન્દી ફિલ્મ છે, આ પહેલાં તેણે અજય દેવગન અને આર માધવન સાથે 'શૈતાન'માં કામ કર્યું હતું. ત્યારે આ પાત્રના પ્રતિસાદ અંગે જાનકી જણાવે છે, "મારું ઈન્સ્ટાગ્રામ લોકોના ડીએમ્સથી ભરાઈ ગયું છે, મને એટલા મેસેજ આવી રહ્યા છે કે મારા માટે સંભાળવા મુશ્કેલ થઈ રહ્યા છે."

આ પહેલાં ચુલબુલી છોકરી કે વશ અને શૈતાન જેવા ગંભીર કરી ચુકેલી જાનકી મર્દનીના ફાતિમાના રોલ અંગે જણાવે છે,"મેં જ્યારે સ્ક્રીપ્ટ વાંચી ત્યારે પહેલો વિચાર આવો જ આવેલો. મને આ પાત્રનો ગ્રાફ બહુ ગમ્યો હતો. મેં તરત જ આ ફિલ્મ માટે હા પાડી દીધી હતી. આ પાત્ર પણ નવી ઓફિસરનું છે, છતાં તેનામાં સાહસ અને જુસ્સો તો છે. તેથી તેનામાં જે સહકાર અને ટેકાની જરૂર છે, તે શિવાંગી શિવાજી રોય તેને ટેકો આપે છે. શરૂઆતમાં તે શાંત અને ગભરુ છે પણ ધીરે ધીરે તે પણ આત્મવિશ્વાસુ બને છે. મેં જેવી વર્દી પહેરી કે તરત જ મારી પીઠ સીધી થઈ ગઈ અને મારામાં આપોઆપ જાણે એક રુઆબ આવી ગયો હોય અને મારા ખભ્ભા પર જવાબદારીઓ આવી ગઈ હોય એવો અનુભવ ચોક્કસ થયો હતો. મહિલા પોલીસકર્મીઓ પ્રત્યેનું મારું માન પહેલાં કરતાં પણ વધી ગયું છે."

રાની મુખર્જી સાથેના અનુભવો વિશે જાનકી જણાવે છે, "સેટ પર એમને જોઈને હું ઘણું શીખી છું. મારા મોટા ભાગના સીન એમની સાથે જ હતા. સેટ પર એમનું પ્રોફેશનિલઝમ અને પરફેક્શન ખરેખર શીખવા જેવા છે. તેઓ બહુ સ્વીટ અને એનર્જીટીક છે, એ હું જોઈ જ રહેતી હતી. તેઓ પાતાનાં પાત્રની નાની નાની બાબતો પર કઈ રીતે કામ કરે છે, તે હું જોતી રહેતી. એમણે શૈતાન અને વશ લેવલ ૨ બંને જોઈ છે અને એમને બહુ ગમી હતી. એમણે મને એવું કહ્યું હતું."

હિન્દી અને ગુજરાતી બંને ફિલ્મોમાં એકપછી એક કામ કરીને સફળતા મેળવતા બંને વચ્ચે બેલેન્સ જાળવવા બાબતે જાનકી જણાવે છે, "બંને ઈન્ડસ્ટ્રી વચ્ચે હાલ તો માત્ર ભાષાનો જ તફાવત છે. ફિલ્મ તો ફિલ્મ છે, બંનેની કામની રીત તો સરખી જ હોય. હવે તો પ્રાદેશિક ફિલ્મોને વધુ સારા દર્શકો મળી રહ્યા છે. મને બસ કરવામાં મજા આવે એવા રોલ કરું છું. હવે ફરી હું કોઈ સારી ગુજરાતી ફિલ્મ શરૂ કરવાની રાહ જોઉં છું, જેમાં દર્શકોને કશુંક નવું જોવા મળે."

જાનકીને ગુજરાતી ફિલ્મ વશ માટે બેસ્ટ સપોટ'ગ એક્ટ્રેસ શ્રેણીનો નેશનલ એવોર્ડ મળ્યો તેના અનુભવ વિશે જાનકીએ કહ્યું, "મારા માટે તો ખાસ ક્ષણ હતી જ, પરંતુ મારા માતા પિતા ત્યાં મારી સાથે હતાં એ મારા માટે સૌથી વધુ ગૌરવની બાબત હતી."

# લલ્લનટોપના જાણીતા પત્રકાર સૌરભ દ્વિવેદીનું એક્ટિંગમાં ડેબ્યુ

## નેટફ્લિક્સની સિરીઝ 'કર્તવ્ય'માં સૈફ અલી ખાન સાથે જોવા મળશે

જાણીતા પત્રકાર સૌરભ દ્વિવેદીએ લલ્લનટોપ છોડ્યાની વાત ખુબ વાયરલ થઈ ગઈ હતી. સૌરભ દ્વિવેદી હવે અભિનય ક્ષેત્રમાં ડેબ્યુ કરવા જઈ રહ્યા છે. નેટફ્લિક્સની ૨૦૨૬ની કન્ટેન્ટ સ્લેટ અનુસાર, દ્વિવેદી પોતાની અભિનય કારકિર્દીની શરૂઆત આવનારી નેટફ્લિક્સ સિરીઝ 'કર્તવ્ય'થી કરશે. આ સિરીઝમાં તે સૈફ અલી ખાન અને રસિકા દુગલ સાથે મહત્વની ભૂમિકામાં જોવા મળશે. નેટફ્લિક્સે ઈન્સ્ટાગ્રામ પર સિરીઝના કેરેક્ટર્સનું પોસ્ટર્સ શેર કરતા લખ્યું, "ધર્મ અને કર્મના યુદ્ધમાં, શું કર્તવ્ય જીત મેળવી શકશે? જુઓ 'કર્તવ્ય', જલ્દી જ, માત્ર નેટફ્લિક્સ પર."

પોસ્ટમાં સૌરભ દ્વિવેદીને જોઈને અનેક ફેન્સ આશ્ચર્યચકિત થઈ ગયા હતા અને આ પોસ્ટ વાયરલ થઈ ગઈ હતી. આ પોસ્ટ પર પણ કમેન્ટ્સનો વરસાદ થઈ ગયો હતો.

'કર્તવ્ય'નું ડિરેક્શન પુલકિતે કર્યું છે, જે અગાઉ થ્રિલર ફિલ્મ 'ભક્ષક'નું નિર્દેશન કરી ચુક્યા છે. આ સિરીઝનું નિર્માણ ગૌરી ખાન દ્વારા રેડ ચિલીઝ એન્ટરટેઈનમેન્ટના બેનર હેઠળ કરવામાં આવી રહ્યું છે. ઈન્વેસ્ટિગેશન ડ્રામાન વાર્તાવાળી આ સિરીઝમાં સંજય મિશ્રા, ઝાકિર હુસૈન અને મનીષ ચૌધરી પણ મહત્વના રોલમાં જોવા મળશે.

'કર્તવ્ય' એક એવા પોલીસ અધિકારીની કહાની છે, જે પોતાના પરિવારની સુરક્ષા જોખમમાં મુકાય ત્યારે ગંભીર નૈતિક અસમંજસનો સામનો કરે છે. હાલ આ સિરીઝની રિલીઝ ડેટ જાહેર કરવામાં આવી નથી.

# મનોજ બાજપેયીની 'ઘૂસખોર પંડત'ને રોકવા માટે પિટિશન દાખલ કરાઈ

મનોજ બાજપેયી અને નીરજ પાંડેની આવનારી ફિલ્મ 'ઘૂસખોર પંડત' રિલીઝ પહેલાં કાનૂની વિવાદમાં ફસાઈ ગઈ છે. ફિલ્મની રિલીઝ પર રોક લગાવવા માટે દિલ્હી હાઈકોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી છે. અરજદારનો દાવો છે કે ફિલ્મનું નામ એક ચોક્કસ ધાર્મિક સમુદાય અને તેની પરંપરાઓની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડે છે.

મનોજ બાજપેયી અને નીરજ પાંડે ફરી એકવાર ક્રાઈમ થ્રિલર સાથે પાછા આવ્યા છે. 'ઘૂસખોર પંડત' નામની આ ફિલ્મની જાહેરાત ૩ ફેબ્રુઆરીએ નેટફ્લિક્સ દ્વારા આયોજિત એક કાર્યક્રમમાં કરવામાં આવી હતી. ફિલ્મની વાર્તા પોલીસ અધિકારી અજય દિક્ષિતની છે, જેને લોકો 'પંડત' તરીકે ઓળખે છે. અજય એક એવી રાતની યોજના બનાવે છે, જે રોમાંચક અને કમાણીથી ભરપૂર રહેશે, પરંતુ દિલ્હી શહેરની મધ્યમાં એક ગંભીર રીતે ઘાયલ યુવતીને ચાલતી કારમાંથી ફેંકી દેવામાં આવે છે. આ યુવતીની ઓળખ જાણવા જતા તે એક વૈશ્વિક ષડયંત્રમાં ફસાય છે.



ફિલ્મની જાહેરાત બાદ તરત જ સોશિયલ મીડિયા પર કેટલાક લોકોએ ફિલ્મની ટીકા કરી હતી અને બ્રાહ્મણ સમુદાય પ્રત્યે ફિલ્મનું શીર્ષક 'અપમાનજનક' હોવાનું જણાવ્યું હતું. સોશિયલ મીડિયા પર ઉઠેલા વિરોધ વચ્ચે, દિલ્હી હાઈકોર્ટમાં 'ઘૂસખોર પંડત' સામે અરજી દાખલ કરવામાં આવી છે. અરજીમાં દાવો કરવામાં આવ્યો છે કે ફિલ્મનું નામ અને પ્રમોશનની પ્રવૃત્તિઓ 'પંડત' (અથવા પંડિત) શબ્દને ભ્રષ્ટાચાર અને લાંચ સાથે જાણબૂઝીને જોડે છે. વકીલ વિનીત જિંદાલ દ્વારા દાખલ કરાયેલી અરજીમાં નેટફ્લિક્સ પર ફિલ્મની રિલીઝ પર રોક લગાવવાની માગ કરવામાં આવી છે. અરજદારનું કહેવું છે કે ફિલ્મની સામગ્રી 'સાંપ્રદાયિક રીતે અપમાનજનક અને બદનામ કરે' તે પ્રકારની છે અને તે બ્રાહ્મણ સમુદાયની ગૌરવ અને પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડે છે.

ફિલ્મને કારણે "સામુહિક બદનામી અને નફરત" સર્જાઈ શકે છે, જે સાંપ્રદાયિક સૌહાર્દ અને જાહેર વ્યવસ્થાને ખલેલ પહોંચાડી શકે છે. અરજીમાં જણાવ્યા અનુસાર, ફિલ્મનું નામ અને કન્ટેન્ટમાં 'પંડત' શબ્દનો ઉપયોગ જાણબૂઝીને થયેલો ઉપયોગ એક જાણીતા ધાર્મિક અને સામાજિક સમાજને ભ્રષ્ટાચાર અને લાંચ સાથે જોડે છે, જેના કારણે સમગ્ર સમુદાયની જાહેરમાં પ્રતિષ્ઠા ખરડાય છે. સાથે જ બંધારણની કલમ ૧૯(૧)(ક) હેઠળ મળતું અભિવ્યક્તિ સ્વાતંત્ર્ય સંપૂર્ણ નથી અને તે હેટ સ્પીચ, બદનામી અથવા સાંપ્રદાયિક સૌહાર્દ, જાહેર વ્યવસ્થા અને બંધારણીય નૈતિકતાને નુકસાન પહોંચાડે છે. અરજીમાં કેન્દ્ર સરકારને પણ નેટફ્લિક્સ સામે યોગ્ય પગલાં લેવા અપીલ કરવામાં આવી છે. આ મામલે નેટફ્લિક્સ તરફથી હજી સુધી કોઈ પ્રતિક્રિયા આવી નથી.

'ઘૂસખોર પંડત' એક વન-નાઈટ થ્રિલર છે, જે ભ્રષ્ટ અને નૈતિક રીતે ખોખલા પોલીસ અધિકારી અજય દિક્ષિતની વાર્તા રજૂ કરે છે. એક અચાનક મુલાકાત તેની આયોજનોને ખોરવી નાખે છે અને તેને અપેક્ષા કરતાં ઘણી મોટી ઘટનાઓનાં વમળમાં ફસાય છે. દિલ્હી શહેરમાં એક જ રાત દરમિયાન આગળ વધતી આ ફિલ્મમાં એક યુવતીને ચાલતી કારમાંથી ફેંકી દેવાની ઘટના કેન્દ્રમાં છે. ઘાયલ યુવતીને હોસ્પિટલ સુધી લઈ જતો પોલીસ અધિકારી અનેક પરિસ્થિતિઓનો સામનો કરે છે. મનોજ બાજપેયીની આગેવાની હેઠળ, ફિલ્મની વાર્તા એક્શન અને પરિસ્થિતિઓ સાથે આગળ વધે છે."

ફિલ્મનું ડિરેક્શન રીતેશ શાહે કર્યું છે, જ્યારે નીરજ પાંડેએ ફિલ્મ લખી છે. મનોજ બાજપેયી ઉપરાંત ફિલ્મમાં નુસરત ભરુચા, સાકિબ સલીમ, અક્ષય ઓબેરોય અને દિવ્યા દત્તા પણ મહત્વના રોલમાં જોવા મળશે. 'ઘૂસખોર પંડત'ની રિલીઝ તારીખ હજી જાહેર કરવામાં આવી નથી.

# એસ.એસ. રાજામૌલીની ફિલ્મ 'વારાણસી'થી ઇન્ડિયન સિનેમામાં કમબેકની પ્રિયંકાની તૈયારી



પ્રિયંકા ચોપરા જોનાસ આજે હોલિવૂડમાં પણ એક જાણીતું નામ બની ગયું છે. લાંબા સમય પછી તે રાજામૌલીની આવનારી ફિલ્મ 'વારાણસી' સાથે ભારતીય સિનેમામાં કમબૅક કરવાની તૈયારી કરી રહી છે. તાજેતરમાં જ પ્રિયંકાએ 'ડોન' સિરીઝ અને સુપરહીરો ડ્રામા 'ક્રિશ'ના લાંબા સમયથી ચર્ચામાં રહેલા સિક્વલ્સ અંગે પણ સંકેત આપ્યા છે. 'વારાણસી'ની રિલીઝ પહેલાં તાજેતરનાં એક ઈન્ટરવ્યુમાં પ્રિયંકાએ 'ડોન' અને 'ક્રિશ' બંને યુનિવર્સ સાથે ફરી જોડાવાની તૈયારી બતાવી છે. જો કે તેણે કોઈ સત્તાવાર પ્રોડક્શન વિગતોની વાત જાહેર કરી નથી, પરંતુ તેણે કહ્યું કે તે "મજબૂત વાર્તા ધરાવતા પાત્રો અને દુનિયાઓ તરફ ફરી વળવા માટે તૈયાર છે," જેના કારણે 'ડોન' અને 'ક્રિશ' સિરીઝમાં તેની સંભવિત એન્ટ્રી અંગે અટકળો તેજ બની ગઈ છે.ઈન્ટરવ્યુ દરમિયાન જ્યારે તેને આ ફ્રેન્ચાઈઝી વિશે પૂછવામાં આવ્યું ત્યારે પ્રિયંકાએ હળવાશથી કહ્યું, "મને ખબર નથી કે હું એમાંથી કોઈ વિષે વાત પણ કરી શકું કે નહી." આ જવાબ પર તેનાં કો-સ્ટાર મહેશ બાબુએ કહ્યું, "તો પછી કંઈક તો ચાલી રહ્યું છે."આ પછી પ્રિયંકાએ ઉમેર્યું, "આગળનો સમય રોમાંચક છે અને હા, આ ફિલ્મ('વારાણસી') સાથે લગભગ છ વર્ષ પછી પહેલી વખત હું ભારતમાં કોઈ ફિલ્મ કરી રહી છું, એટલે પાછા આવવાની ખુશી છે. મને સૌથી વધુ જે વાત ગમી, તે એવી હતી કે મને ફરીથી ડાન્સ કરવાની તક મળી. મેં મારા કોઈ પણ હોલિવૂડ પ્રોડક્શનમાં એવું નથી કર્યું. એટલે એ માટે હું બહુ ઉત્સાહિત હતી."બોલિવૂડ અને હોલિવૂડમાં કામ કરવાનાં તફાવત વિશે વાત કરતાં પ્રિયંકાએ કહ્યું, "હું માનું છું કે હોલિવૂડમાં ફિલ્મમેકિંગની રીત અને ભારતમાં કામ કરવાની રીત ખુબ અલગ છે અને તમારે તમારું મન એ પ્રમાણે ફેરવવું પડે છે. હું મારા મગજને બે ભાગમાં વહેંચી શકું છું. મને નથી લાગતું કે એક જગ્યા પરથી શીખેલી બાબતો બીજી જગ્યાએ લાગુ પડે. તમે જે સેટ પર કામ કરો છો, તેમાં પૂરેપૂરા ડુબી જવું પડે." તેણે આગળ ઉમેર્યું, "એક એક્ટરની સફર હંમેશા દિગ્દર્શકના વિઝનથી જ આગળ ચાલે છે, દરેક ફિલ્મ સેટ પર તમે નવું શું લાવી શકો છો, તેનાથી ફિલ્મને શું મળે છે, તે દૃષ્ટિ સાથે તમારે કામ કરવું પડે છે. પરંતુ હું ખરેખર ખુશ છું કે હું ભારતમાં પાછી આવીને આ ફિલ્મ કરી રહી છું,

# જોહર-મજનુઃ બોબ હોપ-બિંગ ક્રોસબીના અવતાર

## 'એક થી લડકી'માં (ડાબેથી) મજનુ અને આઈ એસ જોહર, (ઈન્સેટમાં) હેરોલ્ડ લુઈસ ઉર્ફે મજનુ

હિન્દી ફિલ્મ ઉદ્યોગના ઈતિહાસમાં વિનોદના વહેણનો મજેદાર હિસ્સો રહ્યો છે. હિન્દી ફિલ્મોમાં કોમેડી શૈલીના વિવિધ પ્રકાર સાથે કોમિક પાત્ર ભજવતા પ્રતિભાશાળી અભિનેતાઓની પણ એક મોટી ફોજ જોવા મળે છે. હોલિવૂડની ફિલ્મો કે હીરો-હીરોઈન કે ફિલ્મમેકર જ નહીં, એના કમેડિયન પણ પ્રેરણાસ્રોત રહ્યા છે.આજથી ૯૦ વર્ષ પહેલા રિલીઝ થયેલી ફિલ્મ 'મજનુ'ના એક્ટર મજનુ અને દર્શકોને ખડખડાટ હસાવવામાં એમની સાથે જમાવનારા આઈ એસ જોહરે જોડી તરીકે હોલિવૂડની પ્રખ્યાત કોમિક પેર બૉબ હૉપ અને બિંગ ક્રોસબીના અવતારને રજૂ કર્યા હોવાની ખ્યાતિ ધરાવે છે. ૧૯૩૫ના અંતમાં રિલીઝ થયેલી રૂપ કે. શોરેની 'મજનુ' ફિલ્મથી એક હાસ્ય અભિનેતાની કારકિર્દીનો પ્રારંભ તો થયો જ, પણ ફિલ્મે એનું પડદા પરનું નામ બદલાવી નાખ્યું અને હોલિવૂડની કોમેડી શૈલીથી હિન્દી ફિલ્મના દર્શકો પરિચિત થયા.મૂળ નામ હેરોલ્ડ લુઈસ. અમૃતસરમાં પંજાબી-ખ્રિસ્તી પરિવારમાં જન્મ. હેરોલ્ડના દાદા ખલિફા ઈમાદ-ઉલ-દીન ધર્માંતરણ કરી ખ્રિસ્તી થઈ ગયા હતા અને તેમણે બાઈબલનું પર્શિયન ભાષા માં રૂપાંતર કર્યું હતું. હેરોલ્ડના પિતાશ્રી સિનેમા થિયેટરના માલિક હતા. સ્વાભાવિક હતું કે હેરોલ્ડને નાનપણમાં જ ફિલ્મો જોવાનો ચસકો લાગ્યો અને એમાંથી જ એક્ટર થવાના અભરખા જાગ્યા. શાળા શિક્ષણ વખતે તક મળી ત્યારે નાટકોમાં નાના-મોટા રોલ કરી લીધા. યુવાનીમાં અભિનયનું સપનું નજર સમક્ષ તરવરવા લાગ્યું અને અમૃતસરથી માયાનગરી મુંબઈ પહોંચી ગયા. જોકે, મહાનગરમાં ભટકયાત્રાનો કોઈ ફાયદો ન થવાથી ભાઈસાહેબ નસીબ અજમાવવા કલકત્તા પહોંચી ગયા, જ્યાં ન્યૂ થિયેટર્સ કંપની અને અન્ય ફિલ્મમેકરો ચિત્રપટ વ્યવસાયમાં મગ્ન હતા.કલકત્તામાં પણ નાની-મોટી નોકરી કરવી પડી, પણ એક લાભ એ થયો કે ફિલ્મ કંપની અને ફિલ્મમેકરના સંપર્કમાં આવવાનું થયું. પાછળથી 'એક થી લડકી'



(સુપરહિટ પંજાબી લોકગીત 'લારા લપ્પા લારા લપ્પા લાયી રખદા' યાદ હશે) જેવી ફિલ્મ આપનારા કમલા મુવીટોનના રૂપ કે. શોરેની નજરમાં યુવક હેરોલ્ડ વસી ગયો. બોલપટ યુગના મંડાણ થયા હોવાથી ફિલ્મ પ્રોડક્શનમાં સિનેમેટોગ્રાફર, એડિટર જેવા પદ પર કામ કરનારાઓ સ્વતંત્રપણે ફિલ્મ દિગ્દર્શન તરફ વળી રહ્યા હતા.રૂપ શોરેએ ડિરેક્ટર તરીકે પ્રારંભ કર્યો 'મજનુ' નામની ફિલ્મથી અને એમાં હેરોલ્ડ લુઈસને ટાઈટલ રોલ આપ્યો. ફિલ્મ મ્યુઝિકલ કોમેડી હતી અને કથામાં 'લૈલા મજનુ'ની પ્રેમકથા પર વ્યંગ કરવામાં આવ્યો હતો. વિનોદી વાર્તા ધરાવતી ફિલ્મમાં હીરોએ દિલધડક મોટરબાઈક સ્ટંટ કર્યા અને રેલવે ટ્રેક પર વિલન હીરોને સપડાવે છે એ દૃશ્ય પર પ્રેક્ષકો ફિદા થયા હતા. ફિલ્મને વ્યવસાયિક સફળતા મળી અને રૂપ શોરેએ આગામી ફિલ્મ 'ટારઝન કી બેટી' માટે પણ હેરોલ્ડને જ સાઈન કર્યો.એક મજેદાર વાત એ બની કે 'મજનુ' ફિલ્મની જોરદાર સફળતાને પગલે હેરોલ્ડ મજનુ તરીકે ઓળખાવા લાગ્યો અને 'ટારઝન કી બેટી'થી ઈંગ્લિશ નામ ધરાવતો એક્ટર મજનુ નામથી ઓળખાવા લાગ્યો. ત્યારપછી દરેક ચિત્રપટમાં પડદા પર મજનુ નામ આવવા લાગ્યું. 'ટારઝન કી બેટી'નું ઘણુંખરું શૂટિંગ હિમાલયના વિસ્તારમાં થયું હતું અને વન્ય ચિત્રપટ તરીકે એને ખ્યાતિ મળી હતી.હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં રોકડિયા પાકનું ચલણ વર્ષોથી અસ્તિત્વમાં છે. 'મજનુ' અને 'ટારઝન કી બેટી' એમ બે ચિત્રપટ બોક્સ ઓફિસ પર હિટ સાબિત થવાથી મિસ્ટર મજનુ શોરે સાહેબના ફેવરિટ એક્ટર બની ગયા. ત્યારબાદ તેમની મોટાભાગની ફિલ્મોમાં મજનુની હાજરી જોવા મળી. ૧૯૪૧માં 'હિંમત' આવી અને બીજા વર્ષે રૂપ શોરેએ મજનુને ડબલ રોલમાં ચમકાવતી 'નિશાની' બનાવી, જેને પણ જોરદાર સફળતા મળી. ભારતના ભાગલા થયા એ પહેલાની શોરેની અંતિમ ફિલ્મ 'શાલીમાર'માં પણ મજનુ જ હીરો હતા.

# વિમેન્સ પ્રીમિયર લીગમાં રોયલ ચેલેન્જર્સ બેંગલોર ચેમ્પિયન

## અત્યંત રોમાંચક બનેલી ફાઇનલમાં દિલ્હી કેપિટલ્સને છ વિકેટે હરાવ્યું, મંધાનાની કેપ્ટન્સ ઇનિંગ્સ







કેપ્ટન સ્મૃતિ મંધાનાની શાનદાર કેપ્ટન્સ ઈનિંગ્સ અને જ્યોર્જિયા વોલની શાનદાર બેટિંગની મદદથી રોયલ ચેલેન્જર્સ બેંગલોરે ગુરુવારે અહીં રમાયેલી ફાઈનલમાં દિલ્હી કેપિટલ્સને છ વિકેટથી હરાવીને ૨૦૨૬ની સિઝનની વિમેન્સ પ્રીમિયર લીગ (WPL) ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટ જીતી લીધી હતી. આમ મંધાનાએ તેની પરમ મિત્ર જેમિમાહ રોડ્રિગ્સની ટીમને હરાવીને ટાઈટલ જીત્યું હતું. જેમિમાહે પણ આકર્ષક બેટિંગ કરી હતી પરંતુ તેની અડધી સદી દિલ્હીને સફળતા અપાવી શકી ન હતી. આ સાથે દિલ્હી કેપિટલ્સ ફરી એક વાર કમનસીબ રહી હતી અને વધુ એક ફાઈનલમાં તેનો પરાજય થયો હતો જ્યારે બેંગલોરની ટીમે ચાર સિઝનમાં બીજી વાર ટાઈટલ જીત્યું હતું જ્યારે બાકીની બે વાર મુંબઈ ઈન્ડિયન્સ ચેમ્પિયન બન્યું હતું.

અહીંના કોટામ્બી સ્ટેડિયમ ખાતે રમાયેલી ફાઈનલમાં પ્રથમ બેટિંગ કરતાં દિલ્હી કેપિટલ્સે ૨૦ ઓવરમાં ચાર વિકેટે ૨૦૩ રનનો નોંધપાત્ર સ્કોર રજૂ કર્યો હતો જેના જવાબમાં છેક છેલ્લી ઓવર સુધીના રોમાંચ બાદ રોયલ ચેલેન્જર્સ બેંગલોરની ટીમે ૧૯.૪ ઓવરમાં ચાર વિકેટ ગુમાવીને ૨૦૪ રન કરી લીધા હતા.

બેંગલોર માટે કેપ્ટન મંધાનાએ મજબૂત બેટિંગ કરી હતી. ૧૯મી ઓવરના ચોથા બોલે આઉટ થતાં અગાઉ મંધાનાએ માત્ર ૪૧ બોલમાં ૮૭ રન ફટકાર્યા હતા જેમાં ૧૨ ચોગ્ગા અને ત્રણ સિક્સરનો સમાવેશ થતો હતો. આ ઉપરાંત જ્યોર્જિયા વોલે પણ એવી જ આક્રમક બેટિંગ કરી હતી. તેણે ૫૪ બોલમાં ૧૪ ચોગ્ગા સાથે ૭૯ રન ફટકાર્યા હતા. તેણે મંધાના સાથે બીજી વિકેટ માટે ૯૨ બોલમાં ૧૬૫ રનની વિક્રમી ભાગીદારી નોંધાવી હતી. અગાઉ બેંગલોરે ટોસ જીતીને હરીફ ટીમને બેટિંગમાં ઉતારી હતી. દિલ્હી કેપિટલ્સે આ તકનો ભરપુર લાભ ઉઠાવ્યો હતો અને શાનદાર બેટિંગ કરી હતી. ખાસ કરીને જેમિમાહ રોડ્રિગ્સ અને ચિનેલી હેનરીએ અત્યંત આક્રમક વલણ અપનાવ્યું હતું. બંનેએ મળીને એક સમયે અશક્ય લાગતા ૨૦૦ રનનો આંક વટાવી દીધો હતો. દિલ્હીની તમામ પ્રમુખ બેટરે ઉમદા બેટિંગ કરીને મજબૂત ટીમ વર્કનું પ્રદર્શન કર્યું હતું. ઓપનર લિઝેલ લીએ પ્રારંભમાં જ ૩૦ બોલમાં ત્રણ સિક્સર અને ત્રણ ચોગ્ગા સાથે ૭ રન ફટકાર્યા હતા તો તેની સાથી ઓપનર શેફાલી વર્માએ તેની આગવી શૈલીથી બેટિંગ જારી રાખી હતી તે લાંબી ઈનિંગ્સ રમી શકી ન હતી પરંતુ તેણે જે રીતે પ્રારંભ કર્યો તે જોતાં હરીફ ટીમની સુકાનીને ટોસ જીતીને બેટિંગ નહીં કરવાનો અફસોસ થયો હશે કેમ કે ઈન્ટરનેશનલ મેચમાં તેની જ સાથી ઓપનર શેફાલી અત્યારે આક્રમક અંદાજમાં રમી રહી હતી. શેફાલીએ ૧૩ બોલમાં ૨૦ રન ફટકાર્યા હતા.

પહેલી વિકેટના પતન બાદ રમવા આવેલી લૌરા વોલવાર્ડે પણ એવી જ આક્રમક બેટિંગ કરી હતી. વોલવાર્ડે તેની કેપ્ટન જેમિમાહ સાથે મળીને ત્રીજી વિકેટ માટે ૫૧ બોલમાં ૭૬ રન ઉમેરી દીધા હતા. વોલવાર્ડે ૨૫ બોલમાં ૪૪ રન ફટકાર્યા હતા. જોકે ટીમની બેટિંગનું ખરુ આકર્ષણ જેમિમાહ રોડ્રિગ્સ રહી હતી. વોલવાર્ડ સાથેની ૭૬ રનની ભાગીદારીમાં જેમિમાહનું યોગદાન ૫૭ રનનું રહ્યું હતું. અંતે તે ૩૭ બોલમાં ૫૭ રન ફટકારીને આઉટ થઈ હતી. જેમાં આઠ ચોગ્ગા સામેલ હતા. જેમિમાહની વિકેટ બાદ બેંગલોરની બોલર્સને રાહત થઈ ન હતી કેમ કે તેના બાદ ચિનેલી હેનરી રમવા આવી હતી જેણે વોલવાર્ડ સાથે ૨૪ બોલમાં ૫૪ રન ઉમેરી દીધા હતા જેમાં તેનું ખુદનું યોગદાન ૧૫ બોલમાં ૩૫ રનનું રહ્યું હતું. હેનરીએ ચાર ચોગ્ગા અને બે સિક્સર ફટકારી હતી અને ૩૫ રન સાથે અણનમ રહી હતી જ્યારે વોલવાર્ડ છેલ્લા બોલે રનઆઉટ થઈ હતી. તેણે ૨૫ બોલમાં બે સિક્સર સાથે ૪૪ રન ફટકાર્યા હતા.

# આઇસીસી અંડર-૧૯ વર્લ્ડ કપમાં આજે ભારત-ઇંગ્લેન્ડ ફાઇનલ

## છઠ્ઠા ટાઇટલ જીતવા રમનારી અજેય રહેલી મ્હાત્રેની ટીમ પાસેથી ઘણી અપેક્ષા, બપોરે ૧.૦૦થી પ્રારંભ



આયુષ મ્હાત્રેની અત્યંત પ્રતિભાશાળી ખેલાડીઓ ધરાવતી ભારતીય અંડર-૧૯ ક્રિકેટ ટીમ શુક્રવારે રમાનારી આઈસીસી અંડર-૧૯ ક્રિકેટ વર્લ્ડ કપની ફાઈનલમાં ઈંગ્લેન્ડ સામે રમશે ત્યારે તે છઠ્ઠા ટાઈટલ જીતવાના ઈરાદાથી મેદાન પર ઉતરશે. વર્તમાન ટુર્નામેન્ટમાં અત્યાર સુધી એક પણ મેચ નહીં હારેલી ભારતીય ટીમ પાસેથી ઘણી અપેક્ષા રખાય છે અને તે છેલ્લી ઘડીએ હથિયાર હેઠાં મૂકી દે નહીં તેવી પણ આશા રાખવામાં આવે છે. અહીંના હરારે સ્પોર્ટ્સ ક્લબ ગ્રાઉન્ડ પર શુક્રવારે બપોરે ૧.૦૦ કલાકથી ફાઈનલ મેચનો પ્રારંભ થશે.

વર્તમાન ટુર્નામેન્ટમાં ભારતનું પ્રદર્શન અત્યંત પ્રભાવશાળી રહ્યું છે. તે એક પણ મેચ હાર્યું નથી તો તેના મોટા ભાગના ખેલાડીઓ ઉત્કૃષ્ટ ફોર્મ ધરાવે છે. બુધવારે રમાયેલી અફઘાનિસ્તાન સામેની સેમિફાઈનલમાં ભારત સામે કપરો ટારગેટ હતો તેમ છતાં તેણે આ ટારગેટને આસાન બનાવી દીધો હતો અને સાત વિકેટે વિજય હાંસલ કરીને ટુર્નામેન્ટમાં પોતાની શક્તિ પુરવાર કરી દીધી હતી. જોકે શુક્રવારે તેનો મુકાબલો ઈંગ્લેન્ડ સામે છે અને અંગ્રેજ ટીમ પણ આ ટુર્નામેન્ટમાં એકેય મેચ હારી નથી. છેલ્લે સેમિફાઈનલમાં તેણે ઓસ્ટ્રેલિયા સામે ૨૭ રનથી રોમાંચક વિજય હાંસલ કર્યો હતો. ફાઈનલ સુધી પહોંચવાની સફરમાં ઈંગ્લેન્ડે પાકિસ્તાન, યજમાન ઝિમ્બાબ્વે, સ્કોટલેન્ડ, ન્યૂઝીલેન્ડ, બાંગ્લાદેશ અને અંતે ઓસ્ટ્રેલિયાને હરાવેલું છે. આમ શુક્રવારની ફાઈનલમાં બે અજેય ટીમ રમનારી છે અને મુકાબલો રોમાંચક રહે તેવી સંભાવના છે. શુક્રવારે બેમાંથી એક ટીમ વર્તમાન ટુર્નામેન્ટમાં પહેલી વાર પરાજયનો સામનો કરશે. આમ આ મુકાબલો બરાબરીનો રહેવાનો છે.

હજી બુધવારે જ ભારતીય અંડર-૧૯ ટીમે અફઘાનિસ્તાનને હરાવ્યું હતું. સેમિફાઈનલમાં અફઘાન ટીમે ૩૧૧ રનનો ટારગેટ આપ્યો હતો કેમ કે તેના બે ખેલાડીએ સદી ફટકારી હતી પરંતુ જવાબમાં ભારતે લગભગ દસ ઓવર બાકી રાખીને ત્રણ વિકેટ ગુમાવીને ટારગેટ વટાવી દીધો હતો. આ મેચમાં ટુર્નામેન્ટના આકર્ષણસમાન વૈભવ સૂર્યવંશીએ તો આક્રમક અડધી સદી ફટકારી હતી પરંતુ ઓપનર એરોન જ્યોર્જ અને કેપ્ટન આયુષ મ્હાત્રેએ જરૂર હતી ત્યારે જ ફોર્મ પરત મેળવીને શાનદાર પ્રદર્શન કર્યું હતું તેમાં ય એરોન જ્યોર્જે તો શાનદાર સદી ફટકારી હતી.

આ મેચ જીતીને ભારત છઠ્ઠી વાર અંડર-૧૯ વર્લ્ડ કપ ટ્રોફી જીતવાનો પ્રયાસ કરશે. છેલ્લે ૨૦૨૨માં પણ ભારતે જ ટ્રોફી જીતી હતી તે જોતાં આ વખતે મ્હાત્રેની ટીમ ટ્રોફી જાળવી રાખવા રમી રહી છે.

આ વર્લ્ડ કપમાં ભારતે અત્યાર સુધીમાં તેના મોટા ભાગના ખેલાડીને અજમાવી લીધા છે અને તમામે નિરાશ કર્યા નથી. ૧૫મી જાન્યુઆરીએ અમેરિકાને હરાવ્યા બાદ ભારતની ટીમે બાંગ્લાદેશ, ન્યૂઝીલેન્ડ, યજમાન ઝિમ્બાબ્વે અને કટ્ટર હરીફ પાકિસ્તાનને અને છેલ્લે અફઘાનિસ્તાનને હરાવ્યંદ હતું.

માત્ર આ ટુર્નામેન્ટ નહીં પરંતુ આઈસીસી અંડર-૧૯ વર્લ્ડ કપના ઈતિહાસમાં ભારત સૌથી સફળ ટીમ રહેલી છે. તેણે ૨૦૦૦, ૨૦૦૮, ૨૦૧૨, ૨૦૧૮ અને ૨૦૨૨ એમ પાંચ વાર ટાઈટલ જીતેલા છે. ત્યાર બાદ ઓસ્ટ્રેલિયાનો ક્રમ આવે છે જેણે ચાર વખત ટાઈટલ જીત્યું છે.

ફોર્મ અને એકંદરે ટીમનું બેલેન્સ જોતાં આ ટુર્નામેન્ટમાં વિકેટકીપર બેટર અભિજ્ઞાન કુન્ડુ ભારતના સ્ટાર ખેલાડી રહ્યો છે. આ ડાબેરી બેટરે અત્યાર સુધીમાં પાંચ મેચમાં બે અડધી સદી સાથે ૧૯૯ રન ફટકાર્યા છે. બિગ હિટર તરીકે જાણીતા બનેલા વૈભવ સૂર્યવંશીએ છ મેચમાં ૨૬૪ રન ફટકાર્યા છે. જોકે સદી માટે જાણીતા વૈભવે હજી સુધી ત્રણ અડધી સદી ફટકારી છે પરંતુ સદી સુધી પહોંચી શક્યો નથી. ત્યારે ફાઈનલ મેચને યાદગાર બનાવીને પોતાના આઈપીએલના અભિયાનનો પ્રારંભ કરવા વૈભવ આ મેચમાં આક્રમક સદી ફટકારે તેવી અપેક્ષા રખાય છે. આ ઉપરાંત વિહાન મલ્હોત્રા અને ગુજરાતના વેદાંત ત્રિવેદીએ પણ ઉપયોગી યોગદાન આપ્યું છે. મલ્હોત્રાએ ઝિમ્બાબ્વે સામેની મેચમાં અણનમ ૧૦૯ રન ફટકાર્યા હતા.

ભારતીય ટીમઃ આયુષ મ્હાત્રે (સુકાની), એરોન જ્યોર્જ, વૈભવ સૂર્યવંશી, અભિજ્ઞાન કુન્ડુ, હરવંશ પંગાલિયા, વેદાંત ત્રિવેદી, વિહાન મલ્હોત્રા, આર એસ અંબરિશ, કનિષ્ક ચૌહાણ, ખિલાન પટેલ, દિપેશ દેવેન્દ્રન, હેનિલ પટેલ, મોહમ્મદ ઈનાન, ઉધવ મોહન, કિસન સંઘ.

# પાકિસ્તાન રમે કે નહીં અમે કોલંબો જવાના છીએઃ સૂર્યકુમાર યાદવ

## પીસીબીએ ભલે મેચ રમવાનો ઇનકાર કર્યો હોય પણ અમારી ફ્લાઇટ બુક છે અને અમે જઇશું



આઈસીસી ટી૨૦ ક્રિકેટ વર્લ્ડ કપમાં ૧૫મી ફેબ્રુઆરીએ ભારતીય ટીમે પાકિસ્તાન સામે કોલંબોમાં રમવાનું છે પરંતુ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે આ મેચનો બહિષ્કાર કર્યાની જાહેરાત કરી દીધી છે આમ છતાં ભારતીય સુકાની સૂર્યકુમાર યાદવે ગુરુવારે જણાવ્યું હતું કે પાકિસ્તાન સામેની મેચ રમવા માટે ૧૫મીએ અમે તો શ્રીલંકા જનારા છીએ અને અમારી ફ્લાઈટ પણ બુક થઈ ગઈ છે. જોકે સૂર્યાએ કબૂલ્યું હતું કે તેમાં સંકળાયેલા આઈસીસી સહિતના તમામ પક્ષકારો માટે આ કપરો સમય છે. આઈસીસીએ તો મેચ નહીં રમવા સામે થનારી અસર અંગે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડને ચેતવી પણ દીધું છે.

સૂર્યકુમાર યાદવે ઉમેર્યું હતું કે આ મારો નિર્ણય નથી. મને ખાતરી છે કે આઈસીસી કોઈ ઉકેલ માટે કામ કરશે પરંતુ આ નિર્ણય અન્ય દેશ કે અન્ય સરકારે લીધેલો છે તેમાં આઈસીસીએ કાંઈક કરવાનું છે.ભારતને ૧૫મી ફેબ્રુઆરીએ કોલંબો ખાતે પાકિસ્તાન સામે વર્લ્ડ કપની મેચ રમવાની છે પરંતુ પાકિસ્તાનની ટીમને તેમની સરકારે આ મેચમાં નહીં રમીને બાંગ્લાદેશને સપોર્ટ કરવાનો આદેશ આપ્યો છે. અગાઉ બાંગ્લાદેશે ભારતમાં નહીં રમવાની માગણી કરતાં આઈસીસીએ તેની હકાલપટ્ટી કરી હતી અને તેને સ્થાને સ્કોટલેન્ડને વર્લ્ડ કપમાં સામેલ કરી દીધું હતું.તેમનો પીસીબી)નો નિર્ણય મારા અંકુશમાં નથી. હું ઈચ્છું કે હું તેમને બદલે નિર્ણય લઈ શક્યો હોત.

# બાંગ્લાદેશના ટેકામાં ભારતની મેચનો બોયકોટ કર્યોઃ પાકિસ્તાન વડાપ્રધાન

## ટી૨૦ વર્લ્ડ કપમાં ભારત સામેની મેચના બહિષ્કારને શરીફે યોગ્ય ગણાવ્યો



આઈસીસી ટી૨૦ ક્રિકેટ વર્લ્ડ કપમાં પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી)એ ભારત સામેની મેચનો બહિષ્કાર કરવાનો નિર્ણય લીધો છે તેને પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફે યોગ્ય ગણાવ્યો છે અને એવો દાવો કર્યો છે કે અમે બાંગ્લાદેશના સપોર્ટમાં આ નિર્ણય લઈને અમારું વલણ સ્પષ્ટ કરી દીધું છે. ભારત અને શ્રીલંકામાં યોજાનારા આઈસીસી ટી૨૦ વર્લ્ડ કપમાં ૧૫મી ફેબ્રુઆરીએ ભારત અને પાકિસ્તાન વચ્ચે કોલંબોમાં મેચ રમાનારી હતી પરંતુ આઈસીસીએ બાંગ્લાદેશની હકાલપટ્ટી કરી દેતાં વિવાદ સર્જાયો હતો અને તેમાં પાકિસ્તાને આ મેચ નહીં રમવાનો નિર્ણય લીધો હતો. પાકિસ્તાની સરકારે જ પીસીબીને કોલંબો ખાતેની આ મેચનો બહિષ્કાર કરવાનો આદેશ આપ્યો હતો. જોકે પીસીબીએ સુરક્ષાના કારણો ધરીને મેચ નહીં રમવાનું જાહેર કર્યું હતું. આ સંજોગોમાં આઈસીસીએ બાંગ્લાદેશને સ્થાને સ્કોટલેન્ડને વર્લ્ડ કપમાં સામેલ કરી દીધું હતું.

શાહબાઝ શરીફે સરકારની એક બેઠક દરમિયાન જણાવ્યું હતું કે અમે એકદમ સ્પષ્ટ વલણ અપનાવ્યું છે કે અમે ભારત સામેની ટી૨૦ વર્લ્ડ કપની મેચ નહીં રમીએ કેમ કે રમતના મેદાન પર કોઈ રાજકારણ હોવું જોઈએ નહીં. આ સંજોગોમાં અમારે બાંગ્લાદેશની સાથે રહેવું જોઈએ. મને લાગે છે કે આ એકદમ યોગ્ય નિર્ણય છે, અમે બાંગ્લાદેશની પડખે છીએ.

પાકિસ્તાનના આ વલણ સામે બાંગ્લાદેશના સુરક્ષા સલાહકાર આસિફ નઝરૂલે પાકિસ્તાનનો આભાર માન્યો હતો. દરમિયાન આ મામલે આઈસીસીએ પણ કડક વલણ અપનાવ્યું છે અને પાકિસ્તાન ક્રિકેટ બોર્ડને ભારત સામે નહીં રમવાના સંજોગોમાં આકરા પગલાની તૈયારી રાખવાની ચેતવણી આપી દીધી છે. આ મેચ ન રમાય તેવા સંજોગોમાં સ્પોન્સર્સ, બ્રોડકાસ્ટર્સ અને અન્ય તમામ પરિબળોને ભારે નુકસાન થઈ શકે છે અને તેની ભરપાઈ પીસીબીએ કરવી પડે તેવી પણ આઈસીસી પાસે જોગવાઈ અને અધિકારો છે.

આઈસીસીને આશા છે કે પીસીબી આ મામલે હજી પણ વિચારણા કરશે અને તેની અસરો અંગે પણ વિચારીને પગલું ભરશે કેમ કે આખરે આ વિવાદથી પાકિસ્તાન ક્રિકેટને મેદાન પર અને આર્થિક રીતે ઘણું નુકસાન થનારું છે. દરમિયાન પાકિસ્તાની ટીમ કોલંબો પહોંચી ગઈ છે અને તે ભારત સિવાયની તેની બાકીની મેચો રમવા માટે તૈયારી કરી રહી છે. શનિવારથી પાકિસ્તાન તેના અભિયાનનો પ્રારંભ કરશે અને પોતાની પહેલી મેચમાં નેધરલેન્ડ્સ સામે રમશે.

# ઇંગ્લેન્ડના બ્રુકે ૩૦૦ થી વધુના રેકોર્ડ સ્કોરની કરી આગાહી



ઈંગ્લેન્ડના કેપ્ટન હેરી બ્રુકે ગુરુવારે કહ્યું કે, તેમનું માનવું છે કે, આ એક રેકોર્ડબ્રેક ્૨૦ વર્લ્ડ કપ હોઈ શકે છે, જેમાં ચાહકો વિસ્ફોટક બેટિંગ અને ૩૦૦ થી વધુ સ્કોરની રાહ જોઈ રહ્યા છે.

૨૦૦૭માં શ્રીલંકા દ્વારા બનાવેલ ૨૬૦/૬નો સ્કોર પુરુષોની ટુર્નામેન્ટની છેલ્લી નવ આવૃત્તિઓમાં સૌથી વધુ સ્કોર છે. ભારત અને શ્રીલંકા દ્વારા સંયુક્ત રીતે આયોજિત ૨૦૨૬ T20 વર્લ્ડ કપ શનિવારથી શરૂ થશે, અને ઈંગ્લેન્ડ તેમની બધી ગ્રુપ ઝ મેચ મુંબઈના વાનખેડે સ્ટેડિયમ અને કોલકાતાના ઈડન ગાર્ડન્સ ખાતે રમશે, બંને મેદાન ઉચ્ચ સ્કોરિંગ માટે પ્રખ્યાત છે.

બ્રુકે કહ્યું, "ભારતમાં ઘણા મેદાનો છે જ્યાં ૩૦૦ થી વધુનો સ્કોર બનાવી શકાય છે," જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું તેમને લાગે છે કે આટલો ઊંચો સ્કોર શક્ય છે.

# ભારત સામેના મેચનો પાક. દ્વારા બહિષ્કાર વિશે ક્રિકેટ બોર્ડને કોઇ સતાવાર જાણ નથી



ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬માં ભારત અને પાકિસ્તાન વચ્ચેના હાઈ-વોલ્ટેજ મુકાબલા પર સંકટના વાદળો ઘેરાયા છે. પાકિસ્તાન દ્વારા ભારત સામેના મેચના બહિષ્કારના સમાચારો વચ્ચે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ એ આ મામલે પોતાનું વલણ સ્પષ્ટ કર્યું છે.વડોદરામાં BCCI સચિવ દેવજીત સૈકિયાએ જણાવ્યું હતું કે, પાકિસ્તાન દ્વારા ગ્રુપ સ્ટેજની મેચના બહિષ્કારને લઈને અત્યાર સુધી ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC) તરફથી કોઈ સત્તાવાર માહિતી મળી નથી.તેમણે સ્પષ્ટ કર્યું હતું કે કોણ રમશે અને કોણ નહીં, તે ICC અને સંબંધિત દેશ (પાકિસ્તાન) નક્કી કરશે. જ્યાં સુધી ICC સૂચના નહીં આપે, ત્યાં સુધી બોર્ડ આ મામલે કંઈ કહી શકે નહીં.સૈકિયાએ વધુમાં જણાવ્યું કે ટૂર્નામેન્ટના ભારત સ્થિત પાંચ વેન્યુ- કોલકાતા, મુંબઈ, દિલ્હી, અમદાવાદ અને ચેન્નાઈમાં મેચોના આયોજન માટે બોર્ડ સંપૂર્ણપણે તૈયાર છે. ટૂર્નામેન્ટનો ઉદ્ઘાટન સમારોહ અને ભારત-અમેરિકા વચ્ચેની પ્રથમ મેચ નિર્ધારિત સમયપત્રક મુજબ ૭ ફેબ્રુઆરીએ મુંબઈમાં જ યોજાશે. હાલમાં તમામ મુકાબલાઓ નક્કી કરેલા શિડ્યુલ મુજબ જ રમાશે.

# ઓલ ઈન્ડિયા ફાયર સર્વિસ ગેમ્સમાં ઉધનાના સબ ઓફિસરનો ઉત્કૃષ્ટ દેખાવ

## સ્ટેર રેસ સ્પર્ધામાં ૨૩ માળની ઇમારત ઉપર ૫ મિનિટ ૩૫ સેકન્ડમાં ચઢી સુરતના ફાયર સબ ઓફિસરે જીત્યો બ્રોન્ઝ મેડલ

સુરત, તા.૬

રાજસ્થાનના ઉદયપુરમાં યોજાયેલી ઓલ ઈન્ડિયા ફાયર સર્વિસ ગેમ્સ-૨૦૨૬માં સુરતના ઉધના ફાયર સ્ટેશનમાં ફરજ બજાવતા ૪૮ વર્ષીય સબ ઓફિસરશ્રી નરોત્તમ કે. ખલાસીએ રાષ્ટ્રીય કક્ષાએ સિદ્ધિ મેળવી સુરત શહેર તેમજ સુરત ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસનું ગૌરવ વધાર્યું છે. તેમણે સ્ટેર રેસ (STAIR RACE-FFG) સ્પર્ધામાં ૨૩ માળની ઈમારત માત્ર ૫ મિનિટ ૩૫ સેકન્ડમાં ચઢીને બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો છે.

દેશના વિવિધ રાજ્યોમાંથી ૨,૩૦૦ જેટલા ખેલાડીઓએ વિવિધ રમતોમાં ભાગ લીધો હતો. જેમાં કઠિન તાલીમ, દમદાર શારીરિક ક્ષમતા અને અડગ મનોબળના સૌએ દર્શન કરાવ્યા હતા. સુરત ફાયર વિભાગના અધિકારી-સહકર્મચારીઓએ તેમને અભિનંદન પાઠવી, ભવિષ્યમાં પણ રાષ્ટ્રીય કક્ષાએ શ્રેષ્ઠ પ્રદર્શન કરવા માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

સ્ટેર રેસ સ્પર્ધા ફાયર સર્વિસની સૌથી પડકારજનક સ્પર્ધા છે. સંપૂર્ણ ફાયર ફાઈટિંગ ગિયર સાથે ઊંચી ઈમારતની સીડીઓ સમયમર્યાદામાં ચઢવી એ ફાયર કર્મચારીઓની ફિટનેસ, સહનશક્તિ અને ફરજ પ્રત્યેની તૈયારીનો પરિચય આપે છે.

આ સિદ્ધિ અંગે સબ ઓફિસર નરોત્તમ કે. ખલાસીએ જણાવ્યું હતું કે, ફાયર સર્વિસની નોકરીમાં ફિટનેસ અને શિસ્ત અત્યંત મહત્વની છે. રોજિંદી તાલીમ અને ફરજ પ્રત્યેની નિષ્ઠાએ મેડલ અપાવ્યો છે. આ મેડલ હું મારી ટીમ અને સુરત શહેરને સમર્પિત કરું છું.

## સ્વાસ્થ્યવર્ધક પોંક



શિયાળાની ઠંડી મોસમમાં જ મળતો પોંક એટલે કે કાચી અને કુમળી જુવાર. જે પાકીને કડક થાય એ પહેલાં જ ઉતારી લીધેલું આ લીલુંછમ ધાન્ય માત્ર જીભને ચટાકો આપવાનું જ નહીં પરંતુ શારીરિક સ્વાસ્થ્ય વધારવાનું પણ કામ કરે છે. ઇન્સ્ટન્ટ એનર્જી પૂરી પાડતાં આ પોંકને આપણી લીંબુ-મરીવાળી સેવ ભરેલી ડીશ સુધી પહોંચાડવા ખેડૂત તેને કાપવાની, શેકવાની, ઝાપટવાની, ચાળવાની અને ઉપણવા જેવી વિવિધ પરંપરાગત પ્રક્રિયાઓમાંથી પસાર કરે છે ત્યારે તેમાં બેજોડ સ્વાદ અને સોડમ નિષ્પન્ન થતાં હોય છે. અંકલેશ્વર-રાજપીપળા સ્ટેટ હાઇવે ઉપર સીમોદરા ગામે કેમેરામાં કેદ થયેલ આ પોંક વિક્રેતા ખેડૂત પરિવારની તસવીર ફાસ્ટ ફૂડનાં રસીયાઓને ઘણું બધું કહી જાય છે.

# પીએમ સ્વનિધિ યોજના રૂપે ક્રેડિટ કાર્ડ અને કોલેટરલ ફ્રી લોનની સુવિધા

## સુરતમાં આજ સુધીમાં ૧,૩૩,૦૫૮ લાભાર્થીઓને બેંક દ્વારા કુલ રૂ. ૨૦૩.૯૯ કરોડની લોન આપવામાં આવી

સુરત, તા.૬

શહેરી વિસ્તારમાં નાનો ધંધો અને સ્વરોજગાર કરતા ફેરિયાઓ અને સ્ટ્રીટ વેન્ડર માટે કેન્દ્ર સરકારે પ્રધાનમંત્રી સ્ટ્રીટ વેન્ડર્સ આત્મનિર્ભર નિધિ યોજના અમલી છે. નાના વેપારીઓ અને ફેરિયાઓને આર્થિક રીતે પગભર કરવા માટે મહત્વપૂર્ણ યોજના સાબિત થઈ રહી છે. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય શાકભાજી, ફળ, ખાણીપીણીની લારીવાળા, પાથરણાવાળા, ધોબી, વાળંદ, મોચીકામ કરતા તેમજ ફૂટપાથ પર વેપાર કરતા લોકોને કાર્યકારી મૂડી પૂરી પાડવાનો છે. આ યોજનાના મુખ્ય આકર્ષણ જોઈએ તો નાના વેપારીઓને સરળ હપ્તે કોલેટરલ ફ્રી લોન આપવામાં આવે છે. વળી, કોઈપણ જાતની જામીનગીરી વગર ફેરિયાઓને ત્રણ તબક્કામાં લોન આપવામાં આવે છે: જેમાં પ્રથમ વખત લાભાર્થીને રૂ. ૧૦,૦૦૦/- ની લોન મળે છે, ત્યાર બાદ નિયમિત ભરપાઈ પર રૂ. ૨૦,૦૦૦/- ની લોન મળે છે અને ત્રીજી વખત રૂ. ૫૦,૦૦૦/- ની લોન આપવામાં આવે છે.

રાજ્ય સરકાર દ્વારા ગાંધીનગરમાં યોજાયેલ "સ્વનિધિ સમારોહ"માં સુરત મહાનગરપાલિકાની આ યોજનામાં ઉત્તમ કામગીરી બદલ મેગા અને મિલિયન પ્લસ સિટી કેટેગરીમાં શ્રેષ્ઠ કામગીરી બદલ સુરત મહાનગરપાલિકાએ રાજ્ય કક્ષાએ "ઈછેંજીઈ એવોર્ડ' (સેકન્ડ બેસ્ટ સિટી) મેળવ્યો છે. લાભાર્થીઓને લોન ઉપર વાર્ષિક ૭% વ્યાજ સબસિડી સરકારશ્રી દ્વારા ઙ્મ (ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર) મારફતે સીધી તેમના બેંક ખાતામાં જમા કરવામાં આવે છે, ત્યારે સુરતના લાભાર્થીઓને આજ દિન સુધીમાં રૂ. ૬.૩૨ કરોડની વ્યાજ સબસિડી ચૂકવવામાં આવી છે.

શેરી ફેરિયાઓને ફોનપે, પેટીએમ, ગુગલપે વગેરે જેવા પેમેન્ટ એગ્રીગેટર સાથે જોડીને ડિજિટલ ટ્રેનિંગ આપવામાં આવે છે. ડિજિટલ ટ્રાન્ઝેક્શન પર માસિક રૂ. ૧૦૦ સુધી કેશબેક મળવાપાત્ર છે. ઉપરાંત હોલસેલ ખરીદીના મર્ચન્ટ ટ્રાન્ઝેક્શન પર વધારાનું કેશબેક આપવામાં આવે છે, જે અંતર્ગત શહેરમાં ડિજિટલ ટ્રાન્ઝેક્શન બદલ ફેરિયાઓને કુલ રૂ. ૪.૮૨ કરોડનું ઈન્સેન્ટિવ ચૂકવવામાં આવ્યું છે.

## કોસંબાથી જ્યોતિકોર તેલપેતિયા ગુમ

સુરત, તા.૬

સુરત:ગુરુવાર: કામરેજ પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૩૧/૦૫/૨૦૨૫ ના રોજ મકાન નં.૪૪, સર્જન હોમ્સ, કામરેજ (મૂળ રહે. ગામ-સિરોતી, તા-કામા, જિ-ભરતપુર, રાજસ્થાન) ખાતે રહતા રામસિંહ તેલપેતિયાના ૨૨ વર્ષીય પત્ની જ્યોતિકોર તેલપેતિયા ગુમ થયા છે. તેઓ શરીરે પાતળા બાંધાના, રંગે ઘઉવર્ણ અને ઊંચાઈ ૫.૦ ફૂટ છે. તેમણે પંજાબી ડ્રેસ પહેર્યો છે. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા કામરેજ પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## સચિનથી સાદીયા શેખ ગુમ

સુરત, તા.૬

સચિન પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૨૦/૦૧/૨૦૨૬ ના રોજ ઘર નં.૧૩, પ્લોટ નં.૨૦, સાઈનાથ સૂડા સેક્ટર-૦૧, સચિન (મૂળ રહે. ગામ-ડરહૌલ, જિ-મુજફરપુર, બિહાર) ખાતે રહતા પ્રવીણ મોહમ્મદ શેખના ૧૮ વર્ષીય પુત્રી સાદીયા શેખ ગુમ થયા છે. તેઓ શરીરે પાતળા બાંધાના, રંગે ઘઉવર્ણ અને ઊંચાઈ ૫.૦ ફૂટ છે. તેમણે બુરખો પહેર્યો છે. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા સચિન પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## માંગરોળથી રવિનાબેન ગુમ

સુરત, તા.૬

માંગરોળ પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૨૮/૦૮/૨૦૨૫ ના રોજ વસરાવી ગામ, માંગરોળ ખાતે રહેતા ઘનશ્યામભાઈ જાનીના ૧૮ વર્ષીય પુત્રી રવિનાબેન જાની ગુમ થયા છે. તેઓ શરીરે પાતળા બાંધાના, રંગે ઘઉવર્ણ અને ઊંચાઈ ૪.૦ ફૂટ છે. તેમણે ટી-શર્ટ અને કાળી પેન્ટ પહેર્યા છે. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા માંગરોળ પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

# યુનિ.માં જાતિગત સમાનતા સ્વસ્થ અને કાયદાકીય જન જાગૃતિ વિશે સેમિનાર

## POSH ACT ૨૦૧૩" વિષય પર આખો દિવસ નિષ્ણાંતોનું માર્ગદર્શન

સુરત, તા.૬

તારીખ ૦૩/૦૨/૨૦૨૬ ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના માનનીય કુલપતિશ્રી ડો.કિશોરસિંહ ચાવડા સાહેબના માર્ગદર્શન હેઠળ વુમન ડેવલપમેન્ટ સેલ અને જેન્ડર રિસોર્સ સેન્ટર, મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગુજરાતના સંયુક્ત ઉપક્રમે ''સેતુકાર્યક્રમ''નાભાગરૂપે GRC અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનાસંયુક્ત ઉપક્રમે "સેતુ કાર્યક્રમ" અંતર્ગત "જાતિગત સમાનતા સ્વસ્થ અને કાયદાકીય જન જાગૃતિ POSH ACT ૨૦૧૩" વિષય પર એક દિવસીય સેમિનાર એક દિવસીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સેમિનાર મુખ્ય ત્રણ સત્રમાં વિભાજીત હતો. સવારે ૧૨:૦૦ વાગ્યાથી શરૂ થયેલ અંતર્ગત શિક્ષણ વિભાગના પ્રોફેસર ડૉ. કિર્તીબેન ઠાકર દ્વારા સમગ્ર કાર્યક્રમની રૂપરેખા અને કાર્યક્રમ વિશેષ જ્ઞાન અને સમજણ આપવામાં આવી હતી.સામગ્ર કાર્યક્રમની સરુવાત વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્ષિટીના મા.કુલપતિ શ્રી દ્વારા સરસ્વતી વંદના,પ્રાસંગીક ઉદબોધન અને ઉપસ્થિત મહેમાનોના સ્વાગત સત્કાર બાદ ૧૨:૩૦ વાગ્યે કાર્યક્રમની શરૂઆત થઈ હતી.પ્રથમ સત્ર ૧૨:૩૦ વાગ્યાથી ૨:૦૦ વાગ્યા સુધી હતું.આ સત્રના મુખ્ય વક્તા તરીકે પધારેલ ડો.હીના મકવાણા હતા.તેમણે "જન જાગૃતિ અને POSH ACT ૨૦૧૩" વિશાખા વર્સીસ સ્ટેટ ઓફ રાજસ્થાન સર્વોચ્ચ અદાલતના કેસ ને આધારે રચાયેલ જાતીય સતામણીના મુદાને ધ્યાનમાં રાખીને સ્ત્રી સંરક્ષણ અંતર્ગત કાયદાશાસ્ત્રની વિવિધ કલમો, POSH ACT ૨૦૧૩, આ અંગે ફરિયાદની અને ફરિયાદ આધારિત નિર્ણયના સમયગાળા સંદર્ભે પુરાવા સાથે સવિશેસ માર્ગદર્શન આપવામાં આવ્યું. આમ પ્રથમ સત્ર ખુબજ જ્ઞાન પૂર્ણ રહ્યું હતું . બીજું સત્ર ૨:૦૦ વાગ્યાથી ૩:૩૦ વાગ્યા સુધી ચાલ્યું.તેમાં મુખ્ય વક્તા તરીકે ડો. મહારૂખ કરંજિયા હાજર રહયા હતા.આ સત્ર દરમિયાન તેમણે સ્ત્રી અને પુરુષના સામાજિક ધોરણો, ભૂમિકા અને વિવિધ દરજ્જાના આધારિત વર્તમાન મોર્ડન સમાજની રચનામા માટેની જરૂરિયાત સંદર્ભે વાસ્તવિક ઉદાહરણના આધારિત જાતિગત સમાનતા વિષે ખુબજ ઉત્સાહ પૂર્વક વક્તવ્ય આપ્યું હતું.૩:૦૦ વાગ્યાથી ૫:૩૦વાગ્યા સુધી ત્રીજું અને કાર્યરત સ્ત્રીના સ્વસ્થ સ્વાસ્થ્ય અને આહાર શૈલી આધારિત ખુબજ ઉપયોગી વિષય ઉપર ડો.શશી સૈની દ્વારા આપવામાં આવ્યું હતું. જેમાં ઘરમા પત્ની અને કાર્યસ્થળ પર કર્મચારીની બેવડી ભૂમિકા ભજવતી સ્ત્રી માટેની સ્વસ્થ અને શક્તિવર્ધક ખોરાક અને ખોરાકની ટેવ વિષે જૈવિક વિજ્ઞાન આધારિત માર્ગદર્શન આપ્યું હતું. આમ આ તૃતીય સત્રપણ આવેલ અધ્યાપક શ્રી ઓ માટે ઉપયોગી રહ્યું હતું.આ સાથે સમગ્ર કાર્યક્રમના અંતિમ ચરણમા સમગ્ર શ્રોતાગણ પાસે કર્યક્રમ અંગેની પોસ્ટ ટેસ્ટ ભરાવવામા આવી હતી.સમગ્ર કાર્યક્રમને અંતે પધારેલ વક્તાગણ અને શ્રોતાગણનો આભાર ડો.રેખાબેન ગઢવી દ્વારા માનવામાં આવ્યો હતો અને કાર્યક્રમની પુર્ણાહુતિ કરવામાં આવી હતી.

# શેરડીના પાકમાં સફેદ માખીના નિયંત્રણ માટે ખેતીવાડી ખાતાની માર્ગદર્શિકા જાહેર

## શેરડીના પાકને બચાવવા સફેદ માખીના સંકલિત વ્યવસ્થાપન અંગે ખેડૂતો આટલી કાળજી રાખે

સુરત, તા.૬

દક્ષિણ ગુજરાતના મુખ્ય ગણાતા શેરડીના પાકમાં હાલમાં સફેદ માખીનો ઉપદ્રવ જોવા મળી રહ્યો છે. આ જીવાત પાકના પાનમાંથી રસ ચૂસીને ખેતીને મોટું નુકસાન પહોંચાડે છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને નવસારી કૃષિ યુનિવર્સિટી દ્વારા ખેડૂતો માટે સંકલિત વ્યવસ્થાપનની માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે.

શેરડીના પાક માટે ખેતરમાં વધારાના પાણીના નીતારની યોગ્ય વ્યવસ્થા કરવી જરૂરી છે. ક્ષારીય જમીનમાં શેરડીનું વાવેતર કરવાનું ટાળવું અથવા લામ પાક લેવો નહીં. રાસાયણિક ખાતર તેમજ પિયત હંમેશા ભલામણ મુજબ જ આપવું. સફેદ માખીના ઉપદ્રવિત કોશેટાવાળા પાન કાપીને તેનો યોગ્ય નિકાલ કરવો. સફેદ માખીના જૈવિક નિયંત્રણ માટે બચ્ચા/કોશેટાના પરજીવી એન્કાર્સીયા મેક્રોપ્ટેરાની વૃધ્ધિ કરવા ૪૦ મેશનાં પાજરાની સંખ્યા ૧૦ થી ૧૨ પ્રતિ હેક્ટર રાખવી અને પાંજરામાં ૧૫ થી ૨૦ દિવસે વધુ ઉપદ્રવિત કોશેટાવાળા પાન કાપીને નાંખવા તથા ૧૫ દિવસે પાન બદલતા રહેવું. સફેદ માખીના ઈંડા તેમજ બચ્ચાંને ખાનારા દાળીયાકિટકો જેવા કે સેરેન્જીયમ પારસેસીટોઝમ, મેનોચીલસ સેક્સમેક્યુલેટસ, બુમોઈટસ સુચુરાલીસ, પરભક્ષી કરોળીયા તથા કેટલીવાર ક્રાયસોપા પણ જોવા મળે છે ત્યારે, દવાનો છંટકાવ મુલત્વી રાખવો. લીંબોળીનું તેલ ૫૦ મિ.લિ તથા ૨૦૦ ગ્રામ યુરીયા તેમજ એક ચમચી ડિટર્જન્ટ પાઉડર ૧૦ લિટર પાણીમાં ભેળવીને સફેદ માખીના નિયંત્રણ માટે છંટકાવ કરવો. સફેદ માખીના શરૂઆતના નિયંત્રણ માટે ઈમીડાક્લોપ્રીડ ૧૭.૮ ટકા એસ.એલ. ૧૦ લિટર પાણીમાં ૩ મિ.લિ. પ્રમાણે ભેળવી છંટકાવ કરવો, વધુમાં દવાના વપરાશ વખતે દવા ઉપર આપવામાં આવેલ લેબલ મુજબ જે તે પાક માટે તે ભલામણમાં જણાવ્યા મુજબની કાળજીઓ રાખવા અને અનુસરવા જણાવવામાં આવે છે.

વધુ માહિતી કે માર્ગદર્શન માટે ખેડૂતોએ પોતાના વિસ્તારના ગ્રામસેવક, વિસ્તરણ અધિકારી, ખેતી અધિકારી, તા.અમલીકરણ અધિકારી, મદદનીશ ખેતી નિયામક, નાયબ ખેતી નિયામક (વિસ્તર), નાયબ ખેતી નિયામક(તાલીમ)નો સંપર્ક કરવા જિ.ખેતીવાડી અધિકારી, જિ.પં.-સુરતની યાદીમાં જણાવાયું છે.

### સુરત

પહેલા પાનાનું ચાલુ

અને નોટ્સ બતાવ્યા. તેમણે કહ્યું કે આ પુસ્તકોમાં ગાંધી પરિવાર અને કોંગ્રેસ પરિવારની કપટ, ગદ્દારી, ભ્રષ્ટાચાર અને ઐયાશીનો ઉલ્લેખ છે. લોકસભા સ્પીકર ઓમ બિરલાની ઓફિસમાં વિપક્ષ અને ભાજપના સાંસદો વચ્ચે પણ ચર્ચા થઈ. ઓફિસનો જે વીડિયો સામે આવ્યો છે, તેમાં વિપક્ષની મહિલા સાંસદ કેન્દ્રીય સંસદીય મંત્રી કિરણ રિજિજુને કંઈક કહેતા દેખાય છે.

### જલંધરમાં આપ

પહેલા પાનાનું ચાલુ

કરવામાં આવી રહી છે અને ટૂંક સમયમાં આરોપીઓ સુધી પહોંચવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

એડીસીપી જયંત પરીએ જણાવ્યું કે AAP નેતા લકી ઓબેરોય સવારે ૭:૧૫ વાગ્યાની આસપાસ ગુરુદ્વારામાંથી નીકળ્યા. આ પછી જેવો તે પોતાની થારમાં બેસવા લાગ્યો, ત્યારે એક યુવકે આવીને ગોળીઓ ચલાવી દીધી. બે યુવકો એક્ટિવા પર આવ્યા હતા અને તે બંને ભાગી ગયા.

પોલીસે તમામ નાકાઓ પર હુમલાખોરો વિશે જાણ કરી દીધી છે. આ સાથે જ ગુરુદ્વારાના સીસીટીવી પણ તપાસવામાં આવી રહ્યા છે. પોલીસના જે હાઈટેક સીસીટીવી લાગેલા છે, તેના ફૂટેજ પણ કાઢવામાં આવી રહ્યા છે, જેથી આરોપીઓને જલદીથી જલદી પકડી શકાય.

### સાયબર છેતરપિંડમાં

પહેલા પાનાનું ચાલુ

રીઝર્વ બેન્કના ગર્વનર સંજય મલ્હોત્રાએ આજે એક પત્રકાર પરિષદમાં બેન્કની નવી ધિરાણ નીતિ જાહેર કરવાની સાથે જણાવ્યું હતું કે બેન્ક ગ્રાહકોને સાયબર ફ્રોડનો સામનો કરવો પડી રહ્યો છે અને ગ્રાહકો તેમની બચત પણ ગુમાવી રહયા છે.

રિઝર્વ બેન્ક તેને રોકવા માટે અનેકવિધ પગલા લઈ રહી છે. જેમાં હવે ગ્રાહકોને વળતર મળે તેમ નાની રકમના સાયબર ફ્રોડમાં ગ્રાહકને રુા.૨૫ હજારનું વળતર ચુકવવામાં આવશે. જેનું પુરું ફ્રેમવર્ક આગામી સમયમાં જાહેર કરવામાં આવશે. શ્રી મલ્હોત્રાએ જણાવ્યું હતું કે સાયબર ફ્રોડ રોકવા માટે આરબીઆઈ વધુ આક્રમક રીતે પગલા લેશે.

### 'પરિક્ષા પે ચર્ચા'માં

પહેલા પાનાનું ચાલુ

PPCની ૯મી આવૃત્તિમાં ૪.૫ કરોડથી વધુ નોંધાયેલા સહભાગીઓ અને ૨.૨૬ કરોડ વધારાના લોકો હતા, જેમણે વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લીધો હતો.

આ વર્ષે કુલ સહભાગિતા ૬.૭૬ કરોડથી વધુ છે. 'પરીક્ષા પે ચર્ચા'નો એપિસોડ સોની Liv, પ્રાઈમ વીડિયો અને ઝી ૫ જેવા OTT પ્લેટફોર્મ પર પણ ઉપલબ્ધ થશે.

જ્યારે આઝાદીના ૧૦૦ વર્ષ પૂરા થશે ત્યારે તમે લોકો ૩૯-૪૦ વર્ષના હશો. તમારે અત્યારથી જ વિકસિત ભારતને પોતાનું સપનું બનાવવું જોઈએ. ભગત સિંહ આઝાદીનું સપનું દિલમાં રાખીને ફાંસી પર ચડી ગયા. જે લોકોએ આઝાદીના ૨૫ વર્ષ પહેલા, ૩૦ વર્ષ પહેલા બલિદાન આપ્યા, તેનાથી જ આઝાદી મળી. પોતાનું સપનું બનાવો કે વિકસિત ભારત માટે મારે શું કરવાનું છે.

સ્ટુડન્ટે સવાલ કર્યો કે પ્રેઝન્ટેશન આપતી વખતે હું ગભરાઈ જાઉં છું. આ ડરને કેવી રીતે ભગાવવો?

સ્એ કહ્યું- ક્યારેય જોયું છે કે ફૂટપાથ પર કોઈ ગરીબ મહિલા પણ જ્યારે ટીવી પર કોઈ ઘટના વિશે જણાવે છે તો કેટલા આત્મવિશ્વાસથી વાત કરે છે. શું તેણે ઈન્ટરવ્યૂની કોઈ પ્રેક્ટિસ કરી છે? ના. તેનો આત્મવિશ્વાસ તેની સચ્ચાઈમાંથી આવે છે. તેને ખબર છે કે તેણે જે જોયું છે તે જ કહેવાનું છે. તમે પણ તમારા કરેલા કામ પર ભરોસો રાખશો તો પ્રેઝન્ટેશનનો ડર ભાગી જશે.

### મુકબધિર યુવતી

પહેલા પાનાનું ચાલુ

આ કેસમાં ૨૨ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ ઔપચારિક કેસ નોંધવામાં આવ્યો હતો. શરૂઆતમાં યુવતી બોલી અને સાંભળી ન શકતી હોવાને કારણે નિવેદન નોંધવામાં મુશ્કેલી પડી હતી. પોલીસે તેના પિતાની પૂછપરછ કરી, પરંતુ તેમણે કોઈપણ પ્રકારના જાતીય શોષણનો ઇનકાર કર્યો હતો.

જોકે, પિતા તેની પુત્રીની ગર્ભાવસ્થા અંગે કોઈ સંતોષકારક જવાબ આપી શક્યા ન હતા. તેમણે FIR નોંધાવવાનો પણ ઈનકાર કર્યો હતો. કાઉન્સેલિંગ પછી યુવતીએ ફરિયાદ નોંધાવી. જોકે, તે પિતા કે અન્ય કોઈ આરોપીનું નામ જણાવી શકી ન હતી.

પોલીસે તેને ઘણા લોકોની તસવીરો બતાવી. પછી તેના હાવભાવના આધારે એક ૧૬ વર્ષના છોકરા અને એક ૩૨ વર્ષના વ્યક્તિની ધરપકડ કરવામાં આવી હતી. કેસની તપાસ દરમિયાન કુલ ૧૭ શંકાસ્પદ વ્યક્તિઓના DNA અને બ્લડ સેમ્પલ લેવામાં આવ્યા હતા.

આમાં પીડિતાના પિતા, પરિવારના સભ્યો અને પડોશીઓ સામેલ હતા, જેઓ પીડિતાને અવારનવાર મળતા હતા. હવે DNA રિપોર્ટ સામે આવ્યા બાદ પોલીસ તપાસ કરી રહી છે કે આ મામલામાં અન્ય કોઈ વ્યક્તિની ભૂમિકા હતી કે નહીં.

### ઈરાનમાં

પહેલા પાનાનું ચાલુ

અટકાયતનું કારણ બની શકે છે. આવા કિસ્સામાં પૂછપરછ, ધરપકડ અથવા લાંબા સમય સુધી અટકાયતનો ખતરો છે.

જે અમેરિકી નાગરિકો પાસે માન્ય અમેરિકી પાસપોર્ટ નથી, તેમને ઈરાન છોડ્યા પછી નજીકના અમેરિકી દૂતાવાસમાંથી પાસપોર્ટ બનાવવાની સલાહ આપવામાં આવી છે.

અમેરિકી સરકારે સ્પષ્ટ કર્યું છે કે ઈરાનમાં રાજદ્વારી અને કોન્સ્યુલર સંબંધો ન હોવાને કારણે તે પોતાના નાગરિકોને મદદ કરવાની સ્થિતિમાં નથી. અમેરિકાના હિતોનું પ્રતિનિધિત્વ તેહરાનમાં સ્વિટ્ઝર્લેન્ડ દૂતાવાસ કરે છે.

નિયમિત કોન્સ્યુલર સેવાઓ બંધ છે અને પરિસ્થિતિમાં સુધારાના કોઈ સંકેત દેખાતા નથી, તેથી અમેરિકી નાગરિકોને પોતે જ સુરક્ષિત રીતે બહાર નીકળવાની નક્કર યોજના બનાવવાની અપીલ કરવામાં આવી છે.

સુરક્ષા માટે કેટલીક જરૂરી સલાહ પણ આપવામાં આવી છે, જેમ કે પ્રદર્શનો અને ભીડવાળી જગ્યાઓથી દૂર રહો, ફોન હંમેશા ચાર્જ રાખો, પરિવાર સાથે સંપર્ક જાળવી રાખો અને સ્થાનિક મીડિયા પર નજર રાખીને પરિસ્થિતિની માહિતી મેળવતા રહો.

### એકજ દિવસ

પહેલા પાનાનું ચાલુ

જેમાંથી બે ટ્રીલીયન ડોલર ધોવાઇ ગયા છે. છેલ્લા એક મહિનામાં તેમાં ૮૦૦ અબજ ડોલરનું ધોવાણ થઇ ગયું હતું. ચાલુ અઠવાડિયામાં બીટકોઈનમાં ૧૭ ટકાનો જોરદાર ઘટાડો નોંધાયો છે.

ચાલુ વર્ષમાં ૨૮ ટકાનો ઘટાડો નોંધાયો છે. બીજા નંબરની સૌથી મોટી ક્રિપ્ટો કરન્સી એથર માર્કેટ કેપમાં ગઈકાલે એક જ દિવસમાં ૧૩ ટકાનો કડાકો સર્જાયો છે. ચાલુ સપ્તાહમાં ૧૯ ટકા તથા ચાલુ વર્ષમાં ૩૮ ટકાનો કડાકો સર્જાયો છે.

### સુરત મનપના

પેજ-૨ પાનાનું ચાલુ

નેતા પાયલ સાકરિયાએ વોર્ડ નં. ૨ (અમરોલી-મોટાવરાછા-કઠોર)માં સમાવિષ્ટ વેલંજા ગામ, અબ્રામાગામ અને કઠોર ખાતે નવી ગુજરાતી અને અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળા બનાવવાનું આયોજન કરવા જરૂરી કાર્યવાહી પુર્ણ કરાવવા તેમજ વર્ષ- ૨૦૦૬ અને વર્ષ-૨૦૨૦ ના હદ વિસ્તરણ થકી પાલિકાના વિવિધ ઝોનમાં સમાવિષ્ટ સરકારી મિલકતોના બાકી કબજા મેળવીને જુની અને જર્જરિત ઈમારતોને ઉતારી વિસ્તાર, વસ્તી અને વસ્તીના સ્વરૂપને ધ્યાને લઈ, વિવિધ ભાષાની નવી શાળાઓ બનાવવા તેમજ હયાત શાળાઓમાં બાળકોની વેઈટીંગ લીસ્ટની સંખ્યાને ધ્યાને લઈને નવા વર્ગખંડો વધારી બાળકોને નજીકના સ્થળે સુલભ, સરળ અને અત્યંત શ્રેષ્ઠ શિક્ષણ મળી રહે તે મુજબ વ્યવસ્થા ગોઠવવાનું આયોજન કરવા કાર્યવાહી પુર્ણ કરવા જણાવ્યું હતું.સુરત મનપા સંચાલિત તમામ પ્રાથમિક શાળાઓના વર્ગખંડોમા, તેમજ શાળાઓના સંલગ્ન પેસેજ એરીયા, પાર્કીગ, રમતગમત, પ્રાર્થના ખંડ તથા ભોજન ખંડમાં સીસીટીવી કેમેરા લગાડવાનું આયોજન કરવા આગામી બજેટમાં જરૂરી ખર્ચના અંદાજો મંજુર કરી બાળકોની સુરક્ષામાં વધારો કરવા આયોજન કરવા પણ જણાવ્યું હતું. સુરત મહાનગરપાલિકામાં આવેલ વિવિધ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓ તેમજ માધ્યમિક શાળાઓમાં થતી ગેરરીતીઓ અને અવ્યવસ્થાઓની ફરિયાદ કરવા જીસ્ઝ ના કેમ્પલેન પોર્ટલ પર અલગથી વિશેષ કેટેગરી ઉમેરી તેમાં શિક્ષણ, સ્વચ્છતા, સંસાધનો, સુરક્ષા તેમજ શૈક્ષણિક તથા વહીવટી સ્ટાફની અનિયમિતતા અંગે ફરિયાદ કરવાની વ્યવસ્થા કરવા આગામી બજેટમાં સમાવેશ કરી તે અંગે જરૂરી ખર્ચના અંદાજો મંજુર કરી પારદર્શક શિક્ષણ વ્યવસ્થા ઉભી કરવા માંગ કરી હતી.

### યુનિવર્સિટીમાં

પેજ-૨ પાનાનું ચાલુ

હતો.કાર્યક્રમના આરંભે ડૉ. એમ.એન. ગાયકવાડે માસિક સ્વચ્છતા અંગે સમાજમાં જાગૃતિ ફેલાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. ત્યારબાદ ડૉ. નેહલ શાહેદ્રશ્ય-શ્રાવ્યના માધ્યમ દ્વારા માસિક સ્વાસ્થ્ય અંગેની વૈજ્ઞાનિક સમજ, સામાજિક ભ્રમણાઓ દૂર કરવાની પ્રક્રિયા તથા સમુદાય આધારિત કાર્યના મહત્વ વિષે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. આ સાથે તેમણે વિદ્યાર્થીઓને મેનસ્ટ્રુઅલ એજ્યુકેટર બનવા માટે જરૂરી કુશળતાઓ અંગે પણ માહિતી આપી હતી.સમગ્ર કાર્યક્રમનુ સંયોજન અને આયોજન એમ.એસ.ડબલ્યુ પ્રોગ્રામના અધ્યાપક ડૉ. નવીનકુમાર રોહિતે કર્યું હતું. અંતે સહભાગી વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો તથા મેનસ્ટ્રુપીડિયા બુકલેટ્સ આપવામાં આવ્યા હતા.સમગ્ર કાર્યક્રમનું એન્કરીંગ પાર્વતી રાઠવા અને વંદિતા શાસ્ત્રીએ સફળતાપૂર્વક કર્યું હતું.વર્કશોપના અંતે સેમેસ્ટર-૪ની વિદ્યાર્થીની ઉર્વશી પટેલે આભારવિધિ વ્યક્ત કરી હતી.

### શ્રી સ્વામીનારાયણ

પેજ-૨ પાનાનું ચાલુ

સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.આવતી કાલે વહેલી સવારે મંગળા આરતીથી દ્વિતીય દિવસના કાર્યક્રમોનો શુભારંભ થશે. શ્રી ઘનશ્યામ મહારાજનું ષોડશપચારથી પૂજન-અર્ચન કરવામાં આવશે. સંતો-ભક્તોએ અંતરના ભાવથી તૈયાર કરેલ અન્નકૂટ ધરાવવામાં આવશે. આ અવસરે પ્રવર્તમાન આચાર્યશ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીજી મહારાજના દિવ્ય આશીર્વાદનો તેમજ દર્શન અને મહાપ્રસાદનો અણમોલ લહાવો મળશે. આ શુભ અવસરે પધારવા સૌ ભાવિક ભક્તોને ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવે છે.

### ખાનગી હોસ્પિટલમાં

પેજ-૨ પાનાનું ચાલુ

કહ્યું કે, સુરતનું આ સેન્ટર સમગ્ર રાજ્યમાં એકમાત્ર સમર્પિત સેન્ટર તરીકે કાર્યરત છે અને સતત પ્રશંસનીય કામગીરી રહ્યું છે. રાજ્ય સરકાર દ્વારા લોકસેવા અર્થે અપાતી મોંઘી દવા, આધુનિક સારવાર અને ટીમ વર્ક થકી આ સેન્ટર હવે દેશભરના હિમોફિલિયા દર્દીઓની પ્રથમ પસંદ બની રહ્યું છે. વર્ષ ૨૦૨૫ દરમિયાન નવી સિવિલ હોસ્પિટલ, સુરત ખાતે હિમોફિલિયા દર્દીઓની અંદાજે ૧૭ મેજર સર્જરીઓ સફળતાપૂર્વક કરવામાં આવી હતી.

### પરીક્ષાઓ

પેજ-૨ પાનાનું ચાલુ

મોટા આયોજનો પાછળ ૧૫ થી ૩૦ દિવસથી વધુ તૈયારી તડામાર ચાલતી હોય છે. જે સ્થળ, જગ્યાની પસંદગી કરવામાં આવી હોય તેની આસપાસ તૈયારીનો માહોલ, જાહેરાત, મીટીંગો, ભૂંગળા માથા ઉપર મૂકવામાં આવે છે. કથાઓ કે ઉજવણીના સ્થળ આસપાસના રહીશો ભારોભાર મુશ્કેલીમાં અને સમસ્યાના ત્રાસનો સામનો કરતાં હોય છે. વિદ્યાર્થી જગતની કારકિર્દી ઉપર જોખમ ઉભું થાય છે. ધાર્મિક મેળાવડા, ઉજવણી હોય લોકો મૌન, સહન કરવાનું પસંદ કરે છે. કાયદા વિરૂદ્ધ સમય મર્યાદા પછી ભૂંગળા વાગતા હોય તો પણ જાહેરમાં બોલી શકાતું નથી. મોટી કથાઓ, ઉજવણીના દિવસોએ આયોજકો મોટી સંખ્યામાં લોકો આવી શકે તે માટે મફત જમવાની વ્યવસ્થા કરતાં હોય છે. જેથી ગરીબ પ્રજાના પરિવારો આઠ-દસ દિવસનું દુઃખ ભાંગવા સામુહિક ભાગ લેતા હોય છે. ધાર્મિક આયોજક મોટી માનવ-મહેરામણ ઉમટી પડી છે મંડપ ઓછા પડયા તેવી ગુલબાંગો મારે છે. હકિકતે કથા, ઉજવણીમાં ભાગ લેવા કરતાં મફત ભોજન વ્યવસ્થાને આભારી હોય છે.

### વૃદ્ધ માલિકનું મોત

છેલ્લા પાનાનું ચાલુ

આ પ્લોટનો વેચાણ- દસ્તાવેજ ઓલપાડ સબ-રજિસ્ટ્રાર કચેરીમાં નોંધાયેલ જણાયો હતો.જે દસ્તાવેજની નોંધણી સમયે મુખ્ય આરોપી જિતેન્દ્ર ઈશ્વરભાઈ પટેલ(રહે.ઉધના- સુરત શહેર)એ ફરિયાદીના મૃતક પિતાના નામે કોઈ અજાણ્યા શખ્સને પ્લોટના માલિક તરીકે કચેરીમાં ઊભો રાખી તેના પિતાની બોગસ સહીઓ કરાવી પિતાના ફોટાનો ઉપયોગ કરી આ પ્લોટનો વેચાણ- દસ્તાવેજ પોતાના નામે કરાવી લીધો હતો.આ દસ્તાવેજ નોંધણી કૌભાંડમાં જિતેન્દ્ર પટેલે ફરિયાદીના પિતાની ઓળખ આપનાર બે સાક્ષીઓ પૈકી દલપત સોમાભાઈ પટેલ (રહે.મોરાભાગળ,સુરત)તથા હિતેન્દ્ર મણીલાલ પટેલ (રહે.અડાજણ, સુરત)પાસે સાક્ષી તરીકે સહીઓ કરાવી મૃતક વ્યક્તિની ખોટી ઓળખ આપી મદદગારી કરી હોવાનું પ્રકાશમાં આવ્યું હતું. જેથી ફરિયાદી પંકજભાઈ ચૌહાણે દસ્તાવેજ નોંધણી સમયે પિતા તરીકે ઉભો રહેનાર એક અજાણ્યો ઈસમ, મુખ્ય આરોપી જિતેન્દ્ર પટેલ તેમજ દસ્તાવેજમાં સહીઓ કરનાર બંન્ને સાક્ષીઓ વિરૂધ્ધ ઓલપાડ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.જેના પગલે પોલીસે કાયદેસરનો ગુનો નોંધી વધુ તપાસ પીએસઆઇ પી.પી.ચાવડા કરી રહ્યા છે.

### પાલ સ્થિત

આંખ મીંચાયા પછી આત્મસત્તા જ સાથે આવશે. બાલ્યવયમાં હેમચન્દ્રાચાર્ય, બપ્પભટ્ટસૂરિજી અને વ્રજસ્વામીજી જેવા મહાત્માઓએ જૈન શાસનનું નામ રોશન કર્યું છે. બાલ્યવયમાં દીક્ષિત થનારાઓ પ્રભુના શાસનને સર્વત્ર ચમકાવે છે. પરમાત્માના સંસારી જીવનમાં ઘણું બધું સામર્થ્ય હતું. અપાર શક્તિ હતી. જાન જોડીને લગ્ન કરવા માટે નીકળેલા નેમિકુમારે પશુઓનો પોકાર સાંભળીને રથને પાછો વાળ્યો હતો. પશુઓને મુક્ત કર્યા હતા. કોઇને મારીને ખુશ થવું તે ક્રૂરતાની પરાકાષ્ઠા છે. જીવનમાં સારા અને નબળા એમ બંને નિમિત્ત મળતાં હોય છે. સારા નિમિત્તોનો સથવારો સદગતિ આપે છે પણ નબળા નિમિત્તો દુર્ગતિની ભેટ આપે છે. સંસારમાં ક્યાંય સુખ નથી. સંસાર દુઃખોનો દરિયો છે. સંયમ એટલે સર્વસ્વીકારભાવ. વેલકમ કરતાં શીખશો તો સહુને વહાલા થશો. સુખોને વેલકમ તો ઘણું કર્યું હવે દુઃખોને વેલકમ કરો.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

# ટેકનીશીયનો અને એન્જીનીયરોનો વેસુ ડીજીવીસીએલ કચેરી પર મોરચો

## રાંદેર અને અડાજણ ડિવિઝનના ટેકનીકલ કર્મચારીઓની આડેધડ બદલી કરી દેવાતા ભારે વિરોધ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત,તા.૦૬**

ડીજીવીસીએલમાં કામ કરતા ટેકનીશીયનો સહિત એન્જીનીયરોની આડેધડ બદલી કરી દેવાના વિરોધમાં આજે અલથાણ વેસુ ખાતે આવેલી મુખ્ય કચેરી ખાતે ૧૫૦થી વધુ ડીજીવીસીએલના કર્મચારીઓ મોરચો લઇ ગયા હોવાનું સુત્રો પાસેથી જાણવા મળ્યું છે. ટેકનીકલ સ્ટાફ અને એન્જીનીયરોની માંગણી છે કે તેઓ જે જગ્યા પર વર્ષોથી કામ કરી રહયા છે તે વિસ્તારની એક એક લાઇન અને વીજ જોડાણોથી વાકેફ હોય તેમની દુર દુર બદલી કરી દેવાતા તેમને કામગીરીમાં અવરોધ આવી રહયો છે. જે-તે સ્થળે ફરજ બજાવતા કર્મચારીઓને આડેધડ બદલી ન કરી તેમની શાંતિ પુર્વક કામગીરી કરવા દેવાની માંગણી કરવામાં આવી છે.

પ્રાપ્ત વિગત અનુસાર રાંદેર અને અડાજણ ખાતેની ડિવિઝન ઓફીસમાં કામ કરતા કર્મચારીઓ, ટેકનીશીયનો તેમજ એન્જિનીયરો આજે વેસુ ખાતે આવેલી ડીજીવીસીએલ કચેરીએ મોરચો લઇ ગયા હતા. ટેકનીકલ સ્ટાફ દ્વારા રજુઆત કરવામાં આવી હતી કે તેઓ જે સ્થળે ફરજ બજાવી રહયા છે ત્યાંથી તેમને દૂર દુર બદલી કરી દેવાઇ છે. જેને કારણે તેમને નવા વિસ્તારની લાઇનો તેમજ જોડાણો અંગે માહિતી મેળવતા મુશ્કેલીઓ આવી રહી છે. વર્ષોથી જે - તે વિસ્તારમાં કામ કરતા કર્મચારીઓ અને ટેકનીકલ સ્ટાફને તેમના સ્થળે જ રાખવાની માંગ કરવામાં આવી હતી.

જે ટેકનીકલ સ્ટાફ ડિવિઝન વાઈસ ફરજ બજાવે છે. તેને છેવાડાના વિસ્તારોમાં બદલી કરી મોકલી દેવાતા નવા વિસ્તારમાં કામગીરીમાં અનેક અડચણો આવી રહી છે.



સુરતના પાલ સ્થિત 'વીર અમન્તા' ખાતે આવેલા શ્રી નેમિનાથ જિનાલયની અંજન શલાકા- પ્રતિષ્ઠા નિમિત્તે જૈનાચાર્ય પૂ. વૈરાગ્યવારિધિ કુલચન્દ્રસૂરિજી મહારાજની પાવન નિશ્રામાં આજે સવારે ૬.૩૦ કલાકે પ્રતિષ્ઠા અને સવારે ૯.૦૦ કલાકે દીક્ષા અને પંન્યાસ પદવી યોજાઈ હતી અને મુમુક્ષુ ચેતનભાઈ, મુમુક્ષુ આંચલબેન અને બાળ મુમુક્ષુ તુષ્ટિબેનની દીક્ષા વિધિ પૂર્ણ થઈ હતી.

# નિયોલમાં ૨૮.૭૮ ગ્રામ ગાંજા સાથે પરપ્રાંતિય યુવક ઝબ્બે

## સારોલી પોલીસે બાતમીના આધારે મહેશ દાસ સાહુને ઝડપી પાડ્યો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત,તા.૦૬**

શહેર પોલીસ કમિશનર અનુપમસિંહ ગહલૌત દ્વારા શરૂ કરાયેલા "NO DRUGS IN SURAT CITY" અભિયાન અંતર્ગત સારોલી પોલીસે બાતમીના આધારે ૨૮.૭૮ ગ્રામ ગાંજાના જથ્થા સાથે એક શખ્સની ધરપકડ કરી છે.

સારોલી પોલીસ સ્ટેશનના પી.આઈ. એસ.આર. વેકરીયા અને તેમની ટીમ પેટ્રોલિંગમાં હતી, તે દરમિયાન હેડ કોન્સ્ટેબલ વિલેશભાઇ જસવંતભાઈને ચોક્કસ બાતમી મળી હતી કે એક ઈસમ ગાંજાના જથ્થા સાથે નિયોલ ચેકપોસ્ટ પાસેથી પસાર થનાર છે. બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી મહેશદાસ પ્રેમદાસ સાહુ (ઉ.વ. ૪૧, રહે. વેસુ, મૂળ રહે. છત્તીસગઢ) ને ઝડપી પાડ્યો હતો.

પોલીસે આરોપી પાસેથી ૨૮.૭૮ ગ્રામ ગાંજો (કિંમત રૂ. ૧,૪૩૯/-) જપ્ત કર્યો છે. પૂછપરછમાં જાણવા મળ્યું કે આરોપી આ જથ્થો છત્તીસગઢના એક અજાણ્યા ઈસમ પાસેથી લાવ્યો હતો, જેને પોલીસે વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ હાથ ધરી છે.

# પાલ સ્થિત વીર અમન્તા ખાતે ત્રણ મુમુક્ષુઓનો દિક્ષા સમારંભ

## જૈનાચાર્ય કુલચંદ્રસુરિજી મહારાજની નિશ્રામાં દીક્ષા અને પંન્યાસ પદવી અર્પણ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૬**

સુરતના પાલ સ્થિત 'વીર અમન્તા' ખાતે આવેલા શ્રી નેમિનાથ જિનાલયની અંજન શલાકા- પ્રતિષ્ઠા નિમિત્તે જૈનાચાર્ય પૂ. વૈરાગ્યવારિધિ કુલચન્દ્રસૂરિજી મહારાજની પાવન નિશ્રામાં . ૬ ફેબ્રુઆરીના સવારે ૬.૩૦ કલાકે પ્રતિષ્ઠા અને સવારે ૯.૦૦ કલાકે દીક્ષા અને પંન્યાસ પદવી યોજાઈ હતી અને મુમુક્ષુ ચેતનભાઈ, મુમુક્ષુ આંચલબેન અને બાળ મુમુક્ષુ તુષ્ટિબેનની દીક્ષા વિધિ નો પ્રારંભ તા બાલ્ય અને યૌવનવયમાં સાધનાના માર્ગને સ્વીકારનારા મહાન છે. એક બાજુ ભોગવાદ, ભૌતિકવાદ અને યન્ત્રાવાદે ભલભલાના હીર, નૂર, ઓજ અને તેજને ખતમ કરવામાં કંઈ બાકી રાખ્યું નથી તો બીજી બાજુ સંયમમાર્ગે જવા માટે યુવાવર્ગ થનગનાટ અનુભવી રહ્યો છે. ચારિત્રનો માર્ગ એ કંઈ ખાવાનો ખેલ નથી પણ ખાંડાનો ખેલ છે. છતાં પણ સંસારના તમામ સુખોથી વૈરાગ્ય પામીને યુવાપેઢી ભોગનો માર્ગ છોડીને ત્યાગના માર્ગે પ્રયાણ કરી રહી છે જે આશ્ચર્યકારી ઘટના ગણાય. વિશ્વની અજાયબીઓ કરતાં પણ જૈન શ્રમણનું જીવન અજાયબીવાળું છે. એમ પૂ. જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજે જણાવ્યું હતું. પૂ. આચાર્ય ભગવંતોએ નેમિનાથ વગેરે પ્રભુનો પંચમુષ્ટિ લોંચ કર્યો હતો.

જ્યાં સુધી સાધનાનું સંગીત ભીતરમાં ગુંજતું નથી ત્યાં સુધી આત્મવિકાસની કેડી મળતી નથી. આર્થિક વિકાસ કરતાં પણ આત્મવિકાસ મહત્ત્વનો છે. અર્થસત્તા તો અહીં જ રહેશે. અહીંથી

અનુસંધાન પાના ૭ પર

# સચીન હોજીવાલા ઈન્ડસ્ટ્રીઝ હત્યા કેસમાં ચાર આરોપીનો છૂટકારો

## પુરાવાના અભાવે શંકાના લાભથી આરોપીઓને કોર્ટે છોડી દીધા

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત,તા.૦૬**

સચીન હોજીવાલા ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં જાન્યુઆરી ૨૦૨૦માં થયેલી અમનકુમાર ઉર્ફે રાજ પાંડેની હત્યાના કેસમાં સુરત સેશન્સ કોર્ટે પુરાવાના અભાવે ચાર આરોપીઓને શંકાનો લાભ આપી નિર્દોષ છોડી મૂકવાનો હુકમ કર્યો હતો

ઘટના મુજબ, વર્ષ ૨૦૨૦માં છોકરી સાથે વાત કરવાની બાબતે થયેલી બોલાચાલીમાં આરોપી રાજેન્દ્રસિંહ ઠાકુરને મરણજનારે લાફો માર્યો હતો. જેની અદાવત રાખી રાજેન્દ્રસિંહ, નરેન્દ્રસિંહ, સંજીવસિંહ અને સતીશસિંહે ભેગા મળી અમનકુમાર પર ચપ્પુ અને લોખંડના પંચ વડે જીવલેણ હુમલો કરી તેની હત્યા નિપજાવી હોવાનો પોલીસ ફરિયાદમાં આક્ષેપ હતો.

આ કેસની સુનાવણી દરમિયાન બચાવ પક્ષના એડવોકેટ પી.ટી. રાણા અને જીત એચ. પટેલવાલાએ દલીલ કરી હતી કે આરોપીઓ વિરુદ્ધ કોઈ નક્કર પુરાવા નથી અને તેમને ખોટી રીતે સંડોવવામાં આવ્યા છે. કોર્ટે નોંધ્યું કે ફરિયાદ પક્ષ પોતાનો કેસ નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ રહ્યો છે. પરિણામે, કાયદાકીય જોગવાઈઓ અને પુરાવાના અભાવે કોર્ટે તમામ આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા છે.

# ચેક રિટર્નના બે કેસમાં એક જ આરોપીને એક-એક વર્ષની કેદ

## ફરિયાદીને વળતર ચૂકવી દેવા આરોપીને હુકમ કરતી કોર્ટ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૬**

નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટના ૨ અલગ અલગ કેસમાં મહારાષ્ટ્ર, મુંબઈના રહીશ વિનયકુમાર તિવારીને બંન્ને કેસમાં કોર્ટે કસૂરવાર ઠેરવી ૧--૧ વર્ષની સાદી કેદની સજા ફટકારી હતી,

આ કેસની વિગત અનુસાર ગામ નવી પારડી, તા.કામરેજ પર આવેલ લાઈટકોન ઇન્ડસ્ટ્રીયલ પ્રા.લિ.કંપની જે બિલ્ડીંગ મટીરીયલના ધંધા સાથે સંકળાયેલા છે, અને આરોપી વિનય એન્ટપ્રાઈઝના પ્રોપરાટર વિનયકુમાર રામકૃષ્ણ તિવારીએ ફરીયાદી કંપની પાસેથી એ.એ.સી બ્લોકની ખરીદી કરી હતી. જેના બાકી નાણાંની ચુકવણી માટે આરોપી વિનયકુમાર રામકૃષ્ણ તિવારીએ ફરીયાદી કંપની લાઇટકોન ઈન્ડસ્ટ્રીયલ પ્રા.લિ. કંપનીને ચેકો આપ્યા હતા. જે પરત ફરતા ફરીયાદી લાઇટકોન ઈન્ડસ્ટ્રીયલ પ્રા.લિ. કંપનીના આથોરાઈઝ પર્સન ડો. રાજેશભાઈ બાબુભાઈ નારીયાએ સુરતના જાણીતાં એડવોકેટ નરેશ નાવડીયા, ભાવેશ નાવડીયા, સંદીપ માંગુકીયા દ્વારા કોર્ટમાં ૨(બે) ફરીયાદ દાખલ કરેલ.જેમાં આરોપીએ બચાવમાં કોઈ સ્પષ્ટ માની શકાય તેવો બચાવ લેવામાં આવેલ નહી. જેમાં નામદાર હાઈકોર્ટ, સુપ્રીમકોર્ટના જજમેન્ટને ધ્યાને લઈને આરોપીનો બચાવ માન્ય નહી રાખી કોર્ટએ હુકમમાં તારણ કર્યું હતું કે, આરોપી દ્વારા ફરીયાદીના કથનો કે પુરાવા બાબતે કોઈ બચાવ માની શકાય તેવો લેવામાં આવેલ નથી. કોર્ટે બંને પક્ષની દલીલો આરોપી વિનય એન્ટપ્રાઈઝના પ્રોપરાટર વિનયકુમાર રામકૃષ્ણ તિવારીને તકસીરવાર ઠરાવી બંન્ને કેસોમાં ૨ (બે) અલગ અલગ કેસોમાં ૧ (એક) વર્ષની કેદની સજા, અને રૂા.૧૧,૩૫, ૫૩૪/-ફરીયાદીને વળતર તરીકે ચુકવવાનો હુકમ કર્યો હતો.

# સુરતથી દિલ્હી જતી ફ્લાઈટ ૧૦ કલાક લેટ પડતા હોબાળો

## એરલાઈન્સે કોઈ સુવિધા પૂરી નહીં પાડતા મુસાફરોમાં રોષ ફાટી નીકળ્યો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૬**

હીરાનગરી સુરતના આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ભારે હોબાળાના દ્રશ્યો જોવા મળ્યા હતા. એર ઈન્ડિયા એક્સપ્રેસની સુરતથી દિલ્હી જતી ફ્લાઇટ ટેકનિકલ ખામીના કારણે અટવાઈ પડતા મુસાફરોએ એરપોર્ટ પર ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યું હતું. ફ્લાઈટ નિર્ધારિત સમય કરતા ૧૦ કલાક જેટલી મોડી થતા અને એરલાઇન્સના સ્ટાફ તરફથી સંતોષકારક જવાબ ન મળતા મુસાફરોનો પિત્તો ગયો હતો.

સુરતથી દિલ્હી જતી એર ઈન્ડિયા એક્સપ્રેસની ફ્લાઇટમાં અચાનક ટેકનિકલ ખામી સર્જાતા તેને ગ્રાઉન્ડ કરવામાં આવી હતી. કલાકો સુધી રાહ જોયા બાદ પણ જ્યારે ઉડાન અંગે કોઈ સ્પષ્ટતા કરવામાં ન આવી, ત્યારે મુસાફરોનો સંયમ ખૂટ્યો હતો.

એરપોર્ટ પર મુસાફરો અને એરલાઈન્સના કર્મચારીઓ વચ્ચે ઉગ્ર દલીલો થઈ હતી. મુસાફરોએ સ્ટાફનો ઉધડો લેતા સવાલો કર્યા હતા કે, જો ફ્લાઇટ રિ-શેડ્યુલ થઈ છે, તો બીજી ફ્લાઇટની વ્યવસ્થા કેમ નથી? તમારી પાસે આખા ભારતમાં શું એક જ ફ્લાઇટ છે? અમને રિફંડ કે હોટલની સુવિધા નથી જોઈતી, અમને અત્યારે જ બીજી ફ્લાઇટની ટિકિટ આપો વગેરે દલીલો કરી હતી.

# મુન્ના ઓલપાડીને ત્યાં આયકર વિભાગના દરોડા બે દિવસમાં પૂર્ણ

## ગજેરાબંધુઓ પાસેથી જપ્ત કરાયેલા દસ્તાવેજોની ઊંડી ચકાસણી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૬**

ડેપ્યુટી ડીરેક્ટોરેટ ઓફ ઈન્કમટેક્ષ દ્વારા લક્ષ્મી ડાયમંડ વસંત ગજેરા સહિત રીયલ એસ્ટેટ ગ્રુપો પર ચાલેલી સાત દિવસીય તપાસ આટોપી તો લેવાઇ છે પણ હવાલા કીંગ મુન્ના ઓલપાડીને ત્યાં માત્ર બે જ દિવસમાં તપાસનું પીડલું વાળી દેવાયું હોય તે અંગે અનેક ચર્ચા જાગી છે. ઈન્કમટેક્ષના અધિકારીઓ દ્વારા જુનો મોમેન્ટો ટાવરમાં ઓફીસ ધરાવતા અને દુબઇ સુરત વચ્ચે હવાલાનું નેટવર્ક ચલાવતા મુન્ના ઓલપાડીને ત્યાં કેમ બે જ દિવસમાં તપાસ પુર્ણ કરી દેવાઇ તે અંગે અનેક તર્ક વિતર્ક ઉભા થવા સાથે અનેક ચર્ચાઓ ચાલી રહી હોવાનું સુત્રો જણાવી રહ્યા છે.

લક્ષ્મી ડાયમંડ વસંત ગજેરાને ત્યાં ૭ દિવસ સુધી ચાલેલું સર્ચ ડીડીઆઇ વિંગ દ્વારા પુર્ણ કરી મહત્વના દસ્તાવેજોનું હાલ એનાલીસીસ કરવામાં આવી રહયું છે. આ તપાસ પુર્ણ થઇ ગઇ છે. જોકે ઈન્કમટેક્ષ વિભાગે જેનું નામ ખુબ ચર્ચાયું છે તે આ તપાસમાં આવરી લેવાયેલા મુન્ના ઓલપાડીને ત્યાં માત્ર ૨ જ દિવસમાં તપાસ પુર્ણ કરી દીધી હતી. આવકવેરા વિભાગ દ્વારા મોટો ટાર્ગેટ ધારીને ચાલેલી તપાસનો ધમધમાટ અઠવાડીયું રહયો હતો. અંદાજે ૧૫૦૦ કરોડ જેટલા વ્યવહારો, રોકાણો અને હવાલા મુદ્દે આ તપાસ ચાલી હતી ત્યારે મુન્ના ઓલપાડી કે જેને હવાલા અને સટ્ટાના કિંગ તરીકે મોટુ ગજુ ગણવામાં આવી રહયું છે તેને ત્યાં માત્ર ૨ જ દિવસમાં તપાસ પુર્ણ કરી દેવાઇ હતી.

# લોસ ઘટતી હોય તો લોસનું રિટર્ન અપડેટ કરી શકાશે : મુકેશ પટેલ

## ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા પોસ્ટ બજેટ એનાલિસિસ યોજાયું

**સુરત, તા.૬**

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા મંગળવાર, તા. ૩ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ સાંજે ૫:૩૦ કલાકે, સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે પોસ્ટ બજેટ એનાલિસિસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં અમદાવાદના જાણીતા એડવોકેટ શ્રી મુકેશ પટેલે યુનિયન બજેટનું વિશ્લેષણ કર્યું હતું.

એડવોકેટ શ્રી મુકેશ પટેલે જણાવ્યું હતું કે, કેન્દ્રિય નાણાં મંત્રી દ્વારા લોકસભામાં રજૂ કરાયેલા સામાન્ય બજેટમાં TDS (ટીડીએસ) અને TCS (ટીસીએસ)ના નિયમોને વધુ સરળ અને સ્પષ્ટ બનાવવામાં આવ્યા છે. હવે એક જ લેવડદેવડ પર ડબલ ટેક્સ લાગશે નહીં, જે ઉદ્યોગ જગત અને કરદાતાઓ માટે રાહતભર્યું પગલું છે. નાણાં મંત્રીએ TDS અને TCS માટે રેશનલાઈઝેશનની જોગવાઈઓ કરીને ટેકસ સિસ્ટમને વધુ વ્યવહારુ બનાવી છે.

તેમણે જણાવ્યું હતું કે, ઇન્કમ ટેકસમાં પણ અનેક મહત્વપૂર્ણ પ્રોવિઝન લાવવામાં આવ્યા છે. રિવાઇઝ રિટર્ન, અપડેટેડ રિટર્ન તેમજ રિટર્ન ફાઈલિંગ સંબંધિત જે નવા પ્રોવિઝન લાવવામાં આવ્યા છે, તેમાં અગાઉની જોગવાઈઓમાં પણ જરૂરી સુધારા કરવામાં આવ્યા છે.

નાણાં મંત્રીએ અપડેટેડ રિટર્ન બાબતે બે મહત્વપૂર્ણ સુધારા કર્યા છે. અત્યાર સુધી જો કોઈ કરદાતાએ લોસનું રિટર્ન ભર્યું હોય તો તે અપડેટેડ રિટર્ન ભરી શકતા ન હતા, પરંતુ હવે તેમાં સુધારો કરીને એવી જોગવાઈ કરવામાં આવી છે કે જો લોસમાં ઘટાડો થતો હોય તો લોસનું રિટર્ન પણ અપડેટ કરી શકાશે. લોસ ઘટાડીને અપડેટેડ રિટર્ન ભરવાની આ જોગવાઈ આવકારદાયક હોવાનું તેમણે જણાવ્યું હતું.

તેમણે કહ્યું હતું કે, અત્યાર સુધી રી–એસેસમેન્ટની નોટિસ આવી ગયા બાદ અપડેટેડ રિટર્ન ભરી શકાતા ન હતા, પરંતુ આ બાબતમાં પણ નાણાં મંત્રીએ કરદાતાઓને રાહત આપી છે. હવે ટેકસ સિસ્ટમમાં પ્રિવિયસ ઈયર અને એસેસમેન્ટ ઈયરની પ્રક્રિયા દૂર કરવામાં આવશે અને માત્ર ફાઇનાન્શિયલ ઈયર જ લાગુ રહેશે. ફાઇનાન્શિયલ ઈયર ૨૦૨૬–૨૭થી નવો કાયદો અમલમાં આવશે, આથી ટેક્સ પ્રોફેશનલ્સને હવે ૨૦૨૬–૨૭ બે રીતે સમજવું પડશે. ૧૯૬૧ના ઈન્કમ ટેકસ એકટ મુજબનું એસેસમેન્ટ ઈયર અને ૨૦૨૫ના નવા ઈન્કમ ટેકસ એકટ મુજબનું ફાઇનાન્શિયલ ઈયર એમ બંને વ્યવસ્થાને સમજવી આવનારા સમયમાં જરૂરી બનશે તેમ તેમણે વધુમાં જણાવ્યું હતું. ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ સ્વાગત સંબોધન કર્યું હતું. ચેમ્બરના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદીએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. ચેમ્બરની ઈન્કમ ટેકસ કમિટીના ચેરમેન સીએ પ્રજ્ઞેશ જગાશેઠે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. ચેમ્બરના તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલા તથા પૂર્વ પ્રમુખો શ્રી અમરનાથ ડોરા અને શ્રી રમેશ વઘાસિયા, ઉદ્યોગ સાહસિકો અને પ્રોફેશનલ્સ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહયા હતા.

# વૃધ્ધ માલિકનું મોત થતા ખોટો દસ્તાવેજ બનાવી પ્લોટ હડપવાનું કૌભાંડ

## મુંબઈના વૃધ્ધે ખરીદેલો પ્લોટ સુરતના ચાર શખ્સો એ મૃતકના નામથી બોગસ દસ્તાવેજ કરાવ્યો

**સુરત, તા.૬**

ઓલપાડ તાલુકા ના કાંઠા વિસ્તારના વેલુક ગામમાં મુંબઈના વૃદ્ધના મોતના એક વર્ષ બાદ એન.એ.પ્લોટ પચાવી પાડવાનું ચોંકાવનારૂ કૌભાંડ સામે આવ્યું છે.મુખ્ય આરોપીએ મૃતક વૃદ્ધના નામે કોઈ અજાણ્યા શખ્સને ઊભો કરી કિંમતી પ્લોટનો બોગસ વેચાણ-દસ્તાવેજ કરાવી લીધો હોવાની જાણ મૃતકના પુત્રને ૧૦ વર્ષ પછી થતા તેમણે ઓલપાડ પોલીસ સ્ટેશનમાં ચાર શખ્સો સામે ઓલપાડ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. ઓલપાડ તાલુકાના વેલુક ગામની સીમમાં બ્લોક નં.૫૪૪ ની બિનખેતીની જમીન બાનુ ગુલામ મહંમદ ની માલિકીની હતી. આ જમીનમાં 'જળદર્શન નગર-૨' નામથી રેસીડેન્સી પ્લોટ પાડવામાં આવ્યા હતાં.જે પ્લોટો પૈકી પ્લોટ નં. ૨૩૮ મુંબઈના કાંદિવલીમાં રહેતા ૬૨ વર્ષીય પંકજભાઈ બ્રિજભૂષણ ચૌહાણ ના પિતા બ્રિજભૂષણ ડાહ્યાભાઈ ચૌહાણે સને:૧૯૯૫ માં ખરીદતા પિતાએ પ્લોટના વેચાણ-દસ્તાવેજની નોંધણી ઓલપાડ સબ-રજિસ્ટ્રાર કચેરીમાં કરાવી હતી.આ વૃદ્ધ બ્રિજભૂષણભાઈનું ગત તા.૨૨/૦૯/ ૨૦૧૫ ના રોજ અવસાન થયું હતું. ત્યારબાદ આ પ્લોટ પંકજભાઈની માલિકીનો હોવા છતાં તેમણે વારસાઈ કરાવી ન હતી.આ પ્લોટ બાબતે સુરત શહેરમાં રહેતા સમીર શેખ નામના મિત્રએ પંકજભાઈને જાણ કરી હતી કે,તમારા પ્લોટનો વેચાણ- દસ્તાવેજ થઈ ગયેલ છે.જેથી ફરિયાદી પંકજભાઈએ રેવન્યુ રેકોર્ડની તપાસ કરતાં માલૂમ પડ્યું હતું કે,ગત તા.૦૯/૦૯/૨૦૧૬ ના રોજ એટલે કે પિતાના અવસાનના એક વર્ષ બાદ

અનુસંધાન પાના ૭ પરચ


## જાહેર જનતાને જોગ

**આથી આ જાહેર નોટિસ આપીને હું નવરતન મલ ભેરૂદાન મહનોત તથા હમારી પત્ની મંજુ નવરતન મલ ભેરૂદાન મહનોતનાઓ જાહેર જનતાને જણાવવા માંગીએ છીએ કે હમારા પુત્ર નામે રુષભ નવરતન મલ ભેરૂદાન મહનોત તથા પુત્રવધુ નામે કૃપા રુષભ મહનોત અને તેઓની દીકરી એટલે કે હમારી પૌત્રી નામે દેવીશા રુષભ મહનોતનાઓને હમારી જંગમ તથા સ્થાવાર માલ-મિલકત માંથી તેઓના જે કઈ આપવાનું હતું તે તમામ હક્ક-હિસ્સો તેઓને આપી દીધેલ છે જેથી હવે પછીથી હમોની માલ-મિલકતમાં તેઓનો તથા તેઓના વંશ-વારસોનો કોઈ પણ પ્રકારનો હક્ક-હિસસો રહેતો નથી. વધુમાં, ભવિષ્યમાં હમોના પુત્ર, પુત્રવધુ તથા પૌત્રિના કોઈ પણ પ્રકારના લેણા કે દેવા સામે તેમજ કોઈ પણ પ્રકારની ગેરકાયદેસરની પ્રવૃત્તિમાં હમોની કે હમારી પત્નીની કોઈ પણ પ્રકારની જવાબદારી થતી નથી જેથી કોઈ પણ વ્યક્તિએ તેઓ સાથે કોઈ પણ પ્રકારનો નાણાંકીય વ્યવહાર પોતાની જવાબદાયરીએ કરવો જેમાં હમોની કે હમારી પત્નીની કોઈપણ જવાબદાયરી રહેશે નહીં**

**સ્થળઃ સુરત**
**તાઃ૦૬-૦૨-૨૦૨૬**

**નવરતન મલ ભેરૂદાન મહનોત**
**મંજુ નવરતન મલ ભેરૂદાન મહનોતન**

**મારી મારફત**
**ચિરાગ પી. મહેતા (એડવોકેટ)(બી.કોમ.એલએલ.બી)**
**ઓફિસ સરનામુંઃ ૪૧૩-એ, શિવેન શોપર્સ, ગંગેશ્વર મહાદેવ મંદિર સામે. અડાજણ પોલીસ સ્ટેશન પાસે, અડાજણ, સુરત.મો. ૯૯૦૧૬-૭૫૭૨૨**


